પ્રથમાવૃત્તિ
વિ. સં. ૧૯૯૪
સંવત્સરી મહાપર્વ

પ્રત ૧૦૦૦
વીર સં. ૨૪૬૪

ચોર્યાશી લાખ યોનિમાં, ભમતાં શુભ કર્મથી;
મનુષ્ય જન્મ પામ્યો તું, આ ને રત્ન ગુમાવતો.

મુદ્રક :
રમણલાલ પી. કોઠારી
વીરવિજય પ્રી. પ્રેસ
સાગરની ખડકી
રતન પોળ, અમદાવાદ.

અર્પણ

हेमपुञ्ज महादीप्ति, फुल्लाब्जेव वदिनीम् ।
धरणौ रतां नित्य, नमामि मम मातरम् ॥
'बाल हर्ष'

સ્વ. પૂજ્ય માતુશ્રી હેમકુંવરની
પુણ્ય સ્મૃતિમાં ફુલ નહિ તો ફુલની પાંખડી
આ મારી ક્ષુદ્ર કૃતિ અર્પણ કરૂં છું.
સદાનો ઋણિ
'બાલ હર્ષ'

સંપાદકની નોંધ



'જૈનપ્રકાશ'માં ત્રૂટક ત્રૂટક પ્રકાશિત થયેલ કથાઓનો આ સંગ્રહ પુસ્તક રૂપે બહાર પાડવાની શ્રી. સ્થાનકવાસી મહાવીર જૈન યુવક મંડળ ખંભાતના સેક્રેટરીઓ તરફથી માંગણી કરવામાં આવી અને 'જૈન તત્ત્વનું નૂતન નિરૂપણ' પ્રકાશિત થયા બાદ આવા પ્રકાશનોનું સ્વાગત સમાજમાં સારા પ્રમાણમાં થશે એવી ખાત્રી થતાં આ પુસ્તિકા સમાજ સમક્ષ રજુ કરી છે. આશા જ નહિ પરંતુ પૂર્ણ વિશ્વાસ છે કે સમાજ આ પ્રકાશનને સંપૂર્ણ પ્રેમપૂર્વક આવકારશે.

આ પુસ્તિકાનું નામ 'પ્રાયશ્ચિત કોને અને બીજી કથાઓ' રાખ્યું છે. 'પ્રાયશ્ચિત કોને?' એ મૂળ કથા હિંદીમાં 'શિરીષકુમાર'ના ઉપનામથી લખાયેલ છે. તેનું ગુજરાતી ભાષાંતર અત્રે રજુ કરવામાં આવેલ છે. મૂળ હિંદીમાં પુસ્તિકારૂપે પ્રગટ થાય તે પહેલાં જ ગુજરાતીમાં ભાષાંતર થઈ પ્રકાશિત થાય છે એજ બતાવે છે કે કથામાં રહેલું કથાનક કંઈક હૃદયંગમ જરૂર છે. આ કથાની મૂળ વસ્તુ બહુ જ સામાન્ય છે. માનવ હૃદયની ક્રમિક ભૂમિકાના વિકાસનો એ સાંગ ઇતિહાસ છે. સામાન્ય રીતે 'જન'માંથી જૈન બને એ જૈનત્વ-ની બે પર્યાય-જ્ઞાન અને ક્રિયા, અહિંસા અને સત્ય અર્થાત 'સિંહ' અને 'ગરૂડ'રૂપી બે શક્તિ પર્યાય. એ બન્ને શક્તિપર્યાયનું ઇચ્છાપૂર્વકનું સુસંપાદન કરવું તેનું નામ 'જૈનત્વ'. 'જૈન' પછી 'શ્રાવક' બને. શ્રાવક એટલે શ્રવણનો અધિકારી. એ અધિકાર કંઈ જેવો તેવો નથી. સાધુત્વની પૂર્વ પીઠિકા-'દેશ સાધુત્વ'ની એ ભૂમિકા. કર્મ અને આત્માના સંયોગ-અને એ કર્મના અનાદિકાળના સંયોગમાંથી આત્માને મુક્ત કરવાની ક્રિયાનું જે 'શ્રવણ' કરે તે 'શ્રાવક'. અને તે ક્રિયાની સાધના કરે તે 'સાધુ'. સમગ્ર જગતના ઐશ્વર્યને જે એ સાધનામાં ભૂલે તે 'સાધુ'-જે સાધે તે સાધુ.

પ્રસ્તુત કથામાં 'જિનદાસ' શેઠ અને 'સુમતિચંદ્ર' એ બન્ને શ્રાવક હતા. શ્રવણના અધિકારી હતા. જીવાજીવ આદિ તત્ત્વ અને —

યમ, નિયમ, વ્રત અને તપ-સાધનાની પૂર્વ ભૂમિકાના આચરનાર અને 'સાધના'ને સાંભળવાના અધિકારી હતા. સામાયિક પ્રતિક્રમણના કરનાર હતા. 'ઉપાશ્રય' એના 'શ્રવણાધિકાર'નું અધિષ્ઠાન હતું. 'ઉપાશ્રય' એ તો ક્રિશ્ચિયનને જેમ ચર્ચ, મુસ્લિમને જેમ મસ્જીદ તેમ શ્રાવકને 'ઉપાશ્રય'. ત્યાં આત્માની-સ્વની-ક્રિયા હોય 'પર' સ્વાર્થથી ભિન્ન હોય. જિનદાસ શેઠ છતી શક્તિએ શક્તિનું ગોપન કરી રહ્યા હતા. 'શ્રાવક'ના બિરૂદમાં કંઈક ઉણપ આચરી રહ્યા હતા. 'સુમતિચંદ્ર' પોતે વિકટ પરિસ્થિતિથી પર્યાકુલ બની 'શ્રાવકત્વ'માંથી નીચે સરી પડી 'સુમતિ'માંથી 'કુમતિ'રૂપ બનતાં 'પ્રતિક્રમણ' પાપથી પાછા ફરવાની ક્રિયામાં જ 'પાપ'માં ગતિ અને તે પણ આત્માના 'અધિષ્ઠાન' રૂપ 'ઉપાશ્રય'ના 'નિર્મળ' યોગ છતાં; કારણ? 'बुभुक्षितः किं न करोति पापं' પરંતુ એનું પાત્ર તો 'શેઠ જિનદાસ' બને છે. 'ભૂલ સુધાર'નું નિમિત્ત બને છે. એકજ કાર્ય એકને માટે 'શ્રેય' રૂપ અને બીજાને માટે 'હેય' રૂપ બને છે. એનું જ નામ કર્મની વિચિત્રતા. આટલું માત્ર આ કથાનું બીજ છે. ઉપાશ્રયમાં એકઠા થયેલ શ્રાવકત્વમાં સમાન 'શ્રીમંત' અને 'ગરીબ' બે પ્રતિમૂર્તિ. 'પ્રતિક્રમણ'માં શેઠ પોતાના ફરજના પાલનમાં આચરેલ શિથિલતા રૂપ પાપમાંથી 'પ્રતિક્રમણ' પાછા ફરવાનું વિચારે છે, પરંતુ એ વિચાર માત્ર 'ઉપાશ્રય'ના શુદ્ધ વાતાવરણ-દુનિયાની 'માયા'થી એકાદ ઘડી પર બનવાના 'અધિષ્ઠાન' માત્રની ક્ષણિક અસર છે કે 'હૃદયપલટો' છે? બીજી બાજુ 'પ્રતિક્રમણ' માટે આવેલ ગરીબ શ્રાવક શ્રીમંતની દોલતના પ્રલોભનથી 'પાપ'માંથી 'નિવર્તવાને' બદલે પાપમાં સરી પડે છે. શ્રીમંત શ્રાવકના 'હૃદયપલટા'ની કસોટી રૂપ બને છે. 'સુમતિ' સુમતિને ઉપાશ્રયમાં જ મૂકી 'કુમતિ'ને આગળ કરી ઉપાશ્રય છોડે છે પરંતુ એ વિકટ પરિસ્થિતિનું તાંડવ માત્ર છે. 'શ્રાવકપણું' ગુમાવે છે પરંતુ 'હૃદય'ની 'શુદ્ધતા' 'શ્રાવકત્વ'નો અધિકાર

હજી શુભાવતો નથી. જિનદાસ શેઠ એજ ક્રિયાથી ભૂલેલા શ્રાવકત્વને ફરી સંભાળી લે છે.

'હાર' ચોરી લીધા પછી હાર 'ચોરનાર' એજ હારને 'મૂળ ધણી' પાસે ગીરવી મૂકવા જવાની ભાવના એ ફરી 'કુમતિ' માંથી 'સુમતિ' નું પ્રાપ્ત થવું છે. એ આખી કથાનું હાર્દ છે. 'ચોરી' કરવાની 'ભાવના'માં રહેલી 'દુર્દિમત' કરતાં પણ તેને ત્યાંજ ગીરવી મૂકવા જવાની 'સુદિમત' અનેકગણી આત્મબળની દ્યોતક છે. એટલું આત્મબળ જો 'સુમતિચંદ્ર'માં ન હોત તો આ કથા જ ન હોત. હારને ગીરવી મૂકવા આવનાર 'ગરીબ' શ્રાવક બંધુના આત્મબળની સચોટ અસર જિનદાસ શેઠ ઉપર થાય છે. તેમનું કે જે આખલી રાત્રીએ જ 'હાર્દિક' પુનઃ નિશ્ચયી બન્યું ...ોડી થઈ અને જિનદાસ શેઠ સાંગોપાંગ 'વિજયી' ...વિજય સાચા 'શ્રાવકત્વ' નો વિજય હતો. એ વિજય ...ત્તાપ'નો સૂચક હતો, અને એ 'આંતરિક પશ્ચાત્તાપ' ...મા 'દીવાદાંડી' 'રેડ સિગ્નલ' રૂપ હતો.

...શ્ચિત કોને?' આ આખી કથા પ્રશ્નાર્થરૂપે જ છે. ...મ નથી જિનદાસ કરી શકતા કે નથી સુમતિચંદ્ર કરી ... સાધુ કરી શકતા કે નથી રાજા કરી શકતા. નથી ... કરી શકતા કે નથી સભા ઉપસ્થિત શ્રોતાગણ કરી શકતા. ...પોતાને 'પાપ'ના કર્તા માની પોતાને હાથેજ 'પ્રાયશ્ચિત' ...ધિકારી બની પોતાને માટે પ્રાયશ્ચિત પણ નક્કી કરી નાખે ...ત વાંચકની દૃષ્ટિએ કથાનો અંત પ્રશ્નાર્થ છે. સ્વયં પાત્રની ...ે સૌએ પોત પોતાને 'પ્રાયશ્ચિત' ના અધિકારી માની પ્રાયન લઈ લીધાં, એટલે 'પ્રાયશ્ચિત કોને?' એ આખીએ કથા વાંચકના ...ે સંપૂર્ણપણે જીવી લેવાને સમર્થ બનશે એ નિઃશંક છે.

શાસ્ત્રમાં પ્રસિદ્ધ 'સ્થૂલીભદ્રજી' ની કથા નવા રૂપે વાંચકની સમક્ષ ઉપસ્થિત થાય છે. 'પ્રકાશ' ના સાત અંકોમાં ક્રમશઃ પ્રકાશિત થયેલ એ કથાના અંતમાં તંત્રીનોંધમાં જણાવેલ બીના-

યમ, નિયમ, દાન અને તપ-આરાધનાથી પૂર્ણ પવિત્ર આત્મા[illegible] અને 'સાધના'ને સાંભળવાના અધિકારી હતા, સામાયિક પ્રતિ-ક્રમણના કરનાર હતા. 'ઉપાશ્રય' એમના 'આધ્યાત્મિકતા'નું અધિષ્ઠાન હતું. 'ઉપાશ્રય' એ તો નિમિત્તને કેમ નામે, મુનિઓને તેમ મરજાદ લોક શ્રાવકને 'ઉપાશ્રય'. ત્યાં આત્માર્થી-જ્ઞાની-વિરક્ત હોય 'પર' સ્વાર્થથી ભિન્ન હોય. જિનદાસ શેઠ પણ શક્તિએ શક્તિનું ગોપન કરી રહ્યા હતા. 'શ્રાવક'ના ચિત્તમાં કંઈક ઉણપ આવતી રહ્યા હતા. 'સુમતિચંદ્ર' પોતે વિકટ પરિસ્થિતિથી પરાજય પામી 'શ્રાવકત્વ'માંથી નીચે સરી પડી 'સુમતિ'માંથી 'કુમતિ'રૂપ બનતાં 'પ્રતિક્રમણ' પાપથી પાછા ફરવાની ક્રિયામાં જ 'પાપ'માં ગતિ અને તે પણ આત્માના 'અધિષ્ઠાન' રૂપ 'ઉપાશ્રય'ના 'નિમિત્ત' યોગ છતાં; કારણ? 'बुभुक्षितः किं न करोति पापं' પરંતુ એનું પાત્ર તો 'શેઠ જિનદાસ' બને છે. 'ભૂલો સુથાર'નું નિમિત્ત બને છે. એકજ કાર્ય એકને માટે 'શ્રેય' રૂપ અને બીજાને માટે 'હેય' રૂપ બને છે. એનું જ નામ કર્મની વિચિત્રતા. આટલું માત્ર આ કથાનું બીજ છે. ઉપાશ્રયમાં એકઠા થયેલ શ્રાવકત્વમાં સમાન 'શ્રીમંત' અને 'ગરીબ' બે પ્રતિમૂર્તિ. 'પ્રતિક્રમણ'માં શેઠ પોતાની ફરજના પાલનમાં આચરેલ શિથિલતા રૂપ પાપમાંથી 'પ્રતિક્રમણ' પાછા ફરવાનું વિચારે છે, પરંતુ એ વિચાર માત્ર 'ઉપાશ્રય'ના શુદ્ધ વાતાવરણ-દુનિયાની 'માયા'થી એકાદ ઘડી પર બનવાના 'અધિષ્ઠાન' માત્રની ક્ષણિક અસર છે કે 'હૃદયપલટો' છે? બીજી બાજુ 'પ્રતિક્રમણ' માટે આવેલ ગરીબ શ્રાવક શ્રીમંતની દોલતના પ્રતીકોથી 'પાપ'માંથી 'નિવર્તવાને' બદલે પાપમાં સરી પડે છે. શ્રીમંત શ્રાવકના 'હૃદયપલટા'ની કસોટી રૂપ બને છે. 'સુમતિ' સુમતિને ઉપાશ્રયમાં જ મૂકી 'કુમતિ'ને આગળ કરી ઉપાશ્રય છોડે છે પરંતુ એ વિકટ પરિસ્થિતિનું તાંડવ માત્ર છે. 'શ્રાવકપણું' ભાવે છે પરંતુ 'હૃદય'ની 'શુદ્ધતા' 'શ્રાવકત્વ'નો અધિકાર

હજી ગુમાવતો નથી. જિનદાસ શેઠ એજ ક્રિયાથી ભૂલેલા શ્રાવકત્વને ફરી સંભાળી લે છે.

'હાર' ચોરી લીધાં પછી હાર 'ચોરનાર' એજ હારને 'મૂળ ધણી' પાસે ગીરવી મૂકવા જવાની ભાવના એ ફરી 'કુમતિ' માંથી 'સુમતિ' નું પ્રાપ્ત થવું છે. એ આખી કથાનું હાર્દ છે. 'ચોરી' કરવાની 'ભાવના'માં રહેલી 'કુહિંમત' કરતાં પણ તેને ત્યાંજ ગીરવી મૂકવા જવાની 'સુહિંમત' અનેકગણી આત્મબળની દ્યોતક છે. એટલું આત્મબળ જો 'સુમતિચંદ્ર'માં ન હોત તો આ કથા જ ન હોત. હારને ગીરવી મૂકવા આવનાર 'ગરીબ' શ્રાવક બંધુના આત્મબળની સચોટ અસર જિનદાસ શેઠ ઉપર થાય છે. તેમનું શ્રાવકત્વ કે જે આગલી રાત્રીએ જ 'હાર્દિક' પુનઃ નિશ્ચયી બન્યું હતું તેની કસોટી થઈ અને જિનદાસ શેઠ સાંગોપાંગ 'વિજયી' બન્યા. એ વિજય સાચા 'શ્રાવકત્વ' નો વિજય હતો. એ વિજય 'આંતરિક પશ્ચાત્તાપ'નો સૂચક હતો, અને એ 'આંતરિક પશ્ચાત્તાપ' 'ફરજપાલન' માં 'દીવાદાંડી' 'રેડ સિગ્નલ' રૂપ હતો.

'પ્રાયશ્ચિત કોને ?' આ આખી કથા પ્રશ્નાર્થરૂપે જ છે. એનો નિર્ણય નથી જિનદાસ કરી શકતા કે નથી સુમતિચંદ્ર કરી શકતા. નથી સાધુ કરી શકતા કે નથી રાજા કરી શકતા. નથી ન્યાયાધીશ કરી શકતા કે નથી ત્યાં ઉપસ્થિત શ્રોતાગણ કરી શકતા. પોતેજ પોતાને 'પાપ'ના કર્તા માની પોતાને હાથેજ 'પ્રાયશ્ચિત' ના અધિકારી બની પોતાને માટે પ્રાયશ્ચિત પણ નક્કી કરી નાખે છે. અર્થાત્ વાંચકની દૃષ્ટિએ કથાનો અંત પ્રશ્નાર્થ છે. સ્વયં પાત્રની દૃષ્ટિએ સૌએ પોત પોતાને 'પ્રાયશ્ચિત' ના અધિકારી માની પ્રાયશ્ચિત લઈ લીધાં, એટલે 'પ્રાયશ્ચિત કોને ?' એ આખીએ કથા વાંચકના દિલને સંપૂર્ણપણે જીતી લેવાને સમર્થ બનશે એ નિઃશંક છે.

શાસ્ત્રમાં પ્રસિદ્ધ 'સ્થૂલીભદ્રજી' ની કથા નવા રૂપે વાંચકની સમક્ષ ઉપસ્થિત થાય છે. 'પ્રકાશ' ના સાત અંકોમાં ક્રમશઃ પ્રકાશિત થયેલ એ કથાના અંતમાં તંત્રીનોંધમાં જણાવેલ બીના—

"આ અંકમાં આ ખંડ નવલિકા પૂર્ણ થાય છે. ત્રણ ભિન્ન ભિન્ન કલમથી આલેખાયેલ છતાં આ કથામાં પહેલેથી છેલ્લે સુધી કથાનો રસ ઉત્કૃષ્ટપણે ચાલુ રહે છે." બીના કથારૂપે પ્રસિદ્ધ થતી આ પુસ્તિકામાં પણ તેટલી જ પ્રેરક બની રહે છે. કથાની વસ્તુ બહુજ પ્રસિદ્ધ છતાં માત્ર તેના કથનના સ્વરૂપમાં ફેર કરી કથામાં રહેલા અણમોલ તત્ત્વને સવિશેષ રૂપે પ્રગટ કર્યું છે. લેખકને આ કાર્યમાં કેટલી સફળતા મળી છે તેનો નિર્ણય તો પ્રત્યેક વાચક કરી શકે.

'સ્થૂલીભદ્રજી' ની કથા ઉપરાંત બાકીની કથાઓ પણ શાસ્ત્રની પ્રસિદ્ધ પ્રસિદ્ધ કથાઓ જ છે. એ કથાઓના હાર્દમાં ફેરફાર ન કરતાં એ કથાના ઉદ્દેશ–રૂપકને વધુ વિકસિત કરવાનું કાર્ય આ કથાલેખકનું છે.

* * *

'કથા' એ શબ્દ જ 'કથન' નું સાધ્ય સ્વરૂપ છે. સંસારમાં એક જ રૂપે જણાતું 'નિશ્ચય' 'સત્ય' 'ઝઝવે' રૂપે કહેવાનું એક માત્ર સાધન 'કથા' છે. કથાના અનેક પ્રકાર છે. આજે એ શાસ્ત્ર તો સાક્ષરોના સંશોધનનો મહાન વિષય છે.

જૈનશાસ્ત્રમાં પણ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, કરણાનુયોગ અને ચરિતાનુયોગ એમ ચાર અનુયોગ બતાવ્યા છે. એમાં સહજ બોધ્ય ચરિતાનુયોગ છે. એ ચરિતાનુયોગ એટલે જ કથા. જૈનશાસ્ત્રમાં ચરિતાનુયોગ દ્વારાજ બાકીના તત્ત્વોને વિશેષરૂપે બતાવવા પ્રયાસ કર્યો છે. મહાન જૈનાચાર્યોએ એ વિભાગને ખૂબ જ ખેડ્યો છે. વાચકો આ કથાઓને વાંચે, તેના હાર્દને દિલમાં ઉતારે અને મનુષ્યજીવનની સફળતાના કો અંશને પ્રાપ્ત કરી શકે તો પણ લેખક પોતાને કૃતકૃત્ય માનશે. સુજ્ઞેષુ કિં બહુના ?

તા. ૧૮–૮–૩૮ મુંબાઇ બંદર

હર્ષચંદ્ર કપુરચંદ દોસી.
તંત્રી : "જૈનપ્રકાશ."

આમુખ

"प्रायश्चित्त कीसको" આ મથાળાથી છુટક છુટક જૈન-પ્રકાશમાં આવેલ આ હિંદી વાતો, જ્યારે અનુવાદ માટે મને અત્રેના શ્રી સ્થા. મહાવીર જૈન યુવક મંડળના સેક્રેટરીઓએ સોંપી ત્યારે પહેલા તબક્કે, મને તેના સર્જક શ્રી શિરીષ કુમાર જૈને તેમાં જે ધાર્મિક ભાવના અને સાચા જૈનનું ઉદાત્ત ચરિત્ર-ચિત્રણ સર્જ્યું છે તેનો ખ્યાલ નહિ આવેલો.

પરંતુ જેમ જેમ હું ભાષાન્તર કરતો ગયો, જેમ જેમ શ્રી શિરીષ કુમારના પાત્રાલેખનને સમજતો ગયો, તેમ તેમ તેઓશ્રીએ તેમાં આદ્યંત વણેલી જૈનધર્મની સૂક્ષ્મતમ ફિલસુફી તેમજ શ્રાવકોની ધાર્મિક અને સામાજીક ફરજોનો મને ખ્યાલ આવતો ગયો.

આ વાતોને હું વાતો નથી સમજતો, પરંતુ જૈન ધર્મનાં મહાન સૂત્રોનું ભાષ્ય ગણું છું. સત્ય, અહિંસા અને અસ્તેય આ વાતોમાં ઠેર ઠેર દૃષ્ટિગોચર થાય છે. એટલે વાચકસમુદાય તેને સામાન્ય વાતો તરિકે ન વાંચે એટલી વિનંતિ છે. તેમાં પાત્રોના હૃદયની ધાર્મિકતા, સત્ય માટેનું પવિત્ર માન અને ખાનદાનીની સૌરભ તેમજ ધાર્મિક હૃદયની ભવ્યતા જે રીતે આલેખવામાં આવી છે તેને તે રીતે સમજે અને જીવનમાં ઉતારે તો આ વાતોલેખકની તેમજ પ્રકાશનની સાર્થકતા મનાશે.

જૈન સમાજમાં જ્યારે જિનદાસ શેઠ જેવા સ્વધર્મ વાત્સલ્યના વ્રતધારી ધનિકો, સુમતિચંદ જેવા નિર્મળ હૃદયધારી શ્રાવકો, દેવી સુશીલા સમાન આદર્શ પત્નીઓ, મુનિ મહારાજ સમા ધર્મ-ધુરંધર અને સમાજને સાચે રસ્તે દોરનાર સાધુઓ તેમજ પોતાની ફરજને સમજીને હૃદયપૂર્વક પ્રાયશ્ચિત માગનાર, નિર્મળ જીવન જીવવાની અભિલાષા સેવનાર રાજાઓ સમાજને પોતાના તેજસ્વિ

જીવનથી દેદિપ્યમાન અને ઉજ્જવળ બનાવશે ત્યારે, અત્યા ગૂઢ પ્રશ્નોમાં, અને કઢંગા સામાજીક, ધાર્મિક અને રાજકીય વા વરણમાં જવાબદાર પરિવર્તન થશે અને ત્યારે જીવનમાં દંભ ત બેકારીની ભીષણતા નહિ રહે.

પર્યુષણ પર્વનો ઉન્નત આદર્શ જૈન સમાજ સ્હમજતો થ મહાવીર પ્રભુના આદેશોને અનુસરતો થાય, અને સ્વધર્મ વાત્સ તાને સ્હમજીને પોતપોતાની ફરજોને સ્હમજે એટલીજ અભ્યર્થ

આ વાર્તામાં જે કાંઇ સુંદર વસ્તુગુંથન અને ઉચ્ચ ધાર્મિક ભાવનાનો વાંચકોને અનુભવ થાય તેનું માન શ્રી શિ કુમાર જૈનને છે. અને અનુવાદમાં કાંઇ દોષ રહ્યા હોય તે વાંચક મને ક્ષમા આપે એટલી જ પ્રાર્થના.

'નવપ્રભાત' કાર્યાલય. ખંભાત. તા. ૧૮–૮–૩૮ — જમિયત કૃ. પંડયા. તંત્રી 'નવપ્રભાત.'

પ્રકાશકનું નિવેદન

પ્રસ્તુત પુસ્તક શ્રી. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સના મુખપત્ર "જૈન પ્રકાશ" માં પ્રગટ થયેલી જુદી જુદી વાર્તાઓનો સંગ્રહ છે.

આજના યુગમાં યુવકોને એકાંત અધ્યાત્મવાદી વાંચન તરફ રસ હોતો નથી, અને તેથી હમણાં થોડા સમયથી, જૈન સંસ્કૃતિમાં આવતા ગહન વિષયોને વાર્તાઓમાં સંકલીત કરી, પુસ્તક રૂપે બહાર પાડવાના પ્રયાસો શરૂ થયા છે, અને તેવોજ આ એક નમ્ર પ્રયાસ આ પુસ્તક દ્વારા અમો કરીએ છીએ.

મંડળ તરફના પ્રથમ પ્રકાશન–"જૈન તત્વનું નૂતન નિરૂપણ અને માનવ જીવનની મહત્તા" ને જનતા તરફથી સારો સત્કાર મળેલો જોઈ આ પુસ્તક બહાર પાડવા અમો પ્રેરાયા છીએ. અને અમોને આશા નહિ પરંતુ વિશ્વાસ છે કે આ પુસ્તક પણ જનતાને પ્રથમની માફક રૂચિકર થઈ પડશે.

મંડળના પ્રથમ પ્રકાશનને જુદી જુદી રીતે ઉત્તેજન આપનાર મહાશયોનો આભાર માનવાની આ તકે રજા લઈએ છીએ.

આ પુસ્તકમાં સમાયેલ વિષયો બાબતમાં "જૈન પ્રકાશ" પત્રના મેનેજર શ્રીયુત હર્ષચંદ્રભાઈ કપુરચંદ દોશી ન્યાયવ્યાકરણ તીર્થ–એ લખેલ નિવેદન વાંચી લેવા ભલામણ કરીએ છીએ.

જૈન સંસ્કૃતિના ગહન તત્વો, સત્ય, ઉદારતા, ધાર્મિક ભાવના વગેરે આ પુસ્તકમાં કેટલે અંશે સમાયેલા છે તે વિચારવાનું વાંચક વર્ગને સોંપીએ છીએ.

આ પુસ્તક સ્થા. જૈન પત્રના તંત્રી શ્રી જીવણલાલ છગનલાલ સંઘવી દ્વારા છપાવતા અમોને સંતોષ થયો છે.

અંતમાં આ પુસ્તક પ્રકાશનને અંગે યોગ્ય સહકાર આપનાર શ્રીયુત હર્ષચંદ્રભાઈ, તંત્રી–જૈનપ્રકાશ; શ્રી. જમીયતરામ કૃ. પંડ્યા તંત્રી–નવપ્રભાત, તેમજ યતિશિષ્ય શ્રીયુત રતીલાલજીનો આભાર માની પ્રથમના પ્રકાશનના જેટલા જ સહકારની આશા રાખી તેવીજ સમાજસેવાની ભિક્ષા યાચી વીરમીયે છીએ.

સંવત્સરી મહાપર્વ	કાન્તિલાલ હરિલાલ શાહ.
તા. ૨૯–૮–૩૮	પ્રમુખ શ્રી. સ્થા. મહાવીર જૈનયુવક મંડળ.

પ્રાયશ્ચિત કોને

અને

બીજી કથાઓ

ખંડ ૧ લો

આ મંડળનું પ્રથમ પ્રકાશન

જૈનતત્ત્વનું નૂતન નિરૂપણ

અને

માનવજીવનની મહત્તા

તમે વાંચ્યું છે ! ન વાંચ્યું હોય તો આજે જ તેની એક નકલ મેળવીને અવશ્ય તમે વાંચી જ લેજો. જેને માટે સુંદર અભિપ્રાયો મળ્યા છે.

આ પુસ્તકમાં જીવ, અજીવાદિ નવે તત્ત્વોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમીક્ષા કરવા ઉપરાંત અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, મૌન, આત્મસંયમ, ગુણદૃષ્ટિ વગેરે સદ્ગુણોનું તથા ક્રોધ, માન, માયા અને લોભની ચાર જાતિના સર્પ સાથે સરખામણી કરી તેનું આબેહૂબ વર્ણન કરી, અંતમાં માનવ જીવનના કર્તવ્યનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ પુસ્તક જૈન સમાજના **સુપ્રસિદ્ધ આત્માર્થી મુનિશ્રી મોહનઋષિજી** મ. ની કલમથી સાદી અને સરળ ભાષામાં લખાયલું છે.

સુંદર કાગળો, ૧૫૦ પૃષ્ઠ, છતાં કિંમત ફક્ત **પાંચ આના** ૦ (પોષ્ટેજ બે આના) રાખવામાં આવી છે. હવે તો ઘણી જ જુજ નકલો શીલીકમાં છે. માટે તુરત જ તમારી નકલ મેળવી લેજો—

શ્રી મહાવીર જૈન યુવક મંડળ

પીઠનો સુતારવાડો–ખંભાત

પ્રાયશ્ચિત કોને

અને

બીજી કથાઓ

ખંડ ૧ લો

(૧) પ્રાયશ્ચિત કોને ?

પ્રકરણ પહેલું — હિંદુ સમાજ અને બેકારી

આર્થિક સ્થિતિએ અત્યારે હિંદુ સમાજ ત્રણ વર્ગમાં વહેંચાઈ ગયો છે. એક વર્ગ છે એકદમ માલેતુજાર, આલીશાન વસાહતોમાં રહેનારો, મોટરોમાં ફરનારો અને ગરીબોને પરસેવે બીન જરૂરીયે જ શોખ ભોગવનારો. બીજો સમાજ છે, નહિ ગરીબ, નહિ ભીખારી. સમાજમાં પ્રતિષ્ઠિત છતાં આર્થિક સ્થિતિ સાવ બદતર હોવાને કારણે હૃદયમાં ટસડસી રહેનારો. અને ત્રીજો વર્ગ છે ભીખારી, નિરૂધમી, આળસુ, માત્ર ભીખીને પેટ ભરનાર, શરમ લજ્જાથી પર.

આ ત્રણેય વર્ગમાં વચલા વર્ગની સ્થિતિ તદ્દન કફોડી હોય છે. કોઈની પાસે તે હાથ ધરી શકતો નથી. વડીલોની પ્રતિષ્ઠાનું ભૂત, તેને હલકી નોકરી કરવા દેતું નથી અને છતાં સમાજમાં તેને સમાન દરજ્જે ન છૂટકે પણ રહેવું જ પડે છે. એ દિવસે દિવસે બેકારીની ઉંડી ગર્તામાં ગબડતો જ જાય છે. અને

તેમાંય જ્યારે તે બચરવાળ હોય છે ત્યારે તેની સ્થિતિ તદ્દન કોમળ બની જાય છે. બાપદાદાની આબરૂ પ્રમાણે તેને ન્યાત જાતમાં સમાન અંતરે રહેતાં, દેવામાં ગરકાવું પડે છે. ઘરબાર ગીરો મૂકીને પણ તે જુની પ્રતિષ્ઠા પાછળ તણાયે જાય છે અને એક દિવસ જર્જરિત કપડાં જેવી તેની સ્થિતિ સાવ તાણાવાણા બનીને કંગાળ થઇ જાય છે ત્યારે એજ સમાજ તેની નિંદા કરતાં બ્હીતો નથી.

માલેતુજારો મંદિરો બંધાવે છે, પાંજરાપોળોમાં મહાજન દ્વારા સેંકડો રૂપીઆનાં દાન કરી શકે છે, ટીપોમાં પૈસા ભરી શકે છે; પરંતુ પોતાનો જ બંધુ જે શ્રીમંત નથી, ગરીબ પણ નથી, જે શરમનો માર્યો ડસમસીને દિવસે દિવસે દેવાદાર અને નિર્ધન બનતો જાય છે, તેને મદદ કરવાનો, છુપી સહાય કરવાનો, કામધંધે લગાડવાનો તેમને વિચાર સુદ્ધાં આવતો નથી. કારણ કે આ શ્રીમંતોને નામનાનો મોહ છે, છુપાં દાનમાં નામના નથી. વાર્ષિક રિપોર્ટોમાં અગ્રસ્થાને તેમનાં નામ છપાવાનાં નથી. કોઇ તેમની વાહ વાહ કહેવાનું નથી. અને એટલા જ ખાતર આ અધવચીયા સમાજની આંતરડી કકળતી તેઓ ઠારી શકતા નથી. અગર જો કંઇક મદદ કરી શકે છે તો તેનું ડીમ ડીમ બજાવીને આપેલાં દાનને તેઓ ગુપ્ત રાખી શકતા નથી. પરિણામે તેમનો જ ભાઈ દાન લઇને પસ્તાય છે અને સમાજમાં મોઢું ઉચું કરી શકતો નથી.

છેવટે પોતાની ખાનદાનીને લાખો અભિશાપ આપતો આ વચગાળાનો અધવચીયો સમાજ પતનને માર્ગે વળે છે. ઉપરથી ઉજળો રહીને તે ચોરી કરે છે, કંગાળ કૌટુંબીક

સ્થિતિથી કંટાળી જાય તો વ્યસન પર ચડી જાય છે અથવા તો આપઘાત કરે છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે કેઃ—

एको देवः केशवो वा शिवोवा ।
एको वासः पत्तने वा वनेवा ।
एको भार्या सुंदरी वा दरीवा ।

આ પ્રમાણે જાય તો એકદમ ઉચ્ચ સ્થિતિ અથવા તો એકદમ સાત્વિકતા ભરી ગરીબાઈ એ બન્નેય સ્થિતિ ઉત્તમ છે પરંતુ જે વચલી સ્થિતિ છે તે ખોટી છે. સમાજને અભિશાપ રૂપ છે. જેમાં સામ્યવાદનાં મૂળ રોપાય છે. જેમાંથી ક્રાંતિ જન્મે છે.

ધીમે ધીમે વચગાળાનો સમાજ શ્રીમંતોનો શત્રુ બનતો જાય છે. આ અસમાનતાએ તે જાણ્યે અજાણ્યે પણ સામ્યવાદી થતો જાય છે અને શ્રીમંતો પર શાપો વરસાવે છે. આજે આવા લાખો અભિશાપો શ્રીમંતાઇ પર વરસી રહ્યા છે. શ્રીમંતોની, પોતાના આ અબોલ બંધુને સમાન સ્થિતિમાં લાવી મૂકવાની, તેની કંગાળ સ્થિતિમાં મદદ કરવાની, તેને કામધંધે લગાડવાની પવિત્ર ફરજ છે. જે સમાજમાં પોતે શ્રીમંતાઈ ભોગવે છે તેજ સમાજમાં જ્યારે આવા નિર્ધન બંધુઓ એક ટંકને માટે પણ ફવાતીયાં મારતા હોય, ત્યારે તે શ્રીમંતોએ શરમાવું જોઇએ. પોતાના જ ભાઇઓ ભૂખે મરતા હોય અને જે શ્રીમંત પકવાનો જમે છે તે વાસ્તવિક રીતે પકવાન નથી પણ પોતાનું પાપ જમે છે.

[illegible]

પોતાના જ આત્માને ખાતર જે સર્વસ્વ ગુમાવે છે, જેમાં કોઈનો જ હિસ્સો નથી, તે પોતાનું પાપ જાણે છે.

આ વાત દરેક શ્રીમંતોએ સમજવી જરૂરી છે. આ વિષમ સ્થિતિમાં માત્ર શ્રીમંતોએજ સમજવાનું છે તેમ નથી, સાથે ગરીબ અને ખાનદાન કુટુંબોએ પણ સમજવાની જરૂર છે કે હવે દેશકાળ દિવસે દિવસે બદલાતો જાય છે. જુના ખાનદાનીના વાઘા હવે જર્જરિત બનતા જાય છે. તેમણે દેશકાળને સમજવાની ખાસ જરૂર છે. જુની ખાનદાની ખપ્પરમાં જ્યારે પોતે દિવસે દિવસે સાવ અનાથ સ્થિતિ ભોગવતો થતો જાય છે ત્યારે, અને જ્યારે પોતાનાં બાળબચ્ચાંઓ જરૂરિયાતો ન પોસાવાને ખાતર અભણ રહે છે, કંગાળ બની જાય છે ત્યારે એ ખાનદાનીને એકજ લાતમાં ફગાવી દેવાની તેની ફરજ છે. જે ખાનદાની પોતાનો ઉદ્ધાર કરી શક્તી નથી અને નિર્ધનતાને જ નોતરી રહી છે ત્યારે બહેત્તર છે કે એવી શરમમાં કંગાળ બનવા કરતાં, કુટુંબને આંસુ સારતાં બનાવવા કરતાં એક મજુર બનીને પોતાની ઉજળી કમાઈમાં જીવવું. એટલું ખાસ યાદ રાખવાની જરૂર છે કે હલકો ધંધો કરવાથી હલકા બનાતું નથી પણ ચોરી જેવાં હલકાં—નીચ કામ કરવાથી હલકા થવાય છે. તેને હલકા શબ્દથી નથી સંબોધાતો પણ નીચ શબ્દ જ તેને માટે બરોબર છે. એટલે અધવચીયા ગરીબ વર્ગે ઉદ્યમ, વેપાર ધંધો કરવાની મહત્વાકાંક્ષા કદી જ ન છોડવી જોઈએ. તેમાં જ તેનું શ્રેય છે. તેમાંજ તેની ઉન્નતિ છે. તેમાંજ ખાનદાનીની ફોરમ છે.

મ્હોટી શ્રીમંતાઈ અને તેવ પારકી મહેનતે અને પરસેવે ભોગવવા કરતાં સ્વાશ્રયે જીવન વિતાવવું તે ઉજ્જ્વળું જીવન છે. એ જીવનમાં પ્રભુતા છે. એ જીવનમાં સાચી ધાર્મિકતા છે. એ જીવન ધન્યવાદને પાત્ર છે.

ॐ

પ્રકરણ બીજું ઉપાશ્રયમાં ચોરી

बुभुक्षितः किं न करोती पापम्

“ જાન જાય પણ ઈમાન ન જાય, ગરીબાઈ ભલે આવે પણ નૂર ન ગુમાવાય, મહેનત ભલે કરવી પડે પણ અન્યાયનો રોટલો તો નજ ખવાય, એવો સ્વભાવ તે મર્દાની સ્વભાવ છે ”—

કાકા કાલેલકર.

આવાજ એક અધવચિયા ખાનદાન સુમતિચંદની આ કથા છે. તે ખાનદાન કુટુંબનો હતો પણ દિવસે દિવસે તેની ખાનદાન સ્થિતિમાંથી ઉન્નત આર્થિક સ્થિતિનો લોપ થતો જતો હતો—અરે થઇ ગયો હતો. બાપદાદાનું મકાન અને થોડા રાચ પીચ સિવાય, તેની પાસે કાંઈ જ નહોતું. પરંપરાની જૂની આબરુથી કાંઈ ઓછું જ પેટ ભરાય છે ? એટલે તે પોતાની પત્નીની અને બચ્ચાંની કફોડી સ્થિતિ જોતાં દિવસે દિવસે સુકાતો જતો હતો. તે ગરીબ હતો છતાં પોતાની ગરીબાઇ બતાવી શકતો નહોતો. એક સમયે તેનું કુટુંબ હદપારની જાહોજલાલી ભોગવતું હતું, પરંતુ પિતાની હયાતીમાં જ

કાળબળે બધી સંપત્તિ–સ્થાવર જંગમ મિલ્કત ઘસાતી ચાલી અને પિતાના મરણ પછી તો તે ખૂબ જ સંકડામણમાં આવી પડ્યો. તે પોતાની કુલિનતાને લીધે ગરીબાઈ કોઇની પાસે બતાવી શકતો નહોતો. નહિ તો તેના બંધુઓ બધા જ સુખી હતા–ધનવાન હતા. પરંતુ કુળની ઈજ્જતને બટ્ટો લાગે તે ખાતર માગવા કરતાં મરવું સારૂં તેમ તે સ્હમજતો હતો.

માત્ર પૈસા ટકાથી જ નહિ, પણ માણુસની પણ તેને ખોટ હતી. એક વખતના તેના ભર્યા ભાદર્યા કુટુંબમાં ધીમે ધીમે કાળદેવના ઝપાટે બધું અદૃશ્ય થઈ ગયું હતું અને અત્યારે તે અને તેની પત્ની માત્ર બે જણ સિવાય કોઇ જ નહોતું. ઘણા ઘણા કઠીણ સંજોગોમાં જે કંઇ જવેર હતું તે વટાવીને–વેચીને તેણે બે વર્ષ ખેંચી કાઢ્યાં પરંતુ હવે પૈસા મેળવ્યા સિવાય તેનો છુટકો જ નહોતો. આમ તે બુદ્ધિશાળી હતો, વહેપાર ધંધો કેમ કરવો તેની આવડત પણ તેનામાં હતી; છતાં તેમાંય પ્રથમ પૈસાની જરૂર પડે છે. એટલે પૈસા સિવાય તે વ્યાપાર કરી શકતો નહોતો અને પુરાણી ખાનદાનીએ તો નોકરી કરતાં પણ શરમાતો હતો. તેમાં તે પોતાના કુટુંબનું અપમાન સ્હમજતો હતો, લોક લજ્જાથી બ્હીતો હતો, ભરમ ફૂટી જવાનો–હલકા પડવાનો તેને ભય હતો.

વચલા વર્ગની બેકારીનું બ્યાન જ થઈ શકે તેમ નથી. સુમતિચંદ્ર આ બેકારીની ચક્કીમાં પીસાયે જતો હતો. તેને માટે કોઇ પૂછવાનું ઠામઠેકાણું પણ નહોતું. આ કારણે પતિ-પત્ની બન્નેય સૂકાયે જતાં હતાં. તેની પત્ની સંસ્કારી હતી, કુલીન કુટુંબની હતી, એટલે જેમ તેમ તે ઘરની રહેણી રાખતી

હતી, પણ જ્યાં સમૂળગી જ આર્થિક સ્થિતિ પતનમાં પરિણમે ત્યારે શું થાય ? ચિંતા, ચતુરાઇ, ગુણ, રુપ બધું જ નિર્ધનતામાં અભિભૂત બની જાય છે. એક સત્પુરૂષે લખ્યું છે કે:-

चिता चिंता समानास्ती बिंदु मात्र विशेषतः ॥
सजीवं दहते चिंता निर्जीवं दहते चिता ॥

ચિંતાથી ચતુરાઇ ઘટી જાય છે. દિવસે દિવસે શરીર સ્વાસ્થ્ય પણ બગડતું જાય છે.

ચિતાથી ચિંતા બડી, અધીક એક અનુસ્વાર,
ચિતા જલાવે એકવાર ચિંતા વારંવાર.

આ પ્રમાણે દુઃખમાં દિવસો વિતાવતાં સુમતિચંદ્રના રુપગુણ ભસ્મ થયે જતાં હતાં. કોઈ પૂર્વ કર્મનાં ફળોપાર્જને અત્યારે તે દુઃખ ભોગવી રહ્યો હતો. કાલની ચિંતામાંને ચિંતામાં આગલી રાતની ઉંઘ પણ તેનાથી રિસાઇ જતી હતી. પાસાં ઘસીઘસીને તે રાત વિતાવતો હતો. પ્રતિદિન સવાર પડે અને પતિપત્ની નિઃશ્વાસ નાંખીને વિચારે કે અન્ન સિવાય શું ખાઈશું ? કોની પાસે મદદ માટે હાથ લંબાવીશું ?

જગતમાં પાપ પુન્ય, ધર્મ અધર્મ, માન અપમાન, બધું જ પૈસા પર અવલંબે છે. सर्वेगुणाः कांचनमाश्रयंते । બધા જ ગુણો પૈસામાં સમાયા છે. તે વાત ખોટી નથી. જ્યાં પૈસા છે ત્યાં જ સ્વર્ગ છે, જ્યાં દરિદ્રતા છે ત્યાં નર્ક છે. પોતાના સ્વધર્મી બંધુઓની વચમાં નિર્ધન સ્થિતિમાં વસવું તે કરતાં તો મરણ હજાર દરજ્જે સારૂં. પણ મરણેય માગ્યું મળતું નથી. કારણ કે આયૂષ્ય કર્મ સાથે સંકળાયેલું છે. અને ત્યાં સુધી જે જીવન છે તે વિતાવ્યા સિવાય છુટકો પણ નથી.

સૂર્યાસ્ત થવાને થોડીજ વાર હતી. આજે પખ્ખીનો દિવસ હતો. એટલે સુમતિચંદ્ર પોતાના હંમેશના નિયમ પ્રમાણે ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા માટે જવા તૈયાર થયો. છતાં રસ્તામાં ચાલતાં ચાલતાંય આવતી કાલની ચિંતા તે ભૂલ્યો નહોતો. તે ચિંતા તેના હૃદયને કોરી ખાતી હતી.

થોડે દૂર બે જણાઓ વાત કરતા કરતા જતા હતા કે "આજે દરબારમાં ખૂબ કામકાજ હોવાને લીધે બિચારા જિનદાસ શેઠને ઘેર જવાનો પણ વખત મળ્યો નથી. બારોબાર દરબારમાં પહેરેલાં કપડાં સાથે જ તેઓ પ્રતિક્રમણ કરવા માટે ઉપાશ્રયમાં આવી રહ્યા છે. ખરેખર ધર્મપર તેમની ઘણી જ આસ્થા છે. સાક્ષાત્ ધર્મનો જ અવતાર કહીયે તો ખોટું નથી. રાજદરબારમાં પણ તેમનું ઘણું માન છે. ગરીબો માટે પણ તેમના હૃદયમાં ઘણી જ દયા છે. અને તેમાં વળી આપણા સ્વધર્મી બંધુઓપર તો તેઓ ખૂબજ સદ્‌ભાવના રાખે છે."

સુમતિચંદ્ર જિનદાસ શેઠને સારી રીતે ઓળખતો હતો. અને જાણતો હતો કે જિનદાસ શેઠ સાચા શ્રાવક છે છતાંય તેમની પાસે મદદની માગણી શી રીતે થઇ શકે? આવા વિચારોની પરંપરા અનુભવતો તે ઉપાશ્રયમાં આવી પહોંચ્યો.

જિનદાસ શેઠ પણ ઉપાશ્રયમાં આવી પહોંચ્યા. આજે પખ્ખીનો દિવસ હોવાથી રોજ ઉપાશ્રયમાં ન આવનાર શ્રાવકો પણ આવ્યા હતા. પગથીયાં ચઢતાં ચઢતાં સુમતિચંદ્ર જિનદાસ શેઠને નિહાળતો હતો. તેને મુદ્દલ ખબર નહોતી કે આજે તેના હૃદયમાં કેવા કેવા ભાવો જાગૃત થતા હતા. તે ભાવો તેના મોઢા પર તરવરી રહ્યા હતા. એકીનજરે જોનાર કહી

શકે કે તે ઉદ્વિગ્ન હતો. સહસા તેની દૃષ્ટિ જિનદાસ શેઠના ગળામાંના કિંમતી હારપર પડી. કારણ કે તેઓ દરબારમાંથી બહારોબહાર જ ઘેર ન જતાં ઉપાશ્રયમાં આવ્યા હતા. એટલે દાગીના તથા કપડાંલત્તાં જેના તેજ હતાં.

ઉપાશ્રયના એક ખુણામાં જઈને તેમણે પોતાનાં કપડાં ઉતાર્યાં તેમજ દાગીના પણ એક પછી એક ઉતારીને રૂમાલ બાંધી પોટલી ખીસામાં મૂકી દીધી. પરંતુ ઉતાવળમાં ગળાનો મૂલ્યવાન હાર તેઓ પોટલીમાં બાંધવો ભૂલી ગયા, અને જ્યારે તે વાત તેમને યાદ આવી ત્યારે તે હાર છુટોજ તેમણે ખીસામાં મૂકી દીધો. અને સામાયિક માટે તેઓ થોડે દૂર જઈને બેસી ગયા. દૂર ઉભો સુમતિચંદ્ર આ બધું જોઈ રહ્યો હતો.

કંઈક છેવટનો વિચાર કરીને તેણે પણ પોતાનાં કપડાં જિનદાસ શેઠનાં કપડાં નજદીક જ ભરવી દીધાં અને પોતે પણ સામાયિકમાં બેસી ગયો. પરંતુ આજ તેનું હૃદય બહકે બળતું હતું. તેના સામાયિક અને પ્રતિક્રમણનો સાર માત્ર એટલો જ હતો કે કાલનો પેટનો ખાડો કેવી રીતે પુરી શકાશે!

પ્રતિક્રમણ પુરૂં થયું અને પ્રત્યાખ્યાન પણ કર્યા તેમજ સામાયિક વ્રત પણ પાળી લીધું. જિનદાસ શેઠ આજે પખ્ખીનો દિવસ હોવાથી બીજા શ્રાવકો સાથે સ્વાધ્યાય તેમજ સ્તુતિ કરવામાં રોકાયા. સામાયિક પાળીને સુમતિચંદ્ર પોતાનાં કપડાં પહેરવાને ગયો કપડાં પહેરતાં પહેરતાં ફરી એની એજ ચિંતા તેના હૃદયમાં ઉપસ્થિત થઈ, અને સહસા તેની નજર શેઠનાં

કપડાં પર પડી. તેને એ પણ યાદ આવ્યું કે તેમણે પોતાના દાગીના રૂમાલમાં બાંધીને મૂક્યા છે. પણ એક હાર રહી જવાથી તે છૂટો જ ખીસામાં મૂક્યો છે. સુમતિચંદ્ર ધારત તો એક સાથે બધા જ દાગીનાની પોટલી તે ઉઠાવી જઇ શકત કારણ કે તેઓ સ્વાધ્યાય અને સ્તુતિમાં બીજા શ્રાવકો સાથે એકાકાર થઇ ગયા હતા. તેમને મનમાં પોતાના દાગીનાઓ માટેનો વિચાર સરખો પણ ઉદ્દભવ્યો નહોતો. ઉપાશ્રયમાં બધા જ પોતાના સ્વધર્મી બંધુઓ હોવાથી તેમને શંકા લાવવાને કાંઈજ કારણ નહોતું.

સુમતિચંદ્રના હૃદયમાં સારી અને ખોટી ભાવનાનું તુમુલ યુદ્ધ જામી ગયું. માત્ર દરિદ્રતા—પેટની ચિંતાને ખાતર સમસ્ત ખાનદાની, કુલ ગૌરવ, અંધાર ઘેરી પતનની કાળમીંઢ ગર્તામાં ગબડાવી દેવી પડશે ? તેણે વિચાર્યું:—

આ જિનદાસ શેઠનો પણ એક સમય એવો હતો કે અમારા કુટુંબ તરફથી તેઓનુ પોષણ થતું હતું. આજે તેજ જિનદાસ શેઠ સમૃદ્ધિવાન બની ગયા છે. અને હું એક ટંકના ભોજનને માટે પણ વલખાં મારી રહ્યો છું. શું કરૂં ? અત્યારે પ્રતિક્રમણના સમયે હું ચોરી કરીશ તો જરૂર ધર્મની નિંદા જ થશે, અગર જો શેઠને ખબર પડશે, અને ચોરી થયાની વાત તેઓ જાહેર કરશે તો પ્રતિક્રમણની ધાર્મિક ક્રિયાનાં ઉજ્જવળ નામપર કાળું કલંક લાગી જશે. અને મારી સ્થિતિ તો........!"

છતાં તેની દૈવી અને દાનવી પ્રકૃતિના યુદ્ધમાં દારિદ્રયને લીધે દાનવી પ્રકૃતિનો વિજય થયો. અને તે મૂલ્યવાન હાર સારાસારનો કંઈપણ વિચાર કર્યા સિવાય સુમતિચંદ્રે શેઠનાં

ખીસામાંથી કાઢીને પોતાના ખીસામાં સેરવી દીધો. અને સત્વર ત્યાંથી પ્રયાણ કર્યું. શાસ્ત્રમાં કહ્યું છે કે:

अन्यस्थाने कृतंपापं, धर्मस्थाने विमुच्यति ॥
धर्मस्थाने कृतंपापं, वज्रलेपो भविष्यति ॥

જતાં જતાં પણ તેને વિચાર આવવા લાગ્યો કે: "અરેરે મારી શી દશા થશે? જિનદાસ શેઠ ધર્મી જીવ છે, તેમને સ્વધર્મી બંધુઓ પ્રત્યે વાત્સલ્યભાવ છે. આ ચોરીની વાત તેઓ જાણશે ત્યારે તેઓને અત્યંત દિલગીરી થશે કે ઉપાશ્રયમાં સ્વધર્મી બંધુઓ સિવાય કોઈ આવ્યું નથી. ત્યારે શું સ્વધર્મી બંધુજ મ્હારો હાર લઈ ગયો હશે?" હાય! તેમના હૃદયને કેટલો આઘાત થશે? આમ અનેક તર્કવિતર્કો કરતો કરતો તે પોતાને ઘેર ચાલ્યો ગયો.

बुभुक्षितः किं न करोतिपापम् ।

માત્ર દરિદ્રતાને ખાતર કુમતિચંદ્રે ચોરીનો આશ્રય લીધો હતો. ઘેર આવતાં જ તેનું હૃદય ભરાઇ ગયું હતું તે કર્તવ્યવિમૂઢ બની ગયો હતો.

❧

પ્રકરણ ત્રીજું　　　　　　　　　　સ્વધર્મી વાત્સલ્યતા

He Prayeth best who loveth best
All things both great and small,
For the dear God who loveth us,
All made and loveth all.

Collridge.

જે સારામાં સારી રીતે ચાહી શકે છે તેજ સારી રીતે પ્રાર્થના કરી શકે છે. બધીજ નાની મોટી ચીજો પરમાત્માએ બનાવી છે. જે આપણને ચાહે છે અને જેણે બધું સર્જ્યું છે. જે બધાને ચાહે છે તેને જ પ્રભુ ચાહે છે.

ઉપાશ્રયનું વાતાવરણ ઘણુંજ પવિત્ર હતું. દરેક ધાર્મિક ભાવનાભર્યા સજ્જન ધાર્મિકો પોતપોતાની ઈચ્છાનુસાર સ્વાધ્યાય, સ્તવન અને સ્તુતિ બોલી રહ્યા હતા. કોઈ શ્રદ્ધાળુએ ધર્મના જાણકાર અનુભવીની પાસે થોકડા ફેરવી રહ્યા હતા કોઈ વળી મોટી સાધુ વંદણા બોલી રહ્યા હતા. તો કોઈ ચોવીસ તીર્થંકરોની સઝાય કરી રહ્યા હતા. કોઈ સંસ્કૃત શ્લોકે બોલીને પ્રાર્થનામાં એકાકાર થઈ રહ્યા હતા. જાણે કે તેમને જીવનની સાચી શાંતિ આજ સ્થાનમાં મળી ગઈ છે.

જિનદાસ શેઠ વિચારી રહ્યા હતા કે: "સાચા શ્રાવકોનું શું કર્તવ્ય છે? ધન તો ખરેખર માયાજ છે. અને માયાજ મનુષ્યને નર્કમાં લઈ જનારી છે. તો તેનાથી મારે શી રીતે બચવું?"

આવા વિચારમાં ને વિચારમાં બે ઘડી વિતી ચૂકી ત્રણ સામાયિકનો સમય પણ પૂર્ણ થવા આવ્યો. છતાં શેઠ જાતે કંઈ પણ નિર્ણય ન કરી શક્યા. તેથી ત્યાં બિરાજેલ મહાજ્ઞાની, મહાગુણી તપસ્વી મહાત્માની પાસે જઈને પોતાના હૃદયનો ભાર હલકો કરવાનો તેમણે નિશ્ચય કર્યો અને તેઓ તેમની પાસે ગયા.

પોતાની ધાર્મિક ક્રિયામાં તલ્લીન થયેલા તપસ્વીએ જિનદાસ શેઠને પોતાની પાસે આવતા જોયા એટલે પોતાના

ક્રિયા બંધ કરીને શેઠની વંદણા સ્વિકારી. શેઠ મુનિશ્રીની પાસે બેસી ગયા. અને તેઓશ્રીની આજ્ઞા લઈને પોતાની શંકાનું સમાધાન પૂછવા લાગ્યા. અહા ! તે બે આત્માઓના મિલનનું કેટલું આનંદકારી દશ્ય હતું !

મુનિશ્રીએ શેઠજીને સ્હમજ પાડી કે માયા તે વાસ્તવિક રીતે માયા જ છે. તેનાથી કોઈ તરી શકયું નથી. કારણ કે માયા માયાના રૂપે જ દરેકની પાસે છે. જો તે નિર્માયાના રૂપે દરેકની પાસે રહે ને જે પુણ્યશાળી આત્મા તેને નિર્માયા સમજે તો તે સુભાગીને કોઇ પણ રીતે ડરવાનું કારણ રહેતું નથી. દરેક વસ્તુનો સારો અને ખોટો ઉપયોગ થઈ શકે છે. માત્ર ઉપયોગ કરનાર માણસ ઉપર જ તેનો આધાર રહે છે. ઉપરાંત તેમણે એ પણ સમજાવ્યું કે સમાજ એ શું ચીજ છે ! સ્વધર્મી વાત્સલ્ય શું છે ? તેમણે કહ્યું કે " શેઠજી ! સબ દિન હોત ન એક સમાન ! આજે તમે ધનવાન છો, પણ વિજળી જેવી લક્ષ્મિનો શો ભરોસો ? જે આજે છે તે કાલે નથી. તો એ ધનનો સદ્ઉપયોગ ન કર્યાથી આખર પસ્તાવાનો જ સમય આવે છે. સ્વધર્મી વાત્સલ્યનો અર્થ એવો છે કે જે ધર્મવાન પુરૂષ ધનવાન હોય તો તેણે પોતાના દુઃખી–સ્વધર્મી સમાજબંધુઓને મદદ કરવી જોઇએ. શક્તિવાન અને પુણ્યશાળી ધનિકોએ દરેક રીતે તેમનાં દુઃખો દૂર કરવાં તે તેમની પવિત્ર ફરજ છે. આજે ધનિકો તે વાત્સલ્યનો સાચો અર્થ ભૂલી ગયા છે.

પહેલાં એક શહેરમાં એવો રિવાજ હતો કે તે શહેરમાં

જે કોઈ નવો સ્વધર્મી રહેવા આવે તેને દરેક ઘેરથી એક એક રૂપીઓ અને એક એક ઈંટ આપવી. કારણ કે તેથી તે સ્વધર્મી બંધુ રહેવા માટે મકાન બંધાવી શકે તેમજ પૈસાથી પોતાનો વહેપાર ધંધો ચલાવી શકે. જ્યારે સંઘના ધનિકો આ રીતે સંઘના દુઃખી ભાઈઓ પર ઉપકાર કરતા હતા, ત્યારે તે સ્વધર્મી બંધુ પણ એટલો બધો વાત્સલ્યભાવિ બની જતો હતો કે, તેને મળેલી મુડીથી વહેપાર કરીને વ્યાજ સહિત તે રકમ સંઘને પાછી સોંપતો હતો. તેમજ બીજા આવનાર સ્વધર્મી બંધુને પણ પોતાની માફક જ મદદ આપવા માટે આતૂર રહેતો હતો. આ રીતે સમાજને આગળ વધવામાં કશી જ આર્થિક મુશ્કેલી નડતી નહોતી. દરેકનું હૃદય સ્વધર્મ વાત્સલ્યથી ભરપુર હોય અને જ્યાં સંઘનું સંપૂર્ણ સુસામ્રાજ્ય પ્રવર્તતું હોય ત્યાં સામાજીક અને ધાર્મિક ઉન્નતિ થાય તેમાં આશ્ચર્ય પણ શું?

શેઠજી! તમે જે ધાર્મિક વિચારો સેવતા થયા છો તે તમારાં પૂર્વનાં કોઈ શુભ ફળનું જ પરિણામ છે. તમારી માયા તમને નર્કમાં ન લઇ જાય તે માટે શેઠજી! અત્યારથી જ તમે બનતો પ્રયાસ કરજો, અને આઠ કર્મોમાંથી જેટલાં બની શકે તેટલાં સંવર નિર્જરા વગેરે કરીને તમારા આત્માનો ઉદ્ધાર કરજો. ધર્મ સાધુપણામાં જ થઈ શકે છે એવો જો ભ્રમ હોય તો તે ભ્રમને દૂર કરજો અને એટલું યાદ રાખજો કે દરેક પોતપોતાની શ્રેણીપર ધર્મનું આરાધન કરી શકે છે. આજથી જ પ્રતિજ્ઞા કરો કે "આ શહેરમાં જો કોઈ દુઃખી સ્વ[illegible] જણાય તો [illegible] તપાસ કરી [illegible] દુઃખો

દૂર કરવાનો પ્રયાસ કરીશ. જેટલી સેવા શક્ય હશે તેટલી તનમનધનથી કરીને સ્વધર્મી ભાઈઓની ઉન્નતિ કરીશ."

મહારાજશ્રીનો આવો સુંદર અને સચોટ ઉપદેશ સાંભળીને જિનદાસ શેઠના હૃદયમાં અત્યંત આનંદ થયો અને તેઓ મુનિશ્રી સમક્ષ હાથ જોડીને નમસ્કાર કરીને બોલ્યા કેઃ–

"પૂજ્ય મહારાજશ્રી! આપે આજે આવો અમૂલ્ય ધર્મોપદેશ કરીને મને કૃતાર્થ કર્યો છે. અમે કે જે માયાના આવરણોથી આ સંસારમાં ઓતપ્રોત થઈ ગયા છીએ તેમને આપ જેવા પૂજ્ય પુરૂષો જ સતકર્મોમાં દોરી શકો છો. હું શ્રાવકનાં બાર વ્રતો અને સ્વધર્મી વાત્સલ્યતાના વ્રતનો આજથી જ આપની પાસેથી સ્વીકાર કરૂં છું."

આટલું કહી મહારાજને નમસ્કાર કરીને જિનદાસ શેઠ સ્વધર્મ વાત્સલ્યની પ્રતિજ્ઞા લઈને પોતે જ્યાં સામાયિક કરી હતી તે સ્થાનપર આવી ગયા. વધારે સમય થઈ ગયો હોવાથી તેમણે શ્રાવકધર્મ, સ્વધર્મી વાત્સલ્ય વગેરેની સઝાય બોલીને પછી સામાયિક વ્રત પાળી લીધું સમય વધારે થઈ જવાને કારણે પોષધ લીધેલા શ્રાવકો સિવાય બીજું કોઈ ત્યાં હતું નહિ, એટલે ઘેર જવા માટે શેઠે જલદીથી પોતાનાં વસ્ત્રો પરિધાન કરી લીધાં. રુમાલના આભૂષણો બહાર કાઢીને સારી રીતે સંભાળી લીધાં. મનુષ્ય માત્રનો સ્વભાવ એવો હોય છે કે જ્યાં તદ્દન વિશ્વાસ રાખવા લાયક જગ્યા હોય છે છતાં પણ પોતાની વસ્તુઓ પર એક નજર ફેરવી લેવાનું તે ચૂકતો જ નથી. બધા દાગીના રુમાલમાં બાંધેલા તપાસી લીધા પછી

તેમને યાદ આવ્યું કે એક મૂલ્યવાન કિંમતી હાર જે રુમાલમાં બાંધેલો નહોતો તેને પોતે ખીસામાં છુટો જ મૂકેલો હતો તે ક્યાં ગયો ? રુમાલમાં જ બીજાં આભૂષણો સાથે બાંધી દેવા માટે તેમણે તેની શોધ કરવા માંડી, પરંતુ અફસોસ! શેઠને જેટલો સંતોષ રુમાલમાં બાંધેલાં આભૂષણો જોતાં થયો તેટલી જ બલકે તેથી પણ વધારે ચિંતા અને ઉદ્વિગ્નતા તેમને છુટો મૂકેલો હાર ન જડતાં થઈ. તેમણે વિચાર્યું કે જ્યારે રુમાલમાં બાંધેલાં બધાં જ આભૂષણો સુવ્યવસ્થિત છે ત્યારે આ છુટો મૂકેલો હાર કોણ લઇ જાય ? તેઓ જરા મોટેથી ભાવાવેશમાં બોલી ગયા:—"હાર ક્યાં જાય ?" પરંતુ ચાર દિવાલો વચ્ચે માત્ર તેનો પડઘો જ સંભળાયો. શેઠ સિવાય ત્યાં કોઈ જ નહોતું. કદાચ ભૂલથી બીજા ખીસામાં મૂકાઈ ગયો હશે, એમ વિચારી તેમણે ફરીથી એક પછી એક બધાં જ ખીસ્સાં તપાસી લીધાં, પણ અફસોસ, કશામાં તે હાર તેમને જડયો જ નહિ. ફરી ફરી રુમાલ છોડીને તેમણે બીજા દાગીનાઓ તપાસી જોયા, પણ તેમાંય તે હાર નહોતો.

"હાર ક્યાં જાય ? કોણ લઈ ગયું હશે ?"

દસ હજારની કિંમતનો હાર ન જડતાં શેઠના હ્રદયમાં અનેક ગડમથલો ઉત્પન્ન થઈ, તેમનું હ્રદય આકૂળ વ્યાકૂળ બની ગયું.



પ્રકરણ ચોથું ધાર્મિક હૃદયની સંવેદના.

જગતના પુણ્યશાળીઓ ! કો' પાપીને વિસરશો ના,
ક્ષમા છે પાપનું ઔષધ, હૃદયમાં રોષ ધરશો ના;
પ્રહારો પ્રેમથી ખાજો, છતાં પણ પાપીને સહાજો,
અહિંસાના મધુર મંત્રો, જીવનભરમાં વિસરશો ના.

આત્માનાં પાપ અને પુણ્ય એ ગત જન્મોનાં કર્મોનું પરિણામ માત્ર છે, અને વિકાસક્રમની દૃષ્ટિએ પાપી જરા પણ તુચ્છકાર કે ધિક્કારને પાત્ર નથી. તેમજ પુણ્યશાળી આવકાર કે અભિનંદનને પાત્ર નથી. ઘણાને આ વાત નહિ સ્હમજાય, કારણ કે તે વાસ્તવિક અને વ્યવહારિક જીવનની બહારની વાત છે, પરંતુ જગતમાં બધા જ આત્માઓ પુણ્યશાળી હોવા કઠીન છે. જેમ જેમ આત્મા સમૃદ્ધ થતો જાય, સંસ્કારી થતો જાય, તેનો વિકાસ થતો જાય, તેમ તેમ તે ઘડાતો જાય છે અને અંતે ઘોર પાપી આત્મા પણ પુણ્યશાળી બની જાય છે. એટલે સજ્જન અહિંસક અને ધાર્મિક આત્માઓએ પાપીઓ તરફ ક્ષમાની દૃષ્ટિ જ રાખવી જોઇએ, તેમાં જ પુણ્યની સાર્થકતા છે.

જિનદાસ શેઠને હારની શોધાશોધ કરતાં એ પણ વિચાર આવ્યો કે કોઇએ કપડાં પહેરતાં બે કપડાં ઉલટ સુલટ તો નહિ પહેરી લીધાં હોય ! અથવા તો મારાથી જ હાર ખીસામાં મૂકતાં જમીનપર પડી ગયો હોય અને કોઇએ તે ઉઠાવી તો નહિ લીધો હોય ? આ વિચારે મનના સંતોષને ખાતર તેમણે

[illegible]

શેઠ વિચાર કરતાં કરતાં [illegible] બની ગયા. "શું કરવું? ચોર કોઈ થઈ ગયું છે, આ વાત તો નિર્વિવાદ છે. છતાં આ વાત જાહેરમાં શી રીતે મૂકી શકાય? બીજા લોકો શું કહેવાશે? ધર્મની કેટલી અવહેલના થશે? નિંદા થશે? ત્યારે આ વાત છાની પણ શી રીતે રાખી શકાય? અને રહેશે પણ શી રીતે? વાત છાની રાખવાથી ચોરીને ઉત્તેજન નહિ મળે? ત્યારે કરવું શું?"

"આ વાત છાની રાખવી તે શું સત્યના શાસન વિરુદ્ધ ન ગણાય? જ્યારે ઉપાશ્રયમાં ચોરી થઈ છે આ વાત મોઢામાંથી બહાર કાઢવી પણ કેટલી ઘૃણાસ્પદ છે? પરંતુ

જૈનકુળમાં જન્મ લઈને અને જૈનધર્મનાં ઉચ્ચ સૂત્રોને જીવનમાં ઉતારીને, ગ્રહણ કરીને–ઉપાશ્રયમાં જ ધાર્મિક સ્થાનમાં જ સંવર અને નિર્જરા કર્મ કરવાના ઓઠા હેઠળ અહિં આવીને કોઈપણ ધાર્મિક વ્યક્તિ ચોરી કરી શકે ? ઉપરાંત, આટલા બધા ગુણોથી વિભૂષિત મારા કોઈ સ્વધર્મી ભાઈએ જ જ્યારે ક્દાચ ચોરી કરી હશે ત્યારે તે પોતાની કેટલી ખરાબ સ્થિતિમાં હશે ? ”

આ બીનાથી તે વ્યક્તિની ગરીબાઈ અને અધોગતિમય સ્થિતિનું ભાન થાય છે. અને સાથે સાથે સ્વધર્મી વાત્સલ્યની મહારાજ પાસેથી જે પ્રતિજ્ઞા લીધી છે તેની પણ કસોટી જ થાય છે. એ લીધેલી પ્રતિજ્ઞાના પાલન માટેનો આજ પહેલો દિવસ હોય તેમ જણાય છે. ખરેખર પ્રભુ મારી કસોટી જ કરે છે. ”

જરૂર સમય સમયનું કામ કરી રહ્યો છે. કાળનાં અનંત પરમાણુઓ પણ અનંત તત્વ સાથે જલ્દીથી સંકળાતાં હશે. શેઠજીએ મનની અંદર નિશ્ચય કર્યો કે “ હવે દિલગીર થવાનો કે ઉહાપોહ કરવાનો બીલકુલ સમય નથી. મારાજ ખીસામાંથી ઉપાશ્રયમાં હાર ગુમ થયો, અને તે મારા સ્વધર્મી બંધુએજ–પ્રતિક્રમણ કરવા આવેલ દુઃખી બંધુએ જ લીધો હશે, આ વાત પ્રગટ કરવાથી જનસમાજમાં ઘણી જ ખરાબ અસર થશે; સાથે સાથે મારા ધર્મની પણ નિંદા થશે. તેમજ લોકોમાં એમ પણ કહેવાશે કે, પ્રતિક્રમણ કરવા આવનાર શ્રાવક પણ ઉપાશ્રયમાં ચોરી કરે છે. અને શ્રાવક તો ધર્મસ્થાનમાં કદી જ ચોરી કરી શકે નહિ.

જેણે પણ ચોરી કરી હશે, તે જરૂર દુઃખી હોવો જોઈએ અને કંગાળ સ્થિતિમાં આવી ગયેલો હોવો જોઇએ. અલબત્ત તેણે આ નીચ કૃત્ય કર્યું છે છતાં પણ ક્ષમાને પાત્ર છે. સમય જ માણસને હેવાન બનાવે છે, ન કરવાનાં કૃત્યો કરાવે છે. આ દૃષ્ટિએ જોતાં મારે માટે આ એક શિખામણનો અવસર છે. મારો જ સ્વધર્મી બંધુ જો દુઃખી સ્થિતિમાં આવી પડયો હોય તો અને તે એટલી હદ સુધી કે ઉપાશ્રયમાં ચોરી કરવાનું પાપ વ્હોરતાં પણ તે ન જ અચકાયો હોય તો તે ઘણી જ કંગાળ સ્થિતિમાં આવી ગયો હશે. નહિ તો આવી નીચ વૃત્તિ તેનામાં જન્મે જ નહિ. પોતાની આર્થિક સ્થિતિ તદન ખરાબ ન હોય તો તે આવું ઘૃણા લાયક કામ કદી જ કરે નહિં. તે જ્યારે કોઈને પણ કરવું પડયું છે ત્યારે તે સમાજના મારા જેવા શ્રીમંતોની બેદરકારીનું પરિણામ છે. આવી વ્યક્તિઓની સ્થિતિની મારા જેવી સાધન સંપન્ન વ્યક્તિ જ્યારે તપાસ ન કરે, સમાજ પણ જ્યારે આવા નિરાધાર માણસો તરફ આંખ આડા કાન કરે ત્યારે, ચોરી સિવાય તે કરે પણ શું! જે ભીખ નથી માગી શકતા, જે દાન નથી લઈ શકતા. જરૂર મને આ કુદરતી શિક્ષા યોગ્ય અવસરે જ થઈ છે. અને મારી જ ભૂલની શિક્ષા છે; માટે આ શિક્ષા ખમવી જ જોઇએ. આજ જે હીરાનો અમૂલ્ય હાર ગયો છે તે શિક્ષારુપ છે. સમાજના ધનાઢય અને આગેવાન ગૃહસ્થોનું સાચું અને પવિત્ર કાર્ય એ છે કે દુઃખી અને દરિદ્ર જાતીભાઇઓને મદદ કરવી. જો મ્હેં મારા કર્તવ્યનું બરાબર રીતે પાલન કર્યું હોત તો

સમાજનો એક સ્વધર્મી બંધુ-પોતાની જાતને ધાવક કહેવડાવનાર વ્યક્તિને પ્રતિક્રમણ કરવા આવતાં ચોરી કરવાની વૃત્તિ જ શી રીતે થાય? તે કેટલો દુઃખી હશે? તેના પર કેટલી વીતી હશે?

મારી અસાવધતા અને મારા કર્તવ્યથી વિમૂખ થવાનું મને યોગ્ય જ ફળ મળ્યું છે. મને આજથી જ મહારાજશ્રી પાસે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. મારી શક્તિની અને ધીરજની કસોટીનો આ અવસર મળવા માટે હું મારી જાતને ભાગ્યશાળી સમજું છું."

સમાજ અને ધર્મની વ્યવસ્થાની ફરજ એક બીજા પર-જીવ જીવના ઉપર-મનુષ્ય મનુષ્યના ઉપર અને સ્વધર્મી સ્વધર્મી ઉપર જો યોગ્ય રીતે બજાવે તો સર્વત્ર શાંતિ થઈ જાય, કોઈ દુઃખી ન રહે, કોઈ કંગાલ ન રહે." આવો મન સાથે વિચાર કરીને જિનદાસ શેઠ જાણે કંઈ જ બન્યું નથી તેમ આત્મ સંતોષ અનુભવતા ઘર તરફ વિદાય થયા. આખે રસ્તે તેમને એકજ વિચાર આવ્યા કર્યો કે "હવે કેવી રીતનું કાર્ય કરું કે જેથી મારી લીધેલી પ્રતિજ્ઞાનું સુયોગ્ય રીતે પાલન થાય!" એટલામાં પોતાનું મકાન આવી ગયું. રાત્રી ઘણી જ વ્યતિત થઈ ગઈ હોવાથી પંચ પરમેષ્ઠિનું સ્તવન-સ્મરણ કરીને તથા આખા દિવસનાં સારાં ખોટાં કાર્યોની આલોચના કરીને, તેમજ પોતાને માટે આજે એક સુવર્ણ અવસર પ્રાપ્ત થયો એમ માની હાર પરથી પોતાની મમતા ઉતારી નાંખીને જિનદાસ શેઠ શાંતિપૂર્વક નિદ્રાધીન થઈ ગયા.

❀

પ્રકરણ પાંચમું ગુન્હેગારની મનોદશા અને આદર્શ પત્ની

પ્રતિક્રમણ પછી વિહ્વલ અને ગભરાયલી મનોદશામ પોતાનો ધર્મ ચૂકી ઉપાશ્રયમાંથી જિનદાસ શેઠનો હાર ઉઠાવ લઈને સુમતિચંદ્ર પોતાના ઘર તરફ જવા લાગ્યો. તેન હૃદયમાં હજારો મંથનો ઉદ્ભવતાં હતાં. કાયમ એક વિચા તેને મુંઝવણમાં નાંખી રહ્યો હતો કે "મ્હેં ચોરી કરી ગુનાહીત કૃત્ય કર્યું છે. હું જરૂર પ્રભુનો અને સમાજને ગુન્હેગાર છું." સંયોગોવશાત્ ભૂલ કરી નાંખ્યાં પછી કાયર મનુષ્યના હૃદયમાં એક જાતનો ચરચરાટ થાય છે. એટલું જ નહિ પણ તેનું આંતરિક હૃદય તેનાથી નાશ જ થઈ જાય છે. અને સંયોગની વિકૃતદશા અને તેનું મનોમાલિન્ય-હૃદર વેદના સાથે દ્વંદ્વ યુદ્ધ અનુભવે છે.

તેવી જ રીતે સંયોગોના ગુલામ સુમતિચંદ્રના હૃદયમ પણ દ્વંદ્વ મચી રહ્યું હતું. આવી જ અંતર દશામાં તે પોતાન ઘર સમીપ આવી પહોંચ્યો. ઘરમાં દાખલ થવાની તેની હિંમ ચાલી નહિ. લજ્જાથી તેનું સ્મીત મુખ શ્યામ બની ગયું.

"મારી પત્ની સુશીલાને શો જવ
વિચાર કર્યો. "અને આ ચોરીની
જાણશે ત્યારે તે ધર્મ ભીરૂ સુશી
વજ્રાઘાત થશે ?"

આ વિચારોએ તે સાવ
ન વિચારોની ગડમથલમાં
અંદર પ્રવેશ કરી

ગયા હતા. તેની આજુબાજુના પડોશીઓ સુખી અને સંતોષી હતા. એટલે વાતાવરણ બધું જ શાંત હતું.

પરંતુ અશાંતિ તેને છે કે જે દુઃખી છે. તેને અહર્નિશ દરિદ્રતા અને આજીવિકાની ચિંતા ઉંઘ લેવા દેતી જ નથી. ઘરમાં સુમતિચંદની પત્ની સુશીલાને પણ બેચેની જ છે. એક તો દારિદ્રયની ચિંતા. અને તેમાં ય પોતાના પતિને પ્રતિક્રમણ કરવા ગયા છે તે હજુ સુધી નથી આવ્યા તેની ચિંતામાં તેને બીલકુલ શાંતિ વળતી નથી. મનથી અને મનથી સમાધાન કર્યું કે પ્રતિક્રમણ પછી તેઓ કંઈક ધાર્મિક બોધ-વચનો સાંભળવામાં કે સ્વાધ્યાયમાં રોકાયા હશે, નહિં તો તે વહેલા આવ્યા સિવાય રહે જ નહિ.

છતાં આખર તો એ સ્ત્રીજાતી જ હતી. ઘણો જ વિલંબ થવાથી તેનું હૃદય ભરાઈ આવ્યું. સ્ત્રીઓના હૃદયની પતિ તરફની જે સ્વાભાવિક કોમળ લાગણી અને માર્દવતા હોય છે તે લાગણીઓએ તેને રડાવી દીધી. તેની આંખમાં અવિરામ અશ્રુઓ ઉભરાઈ આવ્યાં. આમને આમ બીજો અડધો કલાક પસાર થઈ ગયો. અને આખરે સુશીલાના ધૈર્યનો પણ અંત આવી ગયો. તે ઉઠીને ઉભી થઈ અને ઘરનું દ્વાર ખોલીને નજર કરી તો સામે જ તેના પતિને તેણે ઉભેલા જોયા. આથી તે હર્ષમાં આવી ગઇ. અને બહાર નિકળી કહ્યું:—

"પ્રાણનાથ! આપ ક્યારના અત્રે આવીને ઉભા રહ્યા છો? આપ શા વિચાર કર્યા કરો છો? ચાલો, ઘરમાં ચાલો. જુઓ કેટલી બધી રાત્રિ વીતી ગઇ છે!"

[illegible]
[illegible]

પ્રકરણ પાંચમું

[illegible] હૃદયમાં [illegible] [illegible] હું જરૂર [illegible] સુધારક છું." [illegible] હૃદયમાં એક [illegible] નહિ પણ તેનું [illegible] છે. અને [illegible] તેનું [illegible] વેદના સાથે દંડ શુદ્ધ અનુભવે છે.

તેવી જ રીતે અંગ્રેજોના ગુલામ ગુણચંદ્રના હૃદયમાં પણ દંડ ગણી ગયું હતું. આવી જ અંતર દશામાં તે પોતાના ઘર સમીપ આવી પહોંચ્યો. ઘરમાં દાખલ થવાની તેની હિંમત ચાલી નહિ. લજ્જાથી તેનું ગ્રીન મુખ શ્યામ બની ગયું.

"મારી પત્ની સુશીલાને શો જવાબ આપીશ?" તેણે વિચાર કર્યો. "અને આ ચોરીની શુભાસ્પદ વાત જ્યારે તે જાણશે ત્યારે તે ધર્મ ભીરૂ સુશીલ પત્નીના હૃદયને કેટલો વજ્રાઘાત થશે?"

આ વિચારોએ તે સાવ હતાશ બની ગયો. આમને આમ વિચારોની ગડમથલમાં દસ મિનિટ વહી ગઈ. પરંતુ તે ઘરની અંદર પ્રવેશ કરી શક્યો નહિ. રાતના નવ વાગી

ગયા હતા. તેની આજુબાજુના પડોશીઓ સુખી અને સંતોષી હતા. એટલે વાતાવરણ બધું જ શાંત હતું.

પરંતુ અશાંતિ તેને છે કે જે દુઃખી છે. તેને અહર્નિશ દરિદ્રતા અને આજીવિકાની ચિંતા ઉંઘ લેવા દેતી જ નથી. ઘરમાં સુમતિચંદ્રની પત્ની સુશીલાને પણ બેચેની જ છે. એક તો દારિદ્રયની ચિંતા. અને તેમાં ય પોતાના પતિને પ્રતિક્રમણ કરવા ગયા છે તે હજ સુધી નથી આવ્યા તેની ચિંતામાં તેને બીલકુલ શાંતિ વળતી નથી. મનથી અને મનથી સમાધાન કર્યું કે પ્રતિક્રમણ પછી તેઓ કંઈક ધાર્મિક બોધવચનો સાંભળવામાં કે સ્વાધ્યાયમાં રોકાયા હશે, નહિં તો તે વહેલા આવ્યા સિવાય રહે જ નહિ.

છતાં આખર તો એ સ્ત્રીજાતી જ હતી. ઘણો જ વિલંબ થવાથી તેનું હૃદય ભરાઈ આવ્યું. સ્ત્રીઓના હૃદયની પતિ તરફની જે સ્વાભાવિક કોમળ લાગણી અને માર્દવતા હોય છે તે લાગણીઓએ તેને રડાવી દીધી. તેની આંખમાં અવિરામ અશ્રુઓ ઉભરાઈ આવ્યાં. આમને આમ બીજો અડધો કલાક પસાર થઈ ગયો. અને આખરે સુશીલાના ધૈર્યનો પણ અંત આવી ગયો. તે ઉઠીને ઉભી થઈ અને ઘરનું દ્વાર ખોલીને નજર કરી તો સામે જ તેના પતિને તેણે ઉભેલા જોયા. આથી તે હર્ષમાં આવી ગઇ. અને બહાર નિકળી કહ્યું:—

" પ્રાણનાથ! આપ ક્યારના અત્રે આવીને ઉભા રહ્યા છો? આપ શા વિચાર કર્યા કરો છો? ચાલો, ઘરમાં ચાલો. જુઓ કેટલી બધી રાત્રિ વીતી ગઇ છે?"

સુશીલાના આ શબ્દો સાંભળતાં જ સુમતિચંદ્રની વિચાર તંદ્રા અલોપ થઈ ગઇ. તે સફાળો જાગૃત થઈ ગયો અને પોતાની પત્ની સાથે ઘરમાં આવ્યો. છતાં તેના મોઢા પરની બેચેની અને ધર્મ વિરૂદ્ધના કાર્યની વિહ્વળતા હજી ગઈ નહોતી. ગુન્હેગાર સુમતિચંદ્ર પોતાની પત્નીના પ્રશ્નોનો કંઈજ જવાબ ન આપી શક્યો અને જવાબ આપે પણ શું ? તેણે કંઈ જ જવાબ ન આપ્યો અને જવાબને બદલે પોતાના ખીસામાંથી મૂલ્યવાન હાર કાઢીને તેણે સુશીલાના હાથમાં મૂકી દીધો.

સુશીલા તે હારને જોઇને જ અવાક્ બની ગઈ. આટલો બધો મૂલ્યવાન હાર મારા પતિના હાથમાં ક્યાંથી આવ્યો ? આ પ્રશ્ને જ તે અવાક્ બની ગઈ. તદન હતપ્રાય મુખે તૂટક તૂટક અવાજે તે બોલી:—

" આવો કિમતી હાર આપની પાસે ક્યાંથી આવ્યો પ્રાણનાથ ! "

સુમતિચંદ્ર સુશીલાના આ પ્રશ્નનો શો જવાબ આપે ? તેણે વિચાર્યું કે: હું ચોરીની વાત કરીશ ત્યારે મ્હારી સુશીલ પત્નીના કોમળ હૃદયને કેટલો આઘાત પહોંચશે ? હાય ! યદી મ્હેં આ હાર ચોર્યો જ નહોત તો ! ! શત શત વિંછીના ડંખોની વેદનાએ તેનું હૃદય વિદીર્ણ થઈ ગયું.

" પ્રાણનાથ ! તમારી મનોદશાને હું જરા પણ સમજી શકતી નથી: મને સ્હમજાવો, આજે તમે આમ સાવ શૂન્ય, સાવ વિહ્વળ કેમ બની ગયા છો ? તમારા મોઢા પર કોઈ ગુનાહીત કૃત્ય કર્યાનો પશ્ચાત્તાપ કેમ તરવરી રહ્યો છે ? "

સુમતિચંદ્ર પાસે જ પડેલા ખાટલા પર બેસી ગયો. બેઠો નહિ પડયો અને બે હાથથી મોઢું ઢાંકીને રડી પડયો. સુશીલા આ કુતુહલથી–પતિના અણધાર્યા રૂદનથી સાવ ગભરાઈ ગઈ; છતાં તેણે ખૂબ આશ્વાસન આપીને પતિના હૃદયના ઢૂમાને હળવો કર્યો, તેનાં આંસુ લુછયાં અને પાણી પાઈને શાંત બનાવી બધી વાત પૂછી જોઈ. સુમતિચંદ્રે ઉપાશ્રયમાં જે કાંઈ પોતાના મનોવિકારો જન્મ્યા હતા તે સાથે હાર ચોરીની વાત કહી સંભળાવી. સુશીલાના હૃદયમાં આ વાત સાંભળતાં ઘણી વેદના થઈ. તેને એ વાતથી ઘણું દુઃખ થયું કે મારા સચ્ચારિત્ર્યશીલ પતિએ ચોરી કરવા જેટલું પાપ કર્યું ? અને તે પણ ઉપાશ્રયમાં ? તે ગદ્‌ગદ્ કંઠે બોલી:

"પ્રાણનાથ ! આપને આવી દુર્બુદ્ધિ કેમ સુઝી ? શું સમસ્ત દુનિયાનાં દુઃખોએ આપના પર વિજય મેળવ્યો ?"

"સુશીલા ! વ્હાલી ! આ ઘોર પાપ કરતાં તો કરી ચૂકયો છું પણ અત્યારે તેના પશ્ચાત્તાપની વેદના મારા હૃદયને કોરી ખાય છે. અત્યંત ગરીબાઈ અને આ તનહા હાલતમાં પણ મારે ધર્મ ચૂકવો જોઈતો નહોતો, પણ મને દુર્બુદ્ધિ સૂઝી, દુઃખને હું સહન ન કરી શકયો !"

સુશીલા સાચી અર્ધાંગના હતી. આદર્શ ગૃહિણી હતી. અત્યારે તેણે વિચાર્યું કે મારો ભલો પતિ કેટકેટલા હૃદય-મંથનો અને મુશીબતોના આઘાતોએ મુંઝાઈને આ કાર્ય–ઘૃણીત કાર્ય કરવા પ્રેરાયો હશે ? જરૂર સમય જ માણસને વિપરીત સ્થિતિમાં મૂકી દે છે. માટે અત્યારે તેને શાંતિની જરૂર છે–આશ્વાસનની જરૂર છે. આથી તેણે કોમળ ભાવે કહ્યું:

"હેન! અજાણ્યાન માણસાને છે, આમાં ત્હારો કંઈ જ દોષ નથી. આપણાં દૈવ પૂર્વનાં અશુભ કર્મોનું જ આ પરિણામ છે, અને તેણે જ આપણી આ સ્થિતિની સર્વ સંપત્તિનો નાશ કરી નાંખ્યો છે. આપણા સંસ્કારોમાં પણ કાંઈક ખામી રહી ગયેલ, નહિ તો આવી કુબુદ્ધિ આપણને સૂઝે જ નહિ."

"મારી ચોરી કરવાની જરી પણ ભાવના નહોતી, હેન! આ દરિદ્રતા અને કાળના ભોજનની ચિંતાએ જ મને ગભરાવ્યો હતો. અને તેણે જ આ બુરું કાર્ય કરાવ્યું છે. કાર્ય તો થઈ ગયું પણ તે પછીની મારી વેદનાએ મને ખૂબ હેરાન કરી નાખ્યો છે." થોડીવાર વિચાર કરીને પુનઃ સુમતિચંદ બોલ્યોઃ— હવે શોક કર્યે કંઈ વળે તેમ નથી. જે કાર્ય થઈ ગયું તે થઈ જ ગયું છે, પરંતુ આપણી સ્થિતિ સારી થઈ જશે, એટલે આ કાર્યનો સંપૂર્ણ બદલો વાળવાની શુભ ભાવના મારા હૃદયમાંથી કદાપિ ખસશે નહિ. શું મારું આ કાર્ય..........”

સુમતિચંદ્રને આગળ બોલતો અટકાવીને સુશીલાએ કહ્યું:

"ભલે આપની ભાવના ચોરી કરવાની નહિ હોય પરંતુ વાસ્તવિક રીતે આ કાર્યને ચોરી જ કહી શકાય. કોઈને પણ ખબર ન પડે એવું દરેક કૃત્ય—એવી દરેક ભીરૂ પ્રવૃત્તિ આપણા અમૂલ્ય વ્રતનું ખંડન કરી નાંખે છે. અને વ્રત કોઈ પણ સુખી સ્થિતિમાં પળાતું જ નથી. અથાગ ગરીબાઈ ને દુઃખો વેઠતાં પાળેલાં વ્રતો જ આપણા ધાર્મિક આત્માનો વિકાસ કરે છે. આવી કસોટીના વખતેઃ—

धर्मप्रवेष्टु ज्वलितं हुताशनम् ।
गत्वापि मार्गं चिर संचितम् पुण्यम् ॥

મહાન પુરૂષોનો એવો આદેશ છે કેઃ શુભ મુહૂર્તના ઉદયે અંગીકાર કરેલાં વ્રતોની ઉપેક્ષા કરવી તેના કરતાં તો જાજ્વલ્યમાન અગ્નિમાં બળી જવું વધારે સારૂં છે.” એટલે વ્રતનો ભંગ શી રીતે કરી શકાય? અને તે પણ ધર્મસ્થાનમાં! ઉપાશ્રયમાં! જેનો હાર આપણે ધારી લીધો છે તે વ્યક્તિ કેટલી બધી શુભ ભાવના અને વિશ્વાસ હૃદયમાં ભરીને ઉપાશ્રયમાં આવી હશે? અને હાર ઘાલાઈ ગયો એવું જ્યારે તેને માલુમ પડ્યું હશે ત્યારે, તેને ધર્મસ્થાન પર અને ધર્મબંધુઓ પર કેટલી બધી ઘૃણા ઉત્પન્ન થઈ હશે? પ્રાણનાથ!

આપ વિચાર કરો કે આપનો ગુન્હો કેટલો મોટો છે? આપણી ગરીબાઈ માટે, ધર્મને, ધર્મસ્થાનને, ધર્મબંધુઓને અને છેવટ આપણા પોતાના આત્માને આપણે કેટલું બધું નુકશાન કર્યું છે?”

સુશીલાનાં આ વચનો સુમતિચંદ્રના હૃદયમાં કોતરાઇ ગયાં. જેમ ગાઢ અંધકારમાં સૂર્યનું એકજ કિરણ પડે અને જેમ અંધકારને ભેદી નાખે તેમ તેના હૃદયપટમાં અજવાળું પડી ગયું. તે આર્દ્ર સ્વરે બોલી ઉઠયો :–

“દેવિ! તારાં આ શુભ વચનોએ મારા હૃદયના અંધકારને દૂર કરી નાખ્યો છે. પરંતુ થયેલ ભૂલને હવે શી રીતે સુધારવી તેનો કંઈ રસ્તો તો કાઢવો જ પડશે!

પ્રકરણ છઠ્ઠું સંગ્રામ-વિગ્રહ

"રસ્તો બતાવું, પ્રાણનાથ? રસ્તો તો સરળ છે પણ તે કઠીણ છે." આ કૃત્યના પ્રાયશ્ચિત રૂપે રસ્તો બતાવવા સુશીલાએ જવાબ દીધો. તે પોતાના પતિની હૃદયવ્યથાને સારી રીતે જાણી ચૂકી હતી એટલે તેને ખાત્રી હતી કે પતિ સુમતિચંદ્ર તેની વિનંતિનો જરૂર સ્વિકાર કરશે.

પરંતુ સુમતિચંદ્રની કલ્પનામાં ન આવ્યું કે સુશીલાએ કયો રસ્તો વિચારી રાખ્યો છે? તે સોચવા લાગ્યો કે: "મેં ઘણું જ ખોટું કૃત્ય કર્યું છે, તેનું ગમે તેટલું કઠીણતમ પ્રાયશ્ચિત હોય તો પણ ધાર્મિક દૃષ્ટિએ, નૈતિક દૃષ્ટિએ મારે તેનો સ્વિકાર કરવો જ જોઇએ. સુશીલાએ કઇ જાતનું પ્રાયશ્ચિત શોધ્યું હશે? હાર-જે મ્હેં હતબુદ્ધિમાં ચોર્યો છે તે શેઠને જઇને રૂબરૂમાં જ પાછો આપી આવવો? અને શેઠની ક્ષમા માગવી? તે સિવાય બીજો કોઈ રસ્તો નથી. તો પછી આ દરિદ્રતાનો શો રસ્તો આવશે? કાલની આજીવિકા શાનાપર નિર્ભર રહેશે?" ફરી પાછી એજ આજીવિકાની ચિંતાએ સુમતિચંદ્રને ભ્રમિત કરી નાખ્યો. અને તેણે ભ્રમિત બુદ્ધિએ વિચાર્યું કે "હાર પાછો ન આપવા સિવાય સુશીલા જો કોઇ પણ રસ્તો બતાવતી હોય તો તે મને માન્ય છે. કારણ કે સુશીલાના કહેવાથી જો આ હાર તે શેઠને પાછો સુપરત કરી આવીશ; જો કે એ સુપરત કરવો તેજ કઠીણ વસ્તુ છે, કારણ કે આંખોઆંખ મળતાં ચોરીની ઘોર લજ્જાને હું કોઈ રીતે પણ સહન નહીજ કરી શકું, છતાં પણ તેમ કરવામાં અમે બન્નેય ભૂખના દુ:ખે મરી જઇશું. આ હાર શેઠને

છે આપીશ તો તે પેટી પટારામાં પડયો રહેશે, અને ક્ષમા
ાગીશ ને કદાચ તેઓ ગુસ્સે થઈને મને પોલીસને હવાલે
ાશે તો આબરૂ ઇજ્જત પણ જે અત્યાર સુધી દુઃખે પાપે
ણ બચી છે તે પાણીમાં મળી જશે!

પણ આ બધી વાત હું સુશીલાને શી રીતે સમજાવી
ાકું ? તે હૃદયની એટલી કોમળ અને ધર્મભીરૂ છે કે મારી
ાઈ પણ દલીલ તેને ગળે ઉતરવાની જ નથી. હા, મ્હેં
ચોરી કરી છે, મારા હિતનું ખંડન કર્યું છે, પરંતુ કેવી હાલ-
ામાં ? આવી તંગ હાલતમાં ન છુટકે મારે ચોરી કરવી
પડી છે. ને શેઠનો આ હાર મ્હેં ચોરી લીધો છે. તેમને
આ એક હાર તો શું પણ આવા હજાર હાર કોઈ ચોરી
જાય તો કંઈ હૃદયને લાગે તેમ નથી, કારણ કે તેઓ સાધન-
સંપન્ન છે. જ્યારે મારા જેવા ગરીબ અને નિરાધારને તો આ
હારનું એક મોતી પણ પ્રાણદાન આપી શકે તેમ છે. વિશ્વની
આટલી બધી ક્રૂર અને ઘાતકી અસમાનતા કઈ રીતે દૂર કરી
શકાય તેમ છે ? જેમનો એક જ ધર્મ છે, એક જ ગુરૂ છે,
જેઓ એકજ સમાજમાં અને દેશમાં રહે છે, જેમનો એકજ
ઇશ્વર છે અને એકજ જ્ઞાતિમાં જેઓ જન્મ્યા છે; છતાં પણ
એક શેઠ જ્યારે હજારો-લાખો રૂપીઆ ભેગા કરીને પૂર્ણ
વૈભવથી અને એશઆરામથી જીવન વિતાવે છે, જ્યારે તેમની
જ જ્ઞાતિનો એક ગરીબ બંધુ એક દિવસની ખોરાકી માટે
ફવાતીયાં કરે છે, એક એક દાણાને માટે ટળવળી મરે છે!!!
કેટલી બધી અસમાનતા!! અને આ અસમાનતાની વચમાં
ગુંગળાઈને મ્હેં હારની ચોરી કરી-મારા વ્રતનો ભંગ કર્યો-

તેમાં એટલું બધું કયું પાપ આવી ગયું ? કયું ઍ કાર્ય કર્યું ?

ના, ના, પણ આટલા બધા વિચારોની અહીં આવશ્યક જ ક્યાં છે ? પોતાનાં પૂર્વ જન્મનાં શુભ કૃત્યોનાં ફળ લીધે તો આજે તે સુખી છે, જ્યારે મારાં અશુભ કર્મો ઉદયથી હું દુઃખ ભોગવું છું, આ બાબતમાં કોને દોષ આપવો શું શેઠ કે શું ગરીબ, કર્મના અવિચલ સિદ્ધાન્તો આગળ મનુષ્ય–નિઃસહાય કર્માધીન મનુષ્ય શું કરી શકવાનો હતો ?

તો શું ગરીબીની ઘાણીમાં પિસાઈ પિસાઈને કર્માધીન-પણે મારા કિસ્મતમાં ટળવળવાનું જ છે ?

આમને આમ સંભ્રમ–વિભ્રમમાં પડેલ સુમતિચંદ્રે કેટલોય વખત વિચારતંદ્રામાં ગુમાવી દીધો; તેનું તેને પોતાને પણ ભાન ન રહ્યું.

સુશીલાએ કહ્યું:—

" નાથ ! આ વિષયમાં આટલો બધો વિચાર કરવાની શી જરૂર છે ? આપે જે બુરૂં કાર્ય કરીને વ્રતખંડન કર્યું છે તેનું પ્રાયશ્ચિત તો આપને જરૂર કરવું જ જોઇએ...."

સુમતિચંદ્રે તેને અધવચ રોકતાં કહ્યું:—

" તું કહે છે તે બધું જ સાચું, પરંતુ મારી આવી દયાજનક સ્થિતિમાં આ કૃત્યને ન તો હું પાપભર્યું માનું છું કે ન તો તેનાથી મારૂં વ્રત ખંડન થયેલું ગણું છું....."

" પ્રાણનાથ ! આપના આ વિચારો આપણા દુઃખદ સંયોગોને લીધે ઉદ્‌ભવેલા છે. પરંતુ સ્થિર ચિત્તે, નૈતિક દૃષ્ટિએ આપ વિચાર કરશો તો સ્વાભાવિક રીતે જણાશે

અને આપને જાણવાની ફરજ પડી છે, આજે જે આ કાર્ય કર્યું છે તે કેવળ ખરાબ કર્યું છે, અને મતનું ખોટું પણ કર્યું છે. હમણાં જ તમે મને આ માટેનો કોઈ યોગ્ય રસ્તો બતાવવાનું કહેતા હતા, અને જો આપ આજ્ઞા કરો તો મેં યોગ્ય માર્ગ શોધી કાઢ્યો છે. આપની આજ્ઞા થાય તો હું આપને કહું."

પોતાના પતિ વળી પાછા કોઈ દુષ્ટ વિચારસરણી પર ચઢી ગયા છે એમ માનીને પહેલાંની વાતને સુશીલાએ ફરીથી આગળ કરી.

પોતાની માયાળુ પત્નીનાં આવાં વિવેકપુરઃસરનાં વચનો સાંભળીને સુમતિચંદ્રે પોતાની વિચારસરણીને બંધ કરી દીધી, અને કહ્યું કેઃ—

"દેવિ! હું તો અત્યારે પરિસ્થિતિને આધીન બની ગયો છું. તું મને બતાવ કે મારે કયો રસ્તો લેવો?"

"જો આપ મારા કહેવાનો સ્વિકાર કરો તો........ મારે એટલી જ વિનંતિ કરવાની છે કે સ્હવારમાં જ આપે આ હાર તેના માલિક શેઠને સુપરત કરી દેવો."

સુશીલા આવો જવાબ આપશે તે વાત સુમતિચંદ્ર પહેલેથી જ જાણતો હતો, છતાં તેણે કહ્યું કેઃ—

"તો શું હાર પાછો આપી દેવો? અને કાલે આપણ બન્નેય........"

સુશીલાએ તુરત ઉત્તર આપ્યો કેઃ—

"ના, ના, હું તેને એમને એમ જ પાછો આપવાની

વાત ક્યાં કરૂં છું. સવારમાં જ આ હાર લઈને આપ જિન-દાસ શેઠની પાસે જવું અને હાર તેમને ત્યાં ગીરો મૂકીને જેટલા રૂપીઆની વહેપાર માટે જરૂર હોય તેટલા રૂપીઆની તેમની પાસે માગણી કરવી."

સુમતિચંદ્રને આ વાતની બિલકુલ કલ્પના નહોતી. તે વિચારમાં પડી ગયો. પરંતુ સુશીલાને તો પોતે વિચારેલા રસ્તા માટે સંપૂર્ણ વિશ્વાસ હતો. તેણે જવાબ આપ્યો કે:-
"આ સિવાય આપણે માટે પાપ અને બેકારીથી બચવાનો બીજો કોઈ જ રસ્તો નથી."

સુમતિચંદ્રે મનમાં ને મનમાં વિચાર કર્યો કે, "સુશીલા શું વિચાર કરીને કહે છે? જેનો હાર હું ચોરી લાવ્યો છું તેની જ પાસે હું તેનો જ હાર ગીરો મૂકીને પૈસા લેવા જાઉં? તે શી રીતે બની શકે?"

સુશીલા બોલી:—

"દેવ! આપ કોઈ પણ જાતનો વિચાર ન કરશો. ધર્મ અને ટેક—આબરૂ એક એવી વસ્તુ છે કે જેને ખાતર મનુષ્ય પોતાનો પ્રાણ અર્પણ કરવાને પણ તૈયાર થઈ જાય છે. કહ્યું છે કેઃ—

धन दे तन को राखिये तन दे रखोये लाज।
धन दे तन दे लाज दे, एक धर्म के काज॥

"દેવિ! તારી કહેલી વાત સાચી છે પરંતુ તે પોતાનો જ હાર જોઈને મને શું કહેશે? તે તુરત જ પોતાના હારના ચોરને નજર સમક્ષ ઉભેલો જોઈને પોલીસને હવાલે

કરી દેશે; તેને કોણુ રોકવાનું હતું ? આ માર્ગ સિવાય બીજો કોઈ રસ્તો છે ?"

સુમતિચંદ્રે સુશીલા સામે એક કોયડો રજુ કર્યો. સુશીલાએ કહ્યું:—

"પ્રાણુનાથ ! આજ એક મહાન તપશ્ચર્યા છે. જે એકલી જ આ પાપને બાળી નાંખી શકે તેમ છે. જિનદાસ શેઠના સ્વભાવ માટે આપ જરા પણુ અવળો ખ્યાલ ન કરશો. તે ભગવાન મહાવીરના સાચા શ્રાવક છે, અને આપણા ધર્મ-બંધુ છે. તે કદાપિ પણુ આપના તરફ એવો દુર્વ્યવહાર નહિ કરે. આપ પૂર્ણ વિશ્વાસ રાખજો કે આથી ભવિષ્યમાં પણુ આપણુને સાચો આધાર મળી રહેશે, આપણી ઉન્નતિ થશે. નિશ્ચંત રીતે પ્રાતઃકાળમાં આપ જિનદાસ શેઠ પાસે જજો. હાર ગીરો મૂકજો, એજ તપશ્ચર્યાથી આપ ઉજ્જવળ બનશો."



પ્રકરણ સાતમું — સુમતિચંદ્રનું સાહસ

આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે પોતાની આદર્શ પત્નિનાં બોધવચનો સાંભળીને જેટલી હૃદયમાં પાપવૃત્તિ હતી તે બધી જ, ઉજ્જવલ જગતની મહદ્દતમ ભાવનાએ ભસ્મિભૂત બનાવીને સુમતિચંદ્રે નિશ્ચય કર્યો કે "ગમે તે થાવ, ન્હાય તો અપકીર્તિ થાય, સજા થાય, અપમાન થાય કે કાયમ ગરીબી સહન કરવી પડે; પરંતુ લજ્જા, કે જે હૃદયને પણ પતિત બનાવે છે તેના ખોટા આશરા નીચે ઠગાઈને પાપભાગી તો થવું જ નથી."

આ નિશ્ચયથી તેના હૃદયને ખૂબ શાંતિ મળી. અને તે સંતોષથી ઉંઘી ગયો.

સ્હવારનાં વ્હેલાં ઉઠીને પ્રાતઃકાળનાં કાર્યોથી પરવારીને શુદ્ધ હૃદયે સુમતિચંદ્ર ઉપાશ્રયમાં પહોંચ્યો. ત્યાં સામાયિક-કાર્ય આટોપીને વિદ્વાન મુનિમહારાજનું વ્યાખ્યાન શ્રવણ કર્યું. મુનિશ્રીએ પ્રસંગોપાત્ પોતાના વ્યાખ્યાનમાં ઉપદેશની સાથે સાથે સ્વધર્મ વાત્સલ્યનું મહત્વ બતલાવ્યું અને રાતના જિનદાસ

શેઠે જે પ્રતિજ્ઞા લીધી હતી તે ત્યાં બેઠા થયેલા શ્રાવક શ્રાવકોને સંભળાવીને દરેક શ્રાવકનું કર્તવ્ય સમજાવી, જિનદાસ શેઠની માફકજ પ્રતિજ્ઞા લેવાની શિખામણ આપી.

સામાયિક કરતાં કરતાં પણ સુમતિચંદ્રને પોતાનું કૃત્ય યાદ આવી ગયેલું, અને કંપી ગયેલો; પરંતુ અત્યારે જ્યારે તેણે જિનદાસ શેઠની સ્વધર્મ વાત્સલ્યની પ્રતિજ્ઞા સાંભળી ત્યારે તેના હૃદયમાં ખૂબ હિંમત આવી ગઈ, અને સુશીલાએ પતિના જે પાપી કૃત્ય માટે પ્રાયશ્ચિતનો રસ્તો બતાવ્યો હતો તેમાં જે કાંઈ શંકા હતી તેનું નિરાકરણ થઈ ગયું અને તેને ખાત્રી થઈ ગઈ કે, "સુશીલા સાચેસાચ દેવીજ છે, મારા ઘરની લક્ષ્મી છે. આજે મને મારા જીવનનો ઉજ્જવળ દિવસ લાગે છે."

તે પછી તે ઉપાશ્રયમાંથી બહાર નિકળ્યો. ફરી એકવાર તેના કૃત્યે તેના હૃદયને કોતરી નાંખ્યું અને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે "આજ વખતે હું જિનદાસ શેઠના પગમાં પડીને ક્ષમા માગી લઉં." પરંતુ તેને સુશીલાની સલાહ વધારે પસંદ આવી ગઈ હતી એટલે તેણે ઘેર જઈને તે હાર લઈ શેઠની પાસે જવાનો નિશ્ચય કરી લીધો.

સુમતિચંદ્ર પોતાને ઘેર પહોંચ્યો. તે પોતે કૃતનિશ્ચયી હતો જ; તેમાં સુશીલા પણ પોતાના પતિના આ નિશ્ચયમાં પ્રોત્સાહન પૂરવા તૈયાર જ હતી. છતાં સુમતિચંદ્રને હવે વધારે પ્રોત્સાહન આપવાની જરૂર જ નહોતી. તેણે હૃદયને દૃઢ અને મજબુત બનાવી દીધું હતું. પોતાના વ્રતને તે અખંડ રાખવા માંગતો હતો અને કરેલાં પાપનું મહાન

પ્રાયશ્ચિત કરવાને તૈયાર થઈ ગયો હતો. પોતાના પતિના હાથમાં તે અમૂલ્ય હાર મૂકતાં સુશીલા બોલી:—

"પ્રાણનાથ! મારું હૃદય આજે મને સાક્ષી આપી રહ્યું છે કે જેટલી કલુષિત અને પાપીભાવનાથી આ હાર ચોરાયો હતો, તેટલી જ ઉજ્જવળ, નિર્મળ અને પવિત્ર ભાવનાથી આપ જિનદાસ શેઠને આ હાર પહોંચાડી દેશો. આપણું ભવિષ્ય ઉજ્જવળ છે."

સુશીલાનાં આવાં વચનોથી સુમતિચંદ્રને ખૂબ હર્ષ થયો. અને સુશીલાને સંપૂર્ણ વિશ્વાસ આપતાં કહ્યું કે:—

"દેવિ, તું જરીપણ શંકા ન લાવીશ. હું હમણાં જ જિનદાસ શેઠને આ હાર સુપરત કરી, કાર્યમાં સફળતા મેળવીને પાછો આવું છું."

× × ×

बुभुक्षितः किं न करोति पापम्નું આજે પ્રાયશ્ચિત થઈ રહ્યું છે. જિનદાસ શેઠ પણ ઉપાશ્રયમાંથી પોતાની પેઢી પર ગયા. પોતાની ગાદી પર બેઠા પછી સ્વસ્થ ચિત્તે તેઓ વિચાર કરવા લાગ્યા કે:—

દિવસો આત્માનો ઉત્કર્ષ કરવામાં વાપરી રહ્યા હતા. સાથે, તન, મન અને ધનથી મનુષ્ય જાતિની, ધર્મની અને સમાજની સેવા અને તે તમામદ્વારા આત્માનો ઉત્કર્ષ સાધવામાં અને ધ્યેયને પરિપૂર્ણ કરવામાં જીવનની સફળતા અનુભવી રહ્યા હતા. રાત્રીની ઘટના બની ગયા પછી સેવાધર્મ પર તેઓ ખૂબ વિચાર કરી રહ્યા હતા. સ્હવારમાં મહારાજશ્રીએ પણ એજ વિષયમાં ઉપદેશ આપ્યો હતો. ત્યાંથી તેઓ પોતાની દુકાનપર આવ્યા, અને પોતાનો હાર ગુમ થઈ ગયો તે સંબંધી પોતાની જાતને જ અપરાધી સ્હમજીને, હાર લઈ જનાર દુઃખી ધર્મબંધુને કઈ રીતે મદદ કરી શકાય? તે સંબંધી તેઓ વિચારમાં ગરકાવ બની ગયા હતા, તેટલામાંજ સુમતિચંદ્ર શેઠની દુકાનપર આવી પહોંચ્યો.

સુમતિચંદ્રને શેઠ સારી રીતે ઓળખતા હતા. અને પોતે જ પોતાના પહેલાંનાં ગરીબ જીવનમાં તેના જ કુટુંબના અનાજથી પોષાયા હતા અને તેમના સહકાર અને વાત્સલ્યથી જ આગળ વધ્યા હતા તે વાત તેઓ જરી પણ ભૂલ્યા નહોતા. એટલે ગરીબ હોવા છતાં પણ સુમતિચંદ્રનો તેમણે પૂર્ણ સન્માન સાથે સત્કાર કર્યો અને પોતાની જોડે જ ગાદી પર બેસાડયો.

અરસપરસ શિષ્ટાચાર પ્રમાણે કુશળ સમાચાર પૂછાયા પછી શેઠે સુમતિચંદ્રના આવવાનું પ્રયોજન પૂછ્યું અને પોતાને જે કંઈ કામ હોય તે ખુશીની સાથે કહેવાનો આગ્રહ કર્યો. સુમતિચંદ્રનું હૃદય અહીં આવ્યા પછી ધડકી રહ્યું હતું. "હું શી રીતે વાતની શરૂઆત કરું?" આજ વિચાર તેના હૃદયમાં

પ્રાયશ્ચિત કરવાને તૈયાર થઈ ગયો હતો. પોતાના પતિના હાથમાં તે અમૂલ્ય હાર મૂકતાં સુશીલા બોલી:—

"પ્રાણનાથ! મારું હૃદય આજે મને સાક્ષી આપી રહ્યું છે કે જેટલી કલુષિત અને પાપીભાવનાથી આ હાર ચોરાયો હતો, તેટલી જ ઉજ્જ્વળ, નિર્મળ અને પવિત્ર ભાવનાથી આપ જિનદાસ શેઠને આ હાર પહોંચાડી દેશો. આપણું ભવિષ્ય ઉજ્જ્વળ છે."

સુશીલાનાં આવાં વચનોથી સુમતિચંદ્રને પૂર્ણ હર્ષ થયો. અને સુશીલાને સંપૂર્ણ વિશ્વાસ આપતાં કહ્યું કે:—

"દેવિ, તું જરીપણ શંકા ન લાવીશ. હું હમણાં જ જિનદાસ શેઠને આ હાર સુપરત કરી, કાર્યમાં સફળતા મેળવીને પાછો આવું છું."

× × ×

बुभुक्षितः किं न करोति पापम्‌નું આજે પ્રાયશ્ચિત થઈ રહ્યું છે. જિનદાસ શેઠ પણ ઉપાશ્રયમાંથી પોતાની પેઢી પર ગયા. પોતાની ગાદી પર બેઠા પછી સ્વસ્થ ચિત્તે તેઓ વિચાર કરવા લાગ્યા કે:—

"મારું જીવન હું કઈ રીતે સફળ બનાવું? મારા વ્રતોનું સંપૂર્ણ રીતે પાલન કઈ રીતે કરી શકું?"

જિનદાસ શેઠે પોતાના ગાર્હસ્થ્ય અને વ્યાપારી જીવનમાં સંપૂર્ણ રીતે સફળતા પ્રાપ્ત કરી હતી. યશ, વૈભવ, રાજસન્માન અને સાથે સાથે પ્રજાસન્માન, બધુંજ તેમને માટે નિછાવર હતું. હવે, ઘરકારભાર અને વ્યાપારભાર પોતાના પુત્રોને સોંપીને જિનદાસ શેઠ પોતાના જીવનના રહ્યા સહ્યા

દિવસો આત્માનો ઉત્કર્ષ કરવામાં વાપરી રહ્યા હતા. સાથે, તન, મન અને ધનથી મનુષ્ય જાતિની, ધર્મની અને સમાજની સેવા અને તે દ્વારા આત્માનો ઉત્કર્ષ સાધવામાં અને ધ્યેયને પરિપૂર્ણ કરવામાં જીવનની સફળતા અનુભવી રહ્યા હતા. રાત્રીની ઘટના બની ગયા પછી સેવાધર્મ પર તેઓ ખૂબ વિચાર કરી રહ્યા હતા. સવારમાં ગુરુમહારાજશ્રીએ પણ એજ વિષયમાં ઉપદેશ આપ્યો હતો. ત્યાંથી તેઓ પોતાની દુકાનપર આવ્યા, અને પોતાનો હાર ગુમ થઈ ગયો તે સંબંધી પોતાની જાતને જ અપરાધી સમજીને, હાર લઈ જનાર દુઃખી ધર્મબંધુને કઈ રીતે મદદ કરી શકાય? તે સંબંધી તેઓ વિચારમાં ગરકાવ બની ગયા હતા, તેટલામાંજ સુમતિચંદ્ર શેઠની દુકાનપર આવી પહોંચ્યો.

સુમતિચંદ્રને શેઠ સારી રીતે ઓળખતા હતા. અને પોતે જ પોતાના પહેલાંનાં ગરીબ જીવનમાં તેના જ કુટુંબના અનાજથી પોષાયા હતા અને તેમના સહકાર અને વાત્સલ્યથી જ આગળ વધ્યા હતા તે વાત તેઓ જરી પણ ભૂલ્યા નહોતા. એટલે ગરીબ હોવા છતાં પણ સુમતિચંદ્રનો તેમણે પૂર્ણ સન્માન સાથે સત્કાર કર્યો અને પોતાની જોડે જ ગાદી પર બેસાડયો.

અરસપરસ શિષ્ટાચાર પ્રમાણે કુશળ સમાચાર પૂછાયા પછી શેઠે સુમતિચંદ્રના આવવાનું પ્રયોજન પૂછયું અને પોતાને જે કંઈ કામ હોય તે ખુશીની સાથે કહેવાનો આગ્રહ કર્યો. સુમતિચંદ્રનું હૃદય અહીં આવ્યા પછી ધડકી રહ્યું હતું. "હું શી રીતે વાતની શરૂઆત કરૂં?" આજ વિચાર તેના હૃદયમાં

તુમુલ યુદ્ધ મચાવી રહ્યો હતો. અને હવે તો વાત કર્યા સિવાય પાછું પણ શી રીતે જવાય? એટલે તેણે અચકાતાં અચકાતાં શેઠને પોતાની દુઃખદ સ્થિતિ સંભળાવી. અને વ્યાપારને માટે થોડા રૂપીઆની આવશ્યકતા છે તેમ જણાવીને મદદની માગણી કરી કહ્યું કેઃ—

"મારી પાસે આ 'હાર' છે તેને આપ ગીરો રાખી લ્યો અને મને વહેપારને માટે રૂપીઆની મદદ કરો!"

તે સમયે દુકાનમાં શેઠ, તેમના દીકરા, ગુમાસ્તાઓ વગેરે સુમતિચંદ્રની વાત સાંભળી રહ્યા હતા. તેઓ બધા 'હાર'ને જોતાં જ ચમકી ઉઠ્યા.



પ્રકરણ આઠમું — જિનદાસશેઠની ઉદારતા

સુમતિચંદ્રે જેવો હાર કાઢ્યો, તેવીજ બધાની નજર જિનદાસ શેઠના ગળાપર પડી. પરંતુ શેઠનું ગળું ખાલી જોતાં જ અને તે ગળામાં સુમતિચંદ્રનો લાવેલો હાર રોજ પહેરાયેલો જોવાને પરિચીત લોકો સાશ્ચર્યમાં પડી ગયા. કાલ દિવસ સુધી જે હાર શેઠજીના ગળામાં હતો, અને જે શેઠની માલીકીનો હતો તે આજ સુમતિચંદ્રના હાથમાં કયાંથી આવ્યો? અને આવો મૂલ્યવાન હાર સુમતિચંદ્ર ગીરો મૂકવા શા માટે તૈયાર થયો? આવા પ્રકારે ત્યાં બેઠેલાઓએ અનેક કલ્પનાના ઘોડા દોડાવવા માંડ્યા.

બીજી બાજુએ જિનદાસ શેઠને અત્યંત આનંદ થઈ રહ્યો હતો. કાલે રાતના મહારાજશ્રીના ઉપદેશથી લીધેલી પ્રતિજ્ઞા અને હારનું ગુમ થવું; સ્હવારનું વ્યાખ્યાન થવું અને પ્રતિજ્ઞાપાલન માટેના વિચારો, અને એટલામાં જ સુમતિચંદ્રનું હાર લઈને આવવું, આ બધું દૃશ્ય જિનદાસ શેઠની નજર સામે તાદૃશ્ય થયું. સુમતિચંદ્ર માટે શેઠને અત્યંત

માન હતું અને જ્યારે હાર લઈને પોતે જાતે જ શેઠની સમક્ષ ઉપસ્થિત થયો, ત્યારે શેઠજી તેની હિંમત અને પ્રમાણિકતા જોઈને મનમાં ને મનમાં પ્રશંસા કરવા લાગ્યા કેઃ-

"અહા! કેટલી બધી પ્રમાણિકતા! હારને ચોરી લેવો, અને તે પણ એક શ્રાવકને, અને તે પણ ઉપાશ્રયમાં કે જે અપરાધ ભારેમાં ભારે ગણાય છે, જેને માટે ભારેમાં ભારે સજા થવી ઘટે. પરંતુ છુપાવ્યા સિવાય, તેનો કોઈપણ જાતનો દુરૂપયોગ કર્યા સિવાય તે હાર હિંમતપૂર્વક મારી પાસે લાવવામાં ખરેખર સુમતિચંદ્રે ગરીબ અને દરિદ્ર હોવા છતાં પણ પોતાના માનસિક ઉચ્ચ સ્વભાવ અને પ્રમાણિકતાની ખાત્રી કરાવી છે. જે ખાતર હું મારી તમામ સંપત્તિ તેના પગ સમીપે મુકું તો પણ ઓછી છે. તેને ધન્ય છે, તે ભગવાન મહાવીરપ્રભુનો સાચો શ્રાવક છે, અને મારો ધર્મ-બંધુ છે. ભાગ્યની લીલા વિચિત્ર છે. એ પણ એક દિવસ હતો જ્યારે તે નાનો હતો ત્યારે તેને તેડવો અથવા તેની સાથે વાતચીત કરવી તે સદ્ભાગ્ય મનાતું હતું. આજે તેજ વ્યક્તિ મારી સામે આવીને સંયોગાધીન દુષ્કૃત્યનો સ્વિકાર કરીને પોતાનું ગૌરવ વધારી રહેલ છે. પરંતુ વાસ્તવિક રીતે તો આ મારાં જ દુષ્કૃત્યોનું પરિણામ છે. મારી બેદરકારીથીજ સુમતિચંદ્ર જેવા પવિત્ર અને નિડર આત્માને આવું કર્મ કરવું પડ્યું. હું કઈ રીતિએ તેનો બદલો વાળી શકીશ?" આવા વિચારો કરતાં કરતાં તેમની દૃષ્ટિ મુનિમજી અને પોતાના પુત્ર પર પડી. તેમની અરસપરસની વાતોથી સુમતિ-ચંદ્રને ખોટું લાગશે એમ જાણીને તેમને ઉદ્દેશીને શેઠે કહ્યું કેઃ—

"મુનિમજી ! જુવો તો ખરા, આ હાર કેટલો કિંમતી છે? સુમતિચંદ્ર આજ પોતાની દુઃખાવસ્થામાં પોતાના પૂર્વ-જોનું એ સ્મૃતિ ચિહ્ન રહ્યું સહ્યું પ્રતિક પણ ગિરવી મૂકવા આવ્યા છે."

આટલું કહીને સુમતિચંદ્રના મનમાં કંઈ કુશંકા ન જાય તેટલા ખાતર પોતાના પુત્રને કહ્યું કે:—

"વિનુ ! શો વિચાર કરી રહ્યા છે? બજારમાં એક સરખી ચીજો અકસ્માતથી ઘણી વખત મળી જાય છે. તું જો કે સુમતિચંદ્રના પૂર્વજોની શેષ સમૃદ્ધિ છે."

અને આ રીતે ત્યાં બેઠેલા બધાંઓના હૃદયની શંકા-ઓનું તેમણે નિવારણ કરી નાંખ્યું. અને જાણે કદી પણ તેમણે આવો હાર ન જોયો હોય તેમ તે ફેરવી ફેરવીને તેને જોવા લાગ્યા.

હવે સુમતિચંદ્રના હૃદયની સ્થિતિને જુવો : જ્યારે સુમતિચંદ્રે હાર શેઠની સામે ધર્યો, ત્યારે તેના હૃદયમાં એક ભયંકર કંપારી છુટી ગઈ.

"કોણ જાણે હવે શું થશે?" તેના હૃદયે પ્રશ્ન ઉઠાવ્યો: તે જાણતો હતો કે શેઠ દયાળુ છે–ધાર્મિક વૃત્તિના છે, અને તેમણે સ્વધર્મ વાત્સલ્યની પ્રતિજ્ઞા લીધેલી છે, છતાં પણ તેને ભય ઉત્પન્ન થયો કે, પ્રતિજ્ઞા લેવી તો સ્હેલ છે પણ સમય આવે તેને નિભાવી રાખવી એ મુશ્કેલ છે. જ્યાં હજારોની અસ્કયામતનો સવાલ છે, ત્યાં શેઠજી પોતાની પ્રતિજ્ઞા, ધર્મ તેમજ કર્તવ્યથી ભ્રષ્ટ થઈ જાય તો?...."

“ [illegible]...” [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહેશો. ” [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઓફીસના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પરિણામ [illegible] [illegible].”

આ વિચારે તેનું હૃદય ભારી થઈ ગયું, અને મનમાં ને મનમાં અનેક કુતર્કો કરતાં તે શૂન્ય બની ગયો હતો. તે ઉપરાંત શેઠજીના [illegible] [illegible] [illegible] જોતાં પણ તે વધારે ઉદ્વિગ્ન બની જાય તે સ્વાભાવિક વાત છે.

પરંતુ શેઠજીના વચનોથી તેના હૃદયમાં ફરી આશાનો સંચાર થયો. તેણે વિનયપૂર્વક શેઠજીની સામે નજર નાંખી, શેઠ પણ તેને જવાબ આપવા માટે તૈયાર જ હતા. તેમણે કહ્યું:-

“ ભાઈ ! ચારની શી જરૂર છે ? આપને જરૂર હોય તેટલા રૂપીઆ આપ ખુશીથી લઈ જાવ. અને જ્યારે સમય અનુકૂળ બને ત્યારે પાછા આપી જજો. ચાર દઈ જાવ. મારૂં પરમ સદ્‌ભાગ્ય છે અને મારી લક્ષ્મીની પણ સાર્થકતા છે કે તે આજ તમારા ઉપયોગમાં આવે છે. ભવિષ્યમાં પણ જો કંઈ રૂપીઆની જરૂર પડે તો જરી ય અચકાશો નહિં. ખુશીથી લઈ જજો.”

આટલું કહીને તેમણે મુનીમને ઉદ્દેશીને ખબર આપી કે:-

“ મુનિમજી : હું હોઉં કે ન હોઉં. તો આટલી વાત ધ્યાનમાં રાખજો કે સુમતિચંદ્રને જ્યારે પણ રૂપીઆની જરૂર પડે ત્યારે અથવા તો મંગાવે કે તુરત આપી દેજો.”

"તો સુમતિચંદ્ર! તમારો હાર તમે પાછો લઈ જાવ."

સુમતિચંદ્રે શેઠની આવી વાત્સલ્યતા જોઈને હૃદયથી તેમની પ્રશંસા કરતાં કરતાં આર્દ્ર નેત્રોએ કહ્યું કેઃ—

"નહી, શેઠ સાહેબ! આ હારની મને જરા પણ જરૂર નથી. આપજ આપની પાસે રાખી લ્યો. ખરેખર! આપની ઉદારતાને કંઈ સીમા જ નથી. મારામાં એવી શક્તિ ક્યારે આવશે કે હું આપના આ અથાક ઉપકારનો બદલો વાળી શકીશ? અને આવી અલક્ષ્ય ઉદારતાનો બદલો તો પૂરેપૂરી રીતે આ ભવમાં વાળી શકું તેમ છું જ. નહિ. છતાં પણ મારા પર કૃપા કરીને આપ આ હાર આપની પાસે જ રાખી લ્યો."

વધારે આગ્રહ કરવાથી તેના હૃદયને આઘાત લાગશે એમ સમજીને મુનિમજીને ફરમાન કર્યું કેઃ-

"મુનિમજી! આ હાર પર સુમતિચંદ્રના નામની ચિઠ્ઠી લગાવીને આપણા ભંડારમાં મૂકી દો અને જ્યારે તેઓ પૈસા આપી જાય ત્યારે આ હાર તેમને પાછો સુપ્રત કરજો." તે પછી સુમતિચંદ્ર પ્રતિ બોલ્યા કેઃ—

"ભાઇ! આપને કેટલા રૂપીઆની જરૂર છે? જેટલા માગો તેટલા આપી દઉં."

સુમતિચંદ્રે પૂર્ણ વિચાર કરીને જવાબ દીધો કેઃ—

"અત્યારે વેપારાર્થે મારે પાંચ હજાર રૂપીઆની જરૂર છે."

તુરત જ તેટલા રૂપીઆ મુનિમજીએ તેમને આપી દીધા.

[illegible]

[illegible]

[illegible]

ઉપકારે ઉપકાર કરનારા જન લાખ છે,
પણ અપકારે ઉપકાર કરનારા તો કોંક છે.

ઉપકાર પર અપકાર કરનારા તો નાદાન-પાપી હોય છે, ઉપકાર પર ઉપકાર 'કરનાર મધ્યમ ગણાય છે, પરંતુ એવા તો કોઈક જ પુણ્યશાળી હોય છે કે જે પોતે દુઃખ વેઠીને- ઘસારો વેઠીને પણ અપકાર પર ઉપકાર કરે. એવાઓ પુણ્યશાળી હોય છે તેટલું જ નહિ પણ સાધુ હોય છે. મનુષ્યના માનસની તેને સાચી સમજણુ હોય છે. ચોર, પાપી કે અધમ માત્ર દંડથી જ સુધરતા નથી અને જો દંડથી જ સુધરતા હોત તો દસ દસ વખત જેલખાનાની હવા ખાનાર બંધવા અગીઆરમી વખતે પણ માજીસ્ટ્રેટ સમક્ષ ન ઉભા રહી શકત: એટલે દંડ-સજા વગેરે સાધનોથી માનસશાસ્ત્રની દૃષ્ટિએ ગુન્હેગાર સુધરતા જ નથી. ગુન્હેગારના હૃદયની કોમળતા પારખનાર અને તે કોમળતાને સુષુપ્તિમાંથી જગાડનાર માનસશાસ્ત્ર જ ગુન્હેગારને પુનર્જીવન આપી શકે છે. તેના જીવનમાં પલટો લાવી શકે છે. અને તે પુણ્ય ઓછું નથી.

જિનદાસ શેઠે સુમતિચંદ્રનું માનસ પારખ્યું. તેએ સહમજ્યા કે આ ગરીબ પણ ખાનદાન સુમતિચંદ્રે પોતાનં આર્થિક સ્થિતિ કફોડી હોવાને અંગે, ચોરી કરતાં તો કરી પરંતુ તેની ખાનદાની આખરે તો કકળી ઉઠી—અને મુત્સદ્દીનં માફક તે અત્યારે મારી પાસે આવ્યો છે. મારી સ્વધર્મ વાત્સલ્યતા જોવા—ક્ષમા મેળવવા અને સાથે સાથે પોતાન દુઃખ ફેડવા.

એટલે આ સમયે મારાથી તેને જરી પણ અન્યાય ન જ થાય તેમજ તેણે મૂકેલા અખૂટ વિશ્વાસનો ભંગ પણ ન થાય. એક સમય એવો પણ હતો કે તેને ત્યાં અતૂટ સમૃદ્ધિ હતી, અને ત્યારે મારા જેવા કેટલાય પોષાતા હતા કાળની ગતિ ગહન છે, ચઢતી પડતીના સપાટે તેની આ દશા થઈ છે, ત્યારે તેના વડિલોનું ઋણ ફેડવાના આવા પવિત્ર સમયે શું હું તેને કરેલી ક્ષમ્ય ભૂલ માટે શિક્ષા અપાવવાનો કે તુચ્છકારવાનો અધમ રસ્તો લઉં ? કદી ન લેવાય: એટલે મારે તેને આ સમયે પંપાળવો જોઇએ, તેને આર્થિક મદદ આપવી જોઈએ. તે મારી ફરજ છે.”

એટલે તેના મર્માન્તક ભાગના ગહન ભાવોને વર્તીને તેમણે તેને આર્થિક મદદ આપી. તેને એક સચોટ ઉદાહરણ આપ્યું. પશ્ચાત્તાપના દરિઆમાં તેને સ્નાન કરાવીને વિશુદ્ધ બનાવ્યો કે,“ ભાઈ ! તું ભૂલ કરી જાય, તારી સ્થિતિ એવી છે, પણ હું મારો ધર્મ નહિં જ ચૂકું.”

અને આ મહદ્ ઉદારતાએ સુમતિચંદ્રની આંખમાંથી અશ્રુબિંદુ સરી પડ્યું. પાપ અને પ્રાયશ્ચિતના સમયે સાચા

હૃદયનું પડેલ એક અશ્રુબિંદુ પણ વિરલ છે. એટલેથી જ સુમતિચંદ્રના પાપનું પ્રાયશ્ચિત થઈ ગયું. પરંતુ શેઠ અને સુમતિચંદ્ર બન્નેયની આંખમાંથી અશ્રુબિંદુ ટપકી પડયાં. તો "પ્રાયશ્ચિત કોને ?" શેઠજીનું પ્રેમપૂર્વકનું અને પ્રેરક આશ્વાસન તેમજ ઉત્સાહપૂર્ણ શબ્દોથી સુમતિચંદ્રના હૃદયમાં કોઈ અવર્ણનિય આનંદ થયો હતો. અને મનમાં ને મનમાં જ તે વિચારતો હતો કે–

"ધન મળવાથી જ માત્ર મહત્તા મળતી નથી. તેમજ વૈભવ મળવાથી પણ કોઈ મહત્તા મળતી નથી. પરંતુ રાજ્ય સન્માન, માન વગેરે બધાંય ઐહિક સાધનોનો કેમ ઉપયોગ કરવો, કઈ જગાએ કરવો, તે વિચારવામાં અને વિચારીને અમલ કરવામાં જ હૃદયની સાચી મહત્તા છે."

સમાજમાં અનેક પૈસાદાર, સન્માનિત, વૈભવી, રાજ્યાધિકારવાળા, શેઠ, શાહુકાર અને અમલદારો પડયા છે. જેઓ સમાજના યુવકોની મુશ્કેલીઓને લક્ષમાં લઈને, માત્ર વિચાર જ કરે અને ઉદારતા ભરી દષ્ટિએ જુવે તો સમાજનો ઉદ્ધાર થવાને કાંઈ જ વિલંબ નથી–તુરત સામાજીક જીવનનો વિકાસ થાય, તેઓને, કે જેઓ સાધન સંપન્ન છે તેમને કંઈ પૈસાની પરવા નથી. તેઓ ચાહે ત્યારે એક ક્ષણમાં પોતપોતાના સમાજનો સુધારો કરી શકે છે–તેની ઉન્નતિ પણ કરી શકે છે. તેમના એક શબ્દ માત્રથી–એક આગળી જ ઉંચી કરવાથી, સેંકડો બેકાર યુવકો આજીવિકાનું સાધન મેળવી શકે તેમ છે. પરંતુ તેમાં સંવેદનાની અને સહૃદયતાની આવશ્યકતા છે, કે જે સહૃદયતાથી જિનદાસ શેઠે સુમતિચંદ્રને ચોર જાણ્યા છતાં પણ, તેમજ પોતાનો જ હાર ચોરીને પોતાને ત્યાં

ગિરવી મૂકવા આવવાની ધૃષ્ટતા કરતો હોવા છતાં પણ પોતાના હૃદયની સંવેદનાથી હાર પર પાંચ હજાર રૂપીઆ આપી શકે છે, એટલું જ નહિ, પરંતુ જરૂર પડતાં વધારે રૂપીઆ કોઈ પણ જાતની શરમ રાખ્યા સિવાય લઈ જવાનું કહેવાની સહૃદયતા બતાવે છે.

સુમતિચંદ્ર રૂપીઆ લઈને દુકાનમાંથી નીચે ઉતર્યો, પરંતુ શેઠજીની આંખમાંથી ટપકતાં અશ્રુબિંદુએ તેનું હૃદય પણ ભરાઈ આવ્યું. વિચારમાં ને વિચારમાં ચાલતાં ક્યારે ઘર પાસે આવી પુહોંચ્યો તે પણ તે ન જાણી શક્યો. ઘેર આવતાં જ તેનું હૃદય તેનાથી વિવશ બની ગયું. અને પાપના પ્રાયશ્ચિતમાં અશ્રુની સરિતા વહાવવા લાગ્યો.

સુશીલા તેને જોતાં જ વિચારમાં પડી ગઈ. આજ તેમને થયું છે શું? પાસે મૂકેલી રૂપિઆની થેલી અને સુમતિચંદ્રનું રૂદન જોતાં જ તે બધી વાત સ્હમજી ગઈ; પરંતુ જ્યારે મનુષ્યનું હૃદય ભરાઈ આવે છે ત્યારે તેને જરી પણ રોકવો નજ જોઈએ. જ્યારે હૃદયનો ભાર હલકો થઈ ગયો અને સુમતિચંદ્ર કંઈક સ્વસ્થતાને પામ્યો ત્યારે તેણે અથથી ઈતિ સઘળી વાત સુશીલાને કહી સંભળાવી. સાથે સાથે મન સાથે કરેલી પ્રતિજ્ઞા પણ કહી સંભળાવી કે:—

"આ ધનથી પ્રમાણિકપણે વ્યાપાર કરીને હું જે કાંઈ પ્રાપ્ત કરીશ તેમાંથી મારા જીવનને ટકાવવા પૂરતું ધન અને આવશ્યક વસ્ત્રો પર જ મારો અધિકાર રહેશે."

સુશીલા પણ સંસ્કારી હતી–દેવી હતી. તેણે તેની પ્રતિજ્ઞાને વધારે જોશ આપતાં કહ્યું:–

"પ્રાણનાથ! આપની પ્રતિજ્ઞા ઠીક છે, અને શ્રેયસ્કર છે. હું આપને પૂર્ણ વિશ્વાસ આપું છું કે આપની પ્રતિજ્ઞાની પૂર્તિમાં હું પણ સર્વથા સહાય આપતી રહીશ."

પતિ-પત્ની બન્નેય પોતાની વર્ષો પહેલાંની દુઃખી સ્થિતિને ભૂલીને પ્રેમ આનંદ-અભિલાષાઓ અને હૃદયના સાચા અનુભવભરી વાતો કરી રહ્યાં હતાં. દુઃખ જેવો શબ્દ તેમનાથી કાયમને માટે વિખૂટો પડી ગયો હતો. બન્નેયના મુખપર એટલી બધી ચમક, એટલું બધું તેજ ઝળહળતું હતું કે જેનું વર્ણન કરવું અસંભવિત છે.

દુઃખથી ભયભીત ન બનવું જોઇએ, ત્રાસીત્ ન થવું જોઈએ, તેવો ઉપદેશ આપવો સામાન્ય છે, પણ દુઃખ આવ્યા પછી તેને સહન કરીને પોતાના આત્માની સમતોલતાને જાળવવી તે અઘરી વસ્તુ છે. ઉપરાંત એક વસ્તુ તેથી પણ કઠીણ છે કે જ્યારે દુઃખ આવે છે ત્યારે કોઈ ગણત્રીથી નથી આવતું પણ દુઃખ નામથી જે જે આપત્તિઓ જગતમાં પ્રસિદ્ધ છે તે બધીજ આવે છે અને મનુષ્યના ધૈર્યની કસોટી કરે છે. કસોટી પોતે જ દુઃખ સ્વરૂપ છે. સોનાને કસોટી પર ચઢાવ્યા સિવાય, જેમ પરીક્ષા નથી થઈ શકતી તે રીતે મનુષ્ય પર જ્યાં સુધી દુઃખની આંધી નથી આવતી ત્યાં સુધી તેની પરીક્ષા નથી થતી. દરિદ્ર બની જવું, ધન વૈભવનો નાશ થઈ જવો, એ બધું દુઃખ છે—અસહ્ય દુઃખ છે—પરંતુ તે દુઃખ એટલું બધું ભયંકર નથી કે જેટલું આખા કુટુંબ સાથે ભૂખ્યા પેટે-તનહા હાલતે માત્ર અન્નના બે દાણા માટે તડપવામાં સમાયલું છે. સુમતિચંદ્રે આ છેલ્લી અવસ્થાનો

સંપૂર્ણ અનુભવ કરી લીધો હતો. અને અંતમાં પૂર્વ કર્મન ઉદયે કરીને આજે તેને:—

"ચોરીરૂપ વિષમાંથી ઉદ્ધારરૂપ અમૃત" મળ્યું હતું પરંતુ આટલું હોવા છતાં પણ સર્વ પ્રતાપ ધર્મનો જ માની નવકાર મંત્ર પર તેનો પ્રેમ વધુ અને વધુ દૃઢ થતો ગયો ધર્મ કંઈ જ નથી પણ મનુષ્ય માત્રનું સાચું અવલંબન છે સરત એટલી કે મનુષ્ય તેનું પૂર્ણ રીતે પાલન કરે, અવશ્ય ધર્મ તેનો સાચો રક્ષક બનશે.



પ્રકરણ દશમું   ભાગ્યોદય

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी—
दैवेनदेयमिति कापुरुषावदन्ति ।
दैवं निहत्य कुरु पौरुषमात्म शक्त्या ।
यत्ने कृते यदि न सिध्यति कोऽत्रदोषः ॥

પુરૂષના ભાગ્યનો ઉદય ઉદ્યોગથી જ થાય છે અને એવા જે કાપુરુષો છે-નિર્બળો છે કે જે મહેનત કર્યા સિવાય જ માત્ર પ્રભુ પર આધાર રાખે છે, દૈવને દોષ આપે છે. દૈવ-અદૃશ્ય-પ્રભુ માત્ર તેને તક આપે છે તેના તરફ સહાનુભૂતિ રાખે છે, પરંતુ તે મળેલી તકનો ઉપયોગ ન કરનાર આળસુ કંઈજ સિદ્ધિ મેળવી શકતો નથી; દિવસે દિવસે તે દારિદ્રની સાથે વધારે ને વધારે લપેટાતો જ જાય છે.

જિનદાસ શેઠ તરફથી રૂપીઆની મદદ મળ્યા પછી જે દઢ પ્રતિજ્ઞા ગત પ્રકરણમાં વર્ણવી તે પ્રતિજ્ઞા પ્રમાણે

સુરત મેળવ્યું પોતાની કાર્યકુશળતા અને બુદ્ધિની પ્રતિભાથી આશરે એક વકીલ જેમાર નહીં, આગેવાની લીધી, તેના દિવસ પહેલાં એક ટંકના ભોજન માટે વલખાં-ફાંફાં મારનાર અને તેજ પેઢીના આસામીને સામાન્ય નોકર પરિસ્થિતિમાં સ્વધર્મશીલ વ્યક્તિઓ ઉત્તમ થઈ શકે તેમનું ઉત્તમ પણ કરનાર આટલા જ ટૂંક સમયમાં પૂર્ણ વ્યાપાર કુશળતા અને સહૃદયબુદ્ધિથી ન્યાય-નીતિને અનુસરી કરીને પોતાનો વ્યાપાર ચલાવી શકે, તે ખરેખર પૂર્વજન્મની સંસ્કારીતાનું જ પરિણામ ગણાય. ધીરે ધીરે તે પોતાની શાખ જમાવતો ગયો. પ્રમાણિકતાને પોતાના જીવન સિદ્ધાંત બનાવીને જનસમૂહનો તેણે વિશ્વાસ સંપાદન કર્યો અને આ કારણે જ્યાં ત્યાં તે પ્રસિદ્ધિને પામ્યો. તેની વહેપારીમાં ગણના થવા લાગી.

આપણામાં એક કહેવત છે કે "વાડ વગર વેલો ચડતો નથી." માણસની ઉન્નતિને માટે એક સજ્જન સહાયકની જરૂર હોય છે. એ સહાયો સુમતિચંદ્રને મળી ગયો. બીજી એક વાત એ છે કે: પેટનો ખાડો અન્નનો ખાડો તો મજૂરથી માંડીને ધનવાન સુધીના દરેક જણ પુરી શકે છે, પરંતુ નૈતિક દૃષ્ટિએ પૈસો પેદા કરવો તે મુશ્કેલ છે. ઘણા એમ માને છે કે વ્યાપાર અને નીતિ જુદી જુદી વસ્તુઓ છે પરંતુ તેમ નથી. વ્યાપારમાં પણ જો નીતિ સંકળાયેલી હોય તો તે વ્યાપારનાં બીજ પેઢીઓ સુધીના ચોંટે છે, નહિં તો અનીતિના વ્યાપારથી ઉત્પન્ન થયેલી લક્ષ્મી તે વ્યાપારીની હયાતીમાં જ નષ્ટ થઈ જાય છે. એક સ્હેજ પણ અનીતિની છાંટ જાહોજલાલી, વૈભવ અને લક્ષ્મીને નષ્ટપ્રાય-ભસ્મિભૂત કરી નાંખે છે.

નીતિથી વહેપાર કરનારા વહેપારીઓની જાહોજલાલી ઉમાસાનાં અળસીયાં જેવી છે.

સુમતિચંદ્રે જે પ્રતિજ્ઞા લીધી હતી તેજ પ્રમાણે તેણે પોતાના વહેપારમાં નીતિને જાળવી રાખી, તે નીતિથી ભ્રષ્ટ ન થયો, અને તેની ગૃહિણી સુશીલ સુશીલાએ પણ તેના ધાર્મિક વિચારોમાં પવિત્રતાનાં આંદોલનો પ્રેર્યા કર્યાં અને બન્નેય જણાં તદ્દન સાદી અને સંતોષી જીંદગીને ગાળવા લાગ્યાં. તે બન્નેયને માટે તો સુખ અને દુ:ખના દિવસો સમાન જ હતા.

જેમણે ચડતી પડતીને જોઈ છે, જેમણે જીવનમાં તડકો–છાંયડો અનુભવ્યો છે, તેઓ સદાય લક્ષ્મીની કિંમત સમજે છે, તેની ચંચળતાને ધ્યાનમાં રાખે છે અને તેની હુંફમાં ફસી જતાં નથી.

સુમતિચંદ્ર પોતાના નિત્ય નિયમ પ્રમાણે સ્નાનાદિ પ્રાતર્વિધિને પરવારીને વ્યાખ્યાન શ્રવણ કરી વ્રત નિયમથી પરવારીને દિવસના કાર્યનો પ્રારંભ કરતો હતો અને સાંજે પણ સૂર્ય અસ્ત થતાં પહેલાં જમી પરવારીને નિયમીત ચોવિહાર કરતો હતો. અષ્ટમી, ચતુર્દશી, વ્રત પચખાણ તેમજ સવારથી સાંજ સુધી નિયમિત પ્રતિક્રમણ કરીને પોતાના પાપોની પ્રત્યાલોચના કરતો હતો. જેટલો તે વ્યાપારમાં હોંશિયાર અને ચંચળ હતો તેટલોજ આત્માની સાધના-સિદ્ધિ માટે તે દત્તચિત્ રહેતો હતો. પોતાના વ્રત નિયમમાં તે કદાપિ ભ્રષ્ટ થતો નહોતો. આ પ્રમાણે ચાર મહિનાઓ વીતી ગયા. પોતાની શાખ ઉપરજ હવે તે વ્હેપાર જમાવતો

હતો. તેની પ્રતિષ્ઠાની ખ્યાતિ સાંભળીને બહારગામના વહે-પારીઓએ પણ તેની માર્ફતે–આડતે–પોતાનો વહેપાર ચલાવવા માંડ્યો.

એક દિવસ બહારગામનો એક જબરજસ્ત વહેપારી પોતાના વૃદ્ધ મુનિમ સાથે ત્યાં આવ્યો અને તેની સાથે વહેપાર વ્યવહાર જોડવાની આશા વ્યક્ત કરી. પહેલાં તેનો જે આડતીયો હતો તેની સાથેનો સંબંધ તેણે તોડી નાંખ્યો હતો. સુમતિચંદ્રની કુશળતા–શાખ–અને પ્રતિષ્ઠા જોઈને તે આકર્ષાયો હતો. તેથી તેણે સુમતિચંદ્રને જ પોતાના આડતિયા તરીકે પસંદ કર્યો અને આમનસામન વ્યાપારિક લખાણ પણ થઈ ગયાં. તે વખતે તે શેઠના મુનિમ કે જે ઘણા જ વૃદ્ધ હતા તેમણે સુમતિચંદ્રને ધારીને જોયો અને કહ્યું કેઃ—

" તમારા જેવું જ મોઢું મારા એક જુના સંબંધીનું હતું, અને તે અમારા ભાગીદાર પણ હતા."

પૃછપરછ કરતાં બધી વાતનો ભેદ ખૂલી ગયો અને તે વૃદ્ધ મુનિમ સુમતિચંદ્રના પગમાં પડીને બોલ્યો કેઃ—

" ભાઈ, તમે જ મારા જુના શેઠના સુપુત્ર છો. ચાલો હવે તો જુની ભાગીદારી તેજ પ્રમાણે કાયમ રાખો. આટલું કહીને પોતાના શેઠને તેણે બધી સમજ પાડી દીર્ઘ તે શેઠે પણ મુનિમનું કહ્યું કબુલ રાખ્યું અને અત્યાર સુધીના વ્યાપારમાં પણ તેનો જે કાંઈ હિસ્સો હતો તે મંજુર કર્યો અને સોંપી દેવાને કબુલ થયા. એટલુંજ નહિ પણ સુમતિ-ચંદ્રના દાદાના વખતમાં જે વ્યવહાર ચાલતો હતો તે પ્રમાણે તે શેઠ સાથે વ્યાપાર વ્યવહાર શરૂ કર્યો. અત્યાર સુધીની

ભાગીદારીના પણ તેને લાખો રૂપીઆ મળ્યા. આ પ્રકારે ધર્મના પ્રતાપે થોડા જ દિવસોમાં તે લક્ષાધિપતિ બની ગયો. ગામમાં પણ તેની પ્રતિષ્ઠા ખૂબ જામી અને રાજદરબારમાં પણ ધીરે ધીરે તેનું સન્માન થવા લાગ્યું. સુશીલા પણ ધર્મના પ્રતાપે મળેલી સંપત્તિને જળકમળવત્ તદ્દન સાદાઈથી રહીને, ધર્મકાર્યમાં તે સંપત્તિનો સદ્‌વ્યય કરવા લાગી.

સુખ અને શાંતિભર્યા એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. એટલામાં જૈનોના પવિત્ર પર્યુષણ પર્વના દિવસો આવી પહોંચ્યા. આગલે દિવસે જ દરેક શ્રાવકોએ પોતાના ગજા પ્રમાણે વ્રત-નિયમ કરવાનો સંકલ્પ કરી લીધો. આખા શહેરમાં ધર્મનું પવિત્ર વાતાવરણ ફરી વળ્યું. સુમતિચંદ્ર અને સુશીલાએ પણ ઉપવાસ કરીને આખો દિવસ ધર્મકાર્યમાં જ વ્યતિત કર્યો. રાતના અઠાઈધરનું પ્રતિક્રમણ કરીને સુમતિચંદ્ર પોતાનાં કપડાં પહેરતો હતો એટલામાં જ જિનદાસ શેઠ પણ પોતાનાં કપડાં પહેરવા માટે આવી પહોંચ્યા.

*

પ્રકરણ ૧૧મું

સ્મરણ, તિરસ્કાર અને મુક્તિ

હવે જિનદાસ શેઠ સુમતિચંદ્રને ખૂબ આદરમાનથી બોલાવતા હતા. સુમતિચંદ્રે આગાઉની માફક યથાશક્તિ જુદાં જુદાં ફંડ કાઢવાં હતાં અને તે દ્વારા તેણે ઘણી ઘણી સમાજ હિતાર્થે સંસ્થાઓ પણ કાઢી હતી. આ વાત જિનદાસ શેઠથી અજાણી નહોતી, તેથી જ્યારે તેઓ સુમતિચંદ્રને જોતા હતા, ત્યારે આ સંસ્કારી આત્મા પર તેમને અંતરનો પ્રેમ ઉભરાઈ આવતો હતો.

આજ પણ અચાનક બન્નેય મળી ગયા. જિનદાસ શેઠે ખૂબ માનપૂર્વક તેને બોલાવ્યો. અને આડીઅવળી ઘણી વાતો કરતાં અનેક કાર્યોમાં તેની સલાહ લીધી. પરંતુ સુમતિચંદ્રને પૂર્વની વાત તુરત યાદ આવી ગઈ. અને તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. છતાં તે કોઈ જોઈ ન જાય તે ખાતર જલ્દી જલ્દી લૂછી નાંખ્યાં અને જિનદાસ શેઠ સાથેની વાત પૂરી થતાં જ અસ્વસ્થ ચિત્તે તે પોતાને ઘેર આવી ગયો.

ઘેર આવ્યા પછી તે વાત તેની સ્મૃતિમાંથી ન જ ગઈ. આવી તેની હાલત જોતાં જ સુશીલાએ પૂછ્યું:—

" પ્રાણનાથ ? આપની પ્રકૃતિ કેમ અસ્વસ્થ લાગે છે ? આપ કયા વિચારમાં ગરકાવ થઈ ગયા છો ? એવી શી ઘટના છે કે જેથી તમે આટલા બધા દુઃખી જણાઓ છો ? "

" માહેશ્વરી ! અત્યારે ઉપાશ્રયમાં મને આપણા ઉદ્ધારક શ્રી જિનદાસ શેઠ મળ્યા હતા. મારા તરફ તેઓ એટલો આદરભાવ-એટલી સન્માનની દૃષ્ટિ રાખે છે કે મ્હારૂં હૃદય તેમના વિશાળ હૃદય સમક્ષ ઢળી પડીને ગદ્ગદિત બની જાય છે. "

"સ્વામી ! તેઓ તો સાચા શ્રાવક છે. ઉપકાર કરીને પણ તેઓ ઉપકારક દૃષ્ટિ રાખતા જ નથી. સદાય તેઓ પ્રેમાળ અને સત્યનિષ્ઠ છે. તેમના જેટલું ઉદાત્ત હૃદય ભાગ્યે જ કોઈનું જેવામાં આવે છે."

" એટલે જ તેમની વિશાળ ભાવના સમક્ષ હું વામન બની જાઉં છું અને મને તેમના ઉપરનો બદલો વાળવાની તાલાવેલી થઈ છે.

" એ વાત પણ ખરી છે દેવ ! હવે આપણે તેમનું ઋણ ચૂકાવવું જ જોઈએ. જો કે તેમનું સાચું ઋણ તો આપણે નથી જ ચૂકાવવાનાં. જેને લીધે આપણી ઉન્નતિ થઈ, સમાજમાં આપણી પ્રતિષ્ઠા સચવાઈ, આપણને તેમણે આબરૂભેર આ સ્થિતિએ પહોંચાડયાં, તે ઋણ માટે આપણી આટલી જિંદગી બસ નથી. પરંતુ તેમના રૂપીઆ આપણે તેમને આપી દેવા જોઈએ. "

સુશીલા-સુમતિચંદ્રના ગૃહસંસારની દેવીની ભાવના ઉચ્ચતમ હતી, તેની સદ્ શિખામણે જ સુમતિચંદ્રના અંધારઘેરા હૃદયમાં પ્રકાશ પડયો હતો. તેને સમાજથી અવનત થતો બચાવ્યો હતો-ધાર્મિક દૃષ્ટિએ પાપની ઉંડી ગર્તામાં ગબડતાં રોકી લીધો હતો, બેકારીમાં-આજીવિકાની ચિંતામાં ચોરી જેવી કમનસિબ બીનામાંથી ઉગારીને તે ખુલ્લી છાતીએ સમાજમાં ફરી શકે તેવી રીતે તેને નિર્દોષ રાખીને યુક્તિપુરઃસર આટલી બધી ઉન્નતિ સધાવી હતી. તે સુશીલા તરફ સુમતિચંદ્રને સંપૂર્ણ માન હતું. આવી પવિત્ર અને સંસ્કારી ગૃહિણી માટે તે પોતાની જાતને ભાગ્યશાળી માનતો હતો. તેણે કહ્યું:—

"મારા ગરીબની ઘરની લક્ષ્મી તું છે, આ બાબતમાં તું જે રીતની સલાહ આપે તે રીતે હું જિનદાસ શેઠનું ઋણ અદા કરી આવું."

"મારા કરતાં આપ ઓછા બુદ્ધિમાન નથી પ્રભો! આપણે તેમના રૂપીઆ વ્યાજ સાથે પાછા આપી દેવા જોઈએ. તેઓ જરૂર તે વખતે આપણે ગીરો મૂકેલો હાર તમને પાછો સોંપશે, પરંતુ આપણે તે હાર લેવાનો જ નથી. પરંતુ એક વધારે પ્રાયશ્ચિત કરવાની જરૂર છે અને તે એ કે, જે વાત એકલા જિનદાસ શેઠ જ જાણે છે તે વાતનો સ્વિકાર બધાનાં સમક્ષ કરી લેવો અને કહી દેવું કે "આ હાર આપનો જ છે. આપે જે મારા તરફ-આપના બંધુ તરફ મમતા અને વ્હાલ બતાવીને મને-આપણા ધર્મને-અને ઉપાશ્રયની આબરૂને બચાવી લીધી છે તેનો બદલો આપવાની અમારામાં શક્તિ જ નથી." એમ કહીને તે હાર તેમને સુપ્રત કરી દેજો."

"દેવિ, બધાના દેખતાં આ વાત શી રીતે થશે ?"

"દેવ! આપને તે માટે ગાઢું ધૈર્ય રાખવું પડશે અને આ પાપનો એકરાર જ્યારે આપ જનતા સમક્ષ કરશો ત્યારે જ તેમાંથી મુક્ત થવાશે. આપણે અત્યારે સમૃદ્ધિવાન બન્યા છીએ, આપણી ઉન્નતિ થઈ છે, પરંતુ તેનું મૂળ અધર્મમાંથી ઉત્પન્ન થયું છે એટલે આપણે બન્નેય, અઠ્ઠમ તપ કરીને પાપમાંથી નિવૃત્ત થઈ જઈએ, એવી મારી ઈચ્છા છે."

"પ્રાણેશ્વરી ! હું તારી ઈચ્છાને સંપૂર્ણ રીતે પૂર્ણ કરીશ. મારી નિર્બળતા તારાં આ વચનોથી સાવ નિર્મૂળ થઈ ગઈ છે."

આટલું કહીને તે રૂપીઆ લઈને બીજે દિવસે શેઠની પેઢી પર ગયો.

પોતાની પેઢી પર સુમતિચંદ્ર આવ્યા છે તે જોતાં જ પોતાને ભાગ્યશાળી ગણતા શેઠ જિનદાસ અનેક પ્રકારે તેની આગતા સ્વાગતા કરવા લાગ્યા. થોડો વખત આમતેમની વાતોમાં ગાળી નાંખ્યો. તે પછી પેઢીમાંના બધા માણસો શાંત પડયા કે તુરત વ્યાજ સાથે બધા રૂપીઆ શેઠજીના ચરણુ સમક્ષ મૂકીને તે ઝૂકી પડયો.

આ દૃષ્ય જોતાં જ જિનદાસ શેઠ દિગ્મૂઢ બની ગયા અને તેને બે હાથ ખભા પર મૂકી પોતાની છાતીએ લગાડતાં બોલ્યાઃ—

"ભાઈ! આની આટલી બધી શી ઉતાવળ હતી ? આપની પાસે આ રૂપીઆ રહ્યા છે તે પણ ધર્મ કાર્યમાં જ

વપરાય છે. હું જાણું છું કે આપે ઘણાં ઘણાં ધર્મકાર્યો કરવા માંડયાં છે, તો આપ તે રૂપીઆ આપની પાસે જ રહેવા ઘો જરૂર પડશે તો હું માગી લઈશ."

શેઠના હૃદયની આ ભવ્યતા જોતાં જ સુમતિચંદ્ર ગળગળો બની ગયો અને બોલ્યો:—

"શેઠજી, આપ ખરેખર સાચા શ્રાવક છો, મ્હારા કરતાં આપ વધારે ધાર્મિક કૃત્યોથી અને સંસ્થાઓથી જન સેવા કરી રહ્યા છો. આપના ચર્ણ સમક્ષ બેસવાની પણ મારી સ્થિતિ નથી. આપ આ રૂપીઆ વ્યાજ સાથે લઇ લ્યો. અને મને યતકિંચિત્ પણ આપના ઋણમાંથી મુક્ત કરી ઘો. આપના અગાધ ઋણનો બદલો તો જન્મોજન્મ પણ વાળી શકું તેમ નથી."

"સુમતિચંદ્ર! એ બધી આપના હૃદયની મોટાઈ છે. જો આપને રૂપીઆ આપવા જ હોય તો ભલે, પણ વ્યાજની મને જરૂર નથી. વ્યાજ આપ પાછું લઈ જાવ, અને આપનો હાર લઈ જાવ."

આમ કહીને શેઠે પોતાના મુનિમ પાસે તે હાર બહાર કઢાવ્યો. પણ સુમતિચંદ્ર તો આજ સર્વ બીના ખુલ્લી રીતે અને સાચા સ્વરૂપમાં જાહેર કરવાનો જ હતો. છતાં શેઠે તેને ફેરવી ફેરવી તપાસીને જાણે બદલાયો તો નથી તેવી રીતનો દેખાવ કરીને સુમતિચંદ્રની સમક્ષ મૂક્યો.

સુમતિચંદ્રની આંખમાં આંસુ આવી ગયાં. તે હારને શેઠના ગળામાં પહેરાવી દેતાં તે બોલ્યો:

"મહોદય! મને હવે આપ વધારે પાપી ન બનાવશો. આ હાર આપનો જ છે. અને એક દિવસે મારા કઠીણ સંજોગોમાં જ્યારે અન્નને અને દાંતને વેર બંધાઈ ગયું હતું ત્યારે પાપવૃત્તિથી પ્રેરાઈને ધર્મસ્થાનમાંથી જ તેને મ્હેં આપના ખીસ્સામાંથી ચોરી લીધો, પરન્તુ ધન્ય છે આપના વિશાળ અને ધર્મભાવભર્યા હૃદયને કે આપે મને સમાજ સમક્ષ આબરૂદાર તરિકે સાચવી રાખ્યો છે અને સૌજન્યભરી રીતે ઉપરથી મને પાંચ હજાર રૂપીઆની મદદ આપી કે જેને લીધે હું આટલી ઉન્નતિ સાધી શક્યો. આપને કોટાન્ કોટી ધન્યવાદ છે."

સુમતિચંદના હૃદયની આવી ઉચ્ચતા જોતાં શેઠ વધારે પ્રસન્ન થયા અને બોલ્યા:

"સુમતિચંદ! એ બધું આપના વડીલોનું પુણ્ય છે. મારી જે જાહોજલાલી છે તે પણ આપના જ વડીલોને આભારી છે. તમારૂં હતું અને તમે લીધું તેમાં કંઈ જ ગુન્હો થતો નથી."

એ મહાન ગુન્હો છે. શેઠજી! અને તેના પ્રાયશ્ચિત માટે હું મારી પત્ની સાથે અઠ્ઠમભક્ત તપ કરવાનો વિચાર રાખું છું."

સુમતિચંદની આ વાત સાંભળીને ત્યાં બેઠેલાઓએ તેને ખૂબ ધન્યવાદ આપ્યો.

સુમતિચંદે જતાં જતાં ફરી જિનદાસ શેઠને પ્રણામ કરતાં કહ્યું:—

"હે ધર્મ પુરૂષ ! હું આપનો જન્મોજન્મનો ઋણી છું. ખરી રીતે હું એક દિવસ આપનો ગુન્હેગાર હતો, ચોર હતો, એવા આ ચોર પર આપે ઉપકાર કરીને મને જે અહેશાનમંદ બનાવ્યો છે તેનો બદલો હું શી રીતે વાળી શકવાનો છું? પરંતુ આપના ઉન્નત સ્વભાવથી આપનું અને સમાજનું પરમ શ્રેય થાય તેવી મારી વિનંતિ છે. હાર આપ ઠેકાણે મૂકી દેજો."

એમ કહી તેણે જવાની આજ્ઞા માગી.



પ્રકરણ બારમું

પ્રેમમિલન

સુમતિચંદ્રની વાત સાંભળીને આજુબાજુ બેઠેલાં લોકો તો આશ્ચર્યમુગ્ધ બની ગયાં. કોઈ સુમતિચંદ્રની પ્રશંસા કરવા લાગ્યા, તો કોઈ જિનદાસ શેઠની.

પરંતુ તેના છેલ્લા હૃદયના શબ્દો સાંભળીને જિનદાસ શેઠને એટલો બધો પ્રેમાનુભવ થયો કે સુમતિચંદ્રને જતાં જતાં પાછો બોલાવ્યો અને તેને ભેટી પડીને ગળગળા થઈ જતાં બોલ્યા કે:–

"બાપુ ! આવી રીતે એકરાર કરીને તમે પ્રાયશ્ચિત એકલા જ કરો અને પાપમુક્ત થાવ તે ઠીક નહીં કહેવાય. ખરી રીતે તો આપના પાપનો કારણભૂત હું જ છું. આપણા સમાજમાં આપણો કોઈ બંધુ જો દુઃખી હોય તો હરેક રીતે તેનું દુઃખ ફેડવું એ આપણી ફરજ છે અને હું સાધનસંપન્ન હતો છતાં તે વખતે ભાન ન રહ્યું. મ્હેં જાણવાની પરવા સરખી પણ ન કરી કે મારા ધર્મબંધુઓ કોણ કોણ કામધંધા સિવાયના છે, કોણ કોણ બેકાર છે, કોણ આજરની

"હે ધર્મ પુરુષ ! હું આપનો જન્મોજન્મનો ઋણી છું. ખરી રીતે હું એક દિવસ આપનો ગુન્હેગાર હતો, ચોર હતો, એવા આ ચોર પર આપે ઉપકાર કરીને મને જે અહેશાનમંદ બનાવ્યો છે તેનો બદલો હું શી રીતે વાળી શકવાનો છું? પરંતુ આપના ઉન્નત સ્વભાવથી આપનું અને સમાજનું પરમ શ્રેય થાય તેવી મારી વિનંતિ છે. હાર આપ ઠેકાણે મૂકી દેજો."

એમ કહી તેણે

પ્રકરણ બારમું

પ્રેમમિલન

સુમતિચંદ્રની વાત સાંભળીને આજુબાજુ બેઠેલાં લોકો તો આશ્ચર્યમુગ્ધ બની ગયાં. કોઈ સુમતિચંદ્રની પ્રશંસા કરવા લાગ્યા, તો કોઈ જિનદાસ શેઠની.

પરંતુ તેના છેલ્લા હૃદયના શબ્દો સાંભળીને જિનદાસ શેઠને એટલો બધો પ્રેમાનુભવ થયો કે સુમતિચંદ્રને જતાં જતાં પાછો બોલાવ્યો અને તેને બેટી પડીને ગળગળા થઈ જતાં બોલ્યા કે:-

"બાપુ! આવી રીતે એકરાર કરીને તમે પ્રાયશ્ચિત એકલા જ કરો અને પાપમુક્ત થાવ તે ઠીક નહીં કહેવાય. ખરી રીતે તો આપના પાપનો કારણભૂત હું જ છું. આપણા સમાજમાં આપણો કોઈ બંધુ જો દુઃખી હોય તો દરેક રીતે તેનું દુઃખ દેવું એ આપણી ફર્જ છે અને હું સાધનસંપન્ન હતો છતાં તે વખતે ભાન ન રહ્યું. મેં જાણવાની પરવા સરખી પણ ન કરી કે મારા ધર્મબંધુઓ કોણ કોણ કામ-ધંધા સિવાયના છે, કોણ કોણ બેકાર છે, કોણ આબરૂની

"હે ધર્મ પુરૂષ ! હું આપનો જન્મોજન્મનો ઋણી છું. ખરી રીતે હું એક દિવસ આપનો ગુન્હેગાર હતો, ચોર હતો, એવા આ ચોર પર આપે ઉપકાર કરીને મને જે અહેશાનમંદ બનાવ્યો છે તેનો બદલો હું શી રીતે વાળી શકવાનો છું? પરંતુ આપના ઉન્નત સ્વભાવથી આપનું અને સમાજનું પરમ શ્રેય થાય તેવી મારી વિનંતિ છે. હાર આપ ઠેકાણે મૂકી દેજો."

એમ કહી તેણે જવાની આજ્ઞા માગી.



પ્રકરણ બારમું

પ્રેમમિલન

સુમતિચંદ્રની વાત સાંભળીને આજુબાજુ બેઠેલાં લોકો તો આશ્ચર્યમુગ્ધ બની ગયાં. કોઈ સુમતિચંદ્રની પ્રશંસા કરવા લાગ્યા, તો કોઈ જિનદાસ શેઠની.

પરંતુ તેના છેલ્લા હૃદયના શબ્દો સાંભળીને જિનદાસ શેઠને એટલો બધો પ્રેમાનુભવ થયો કે સુમતિચંદ્રને જતાં જતાં પાછો બોલાવ્યો અને તેને ભેટી પડીને ગળગળા થઇ જતાં બોલ્યા કે:–

"બાપુ ! આવી રીતે એકરાર કરીને તમે પ્રાયશ્ચિત એકલા જ કરો અને પાપમુક્ત થાવ તે ઠીક નહીં કહેવાય. ખરી રીતે તો આપના પાપનો કારણભૂત હું જ છું. આપણા સમાજમાં આપણો કોઈ બંધુ જો દુ:ખી હોય તો હરેક રીતે તેનું દુ:ખ ફેડવું એ આપણી ફર્જ છે અને હું સાધનસંપન્ન હતો છતાં તે વખતે ભાન ન રહ્યું. મ્હેં જાણવાની પરવા સરખી પણ ન કરી કે મારા ધર્મબંધુઓ કોણ કોણ કામ-ધંધા સિવાયના છે, કોણ કોણ બેકાર છે, કોણ આખરૂની

[illegible]

[illegible]

[illegible] કરવી ?

જિનદાસ શેઠે [illegible] મુનિચંદ્રને [illegible] વિનંતિ કરી. મુનિચંદ્ર તેની ઈચ્છાને આધીન થયો અને પોતાને ઘેર પધારીને તેની [illegible] કરી.

જિનદાસ શેઠે સુમતિચંદ્રનું પણ સન્માન કર્યું અને વાણી કરીને ઉઠ્યા પછી અઠ્ઠમભત્ત તપ ન કરવા માટે સમજાવ્યો કેઃ—

" એ તપ ઘણું જ કઠીણ છે અને તમને ઘણું દુઃખ પડશે."

સુમતિચંદ્રે જવાબ દીધો કેઃ—

"શેઠજી, તે ગમે તેટલું કઠીણ હોય છતાં પણ આવા ઘોર પાપ માટે તેની જ આવશ્યકતા છે. તે સિવાય સાચું પ્રાયશ્ચિત બીજું એક પણ નથી.

"તો મારે પણ મારા પાપને માટે એજ પ્રાયશ્ચિત કરવું પડશે."

"શેઠજી, વારંવાર આપ આપના પાપ માટેની વાત કહીને મને શરમમાં ન નાંખશો. આપણા આખા ગામમાં આપના જેવો ધર્મિષ્ટ-પરોપકારી-વિવેકી કોઈ સજ્જન છે નહિ, અને હોય તો તે મ્હેં જોયો નથી. મને તેનો અનુભવ નથી. મારી લાજ આપે રાખી છે. આપે જો ધાર્યું હતે તો મને પોલીસને સ્વાધીન કરી દેત, બદનામ કરત અને મારા જીવનમાં પછી મોઢું ઉંચું કરીને સમાજમાં ફરવાનો વખત ન આવત. તેમ ન કરતાં આપે જે મહદ્ ઉદારતા બતાવી–હૃદયની અને લક્ષ્મીની. તેનાથી જ અત્યારે હું સુખી છું. આપના જ પ્રતાપે હું જીવન ધારણ કરી રહ્યો છું. અને જીવનભરમાં પણ તે ઉપકારને હું ભૂલી શકુ તેમ નથી. એટલે આપ તો ખરેખર પુણ્યશાળી છો–દેવ છો. પાપી હું છું. પ્રાયશ્ચિત મને ઘટે છે. આપે જો પાપ જ નથી કર્યું, તો પછી પ્રાયશ્ચિત શા માટે હોય?"

"સુમતિચંદ્ર! મારા હૃદયના અવાજને હું સમજું છું. ભલે મ્હેં કાંઈ કાયિક, વાચિક કે માનસિક પાપ નહિં કર્યું હોય; પરંતુ સાધન સંપન્ન હોવાથી મ્હેં મ્હારા આત્માની જ મૂક્તિને શોધવાનાં વલખાં માર્યા છે. આપના જેવા કેટલાય-જ્ઞાતિબંધુઓનાં સામાજીક જીવન કે જે જીવન ધાર્મિક

જીવનનો પ્રથમ પાયો છે તે તરફ બારીકાઈથી લક્ષ આપેલું નથી. ચાર ચોમાસાં તેજ દિવસો પરમપૂજ્ય મહારાજશ્રીનો અમૃત ઉપદેશ મેં ન સાંભળ્યો હોત, સ્વધર્મ પાલનનો સાચો અર્થ ને હેતુ ન સમજ્યો હોત તો આજે તે હેતુ સમજીને હૃદયથી સ્વધર્મ પાલનની પ્રતિજ્ઞા ન લીધી હોત, તો હું અત્યારે જે સાચા હૃદયથી મારી ભૂલને સમજ્યો છું અને પ્રાયશ્ચિત્ત કરીને મ્હારી જાતને વિશુદ્ધ બનાવવા ઈચ્છું છું તે વિચાર મને નજ આવ્યો હોત. મારાં કોઈ પૂર્વનાં પુણ્યનો જ પ્રભાવ હશે કે મારા ધાર્મિક છતાં સ્વાર્થી માનસમાં અત્યારે ફેરફાર થઈ ગયો છે અને હું મ્હારી જાતને માત્ર મારી જે કંઈ મિલ્કત છે તેની ટ્રસ્ટી રૂપ માનું છું. વહીવટ કરનાર તરીકે જ સમજું છું.”

શેઠના આ ઉન્નત વિચારો સાંભળીને તેમના વિશાળ હૃદયની મનમાં ને મનમાં તુલના કરતો સુમતિચંદ્ર તેમની સાથે પ્રતિક્રમણાર્થે ઉપાશ્રયમાં આવ્યો.

× × ×

સંવત્સરી મહાપર્વ

જૈનોનું આજે સંવત્સરી મહાપર્વ છે. પર્વ તો જૈનોનુંજ છે. છતાં પણ આખા શહેરમાં આજે ધાર્મિક વાતાવરણ ફેલાઈ ગયું છે. જૈન ન હોય તેવા લોકો પણ આ મહાપર્વને ઉચિત રીતે વધાવી લે છે. એકંદરે આમારી અને પકખીવ્રત આખું શહેર પાળે છે. કોઈ નાનામાં નાના જીવની પણ આજે હિંસા ન થાય, કષ્ટ ન થાય તે માટે આગલા દિવસથી રાજ્ય તરફથી ઢંઢેરા પીટવામાં આવ્યો છે. બધાં બજાર બંધ છે. જાણે કે

સાક્ષાત્ ધર્મનું જ સામ્રાજ્ય ચારે તરફ પ્રવર્તી રહ્યું હોય તેવું વાતાવરણ જામી ગયું છે.

દીન અને દુઃખી માણસોને મદદ કરતી ઘણી સંસ્થાઓને નિભાવતા શેઠીઆઓ ઉપાશ્રય તરફ જઈ રહ્યા છે. રાજ્ય કર્મચારીઓ પણ તૈયાર થઈને ઉપાશ્રય તરફ આવી રહ્યા છે. ખુદ રાજા પણ પોતાના કર્મચારીઓ સાથે વ્યાખ્યાન સમયે ધર્મના શુભ આદેશોનું શ્રવણ કરવા ઉપાશ્રયમાં આવ્યા છે. રાજા, રાજકર્મચારીઓ, શેઠ, શાહુકારો, જૈનો અને જૈનેતરોની આજે ઠઠ જામી ગઈ છે.

પાપની પર્યાલોચના

વિશ્વવંદ્ય ભગવાન મહાવીરનાં નિર્વદ્ય વચન પ્રવાહને પોતાની નિર્મલ વાણી દ્વારા વહાવતા મહારાજ જૈનધર્મના પ્રભાવને વધારી રહ્યા છે. વ્યાખ્યાન પૂર્ણ થયું પરંતુ આજે તો સંવત્સરી મહાપર્વ છે એટલે બધા જ જેમના તેમ બેસી રહ્યા. કારણ કે પાપની પર્યાલોચનાનો આ દિવસ છે. જૈન-ધર્મના સિદ્ધાન્તાનુસાર તો પાપની સાથે સાથે જ તેનું પ્રાયશ્ચિત પ્રતિક્રમણ થવું જ જોઈએ; પરંતુ સંઘયણ સંડાણની હીનતાને લીધે સવાર સાંજ–અષ્ટમી–પક્ખી–ચાતુર્માસિક પક્ખી અને સંવત્સરી આદિ પાપની પર્યાલોચના-પ્રતિક્રમણ માટે નિયત થયેલાં જ છે. જૈન નામ ધારી કોઈ પણ સમ્યક્ત્વી આત્મા વર્ષથી વધારે સમયને માટે ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ વગેરેને નથી રાખી શકતો. જો એવો કોઈ મૂઢ તેથી ઉલટી રીતે ચાલે તો તે જૈનજ નથી. આજે તો પાપના પ્રાયશ્ચિતનો દિવસ છે. આજે ત્રણ વ્યક્તિઓએ પોતાનાં પૂર્વનાં પાપોને

ભાગવા માટેના હેતુ રૂપ અદ્ભુત તપ કર્યું છે. સુમતિચંદ્ર, સુશીલા અને જિનદાસને આજે તેના પ્રાયશ્ચિત્તનો મીઠો વિપાક છે. ઉચ્ચ ભાવથી કરેલી તપશ્ચર્યા મનુષ્યને દેવ બનાવે છે. અને તે ઉચ્ચ જીવન જીવનારાને તો દેવત્વ પણ તુચ્છ લાગે છે. કોઈ પણ દેખાદેખીથી પાપનું સાચું પ્રાયશ્ચિત થઈ શકતું જ નથી. તપ તો આંતરિક સાધન છે જે અશુભ કર્મોથી ઉત્પન્ન થયેલાં પાપોને ભસ્મીભૂત કરી નાંખે છે.

પ્રકરણ તેરમું. ધર્મ પ્રભાવના.

ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા આવેલ બધા સજ્જનો બેઠેલા છે તેવામાં સુમતિચંદ્ર ઉભો થયો. સુમતિચંદ્ર શું બોલવા માગે છે, તે સાંભળવા માટે બધા એકાગ્ર ચિત્તે શાંત બનીને તેની સામે જોઈ રહ્યા. ગામના આબાલ વૃદ્ધ સહુ માનવીઓ સુમતિચંદ્રને ઓળખતાં હતાં અને રાજા તેમજ અધિકારી વર્ગ, શેઠ શાહુકારો બધા તેને સજ્જન પુરૂષ તરીકે ઓળખતા હતા. તેના આદર્શ જીવનપર મુગ્ધ હતા.

સુમતિચંદ્રે પ્રણામ કરીને મહારાજજીને કહ્યું કે :—

હે દયાનિધિ ! મારા અત્યાર સુધીના સમસ્ત અપરાધોની હું ક્ષમા માગું છું. અને આજ ધર્મ સ્થાનકમાં પકખીના પ્રતિક્રમણના પવિત્ર દિવસે સ્વધર્મી ભાઈના ખીસ્સામાંથી ચોરી કરવાનો મેં અક્ષમ્ય અપરાધ કર્યો છે તે પાપનું મ્હને પ્રાયશ્ચિત આપો."

આટલું કહેતાં સુમતિચંદ્ર ત્યાંજ શાંત ઉભો રહ્યો. બીજી

બાજુ સ્ત્રીમંડળમાંથી સુશીલા ઉભી થઈ અને તેણે પણ પ્રણામ કરીને મહારાજશ્રીને કહ્યું કે :—

અહો! કૃપાનિધિ! મારા પતિદેવના તે કાર્યમાં મ્હેં સહાયતા આપી છે, અને મારા પતિદેવના દોષે કરીને હું પણ દોષીત છું. મને મારા આ પાપ કર્મનું કૃપા કરીને પ્રાયશ્ચિત આપો."

આટલું બોલીને સુશીલા પણ ત્યાં જ ઉભી રહી.

ત્યાં બેઠેલા રાજા, કર્મચારીઓ વગેરે બધાજ આશ્ચર્યમાં ચકિત થઈ ગયા અને મનમાં ને મનમાં જ વિચાર કરવા લાગ્યા કે "શું સુમતિચંદ્ર શેઠે, અક્ષમ્ય પાપ કર્મ રૂપ ચોરી કરી હશે? અને જો તેમ કર્યું જ હોય તો આવી રીતે કલંકની બીક રાખ્યા સિવાય જાહેરમાં સમાજ વચ્ચે તેને પ્રગટ કેમ કરી? અગર જો ચોરી કરી હશે તો તે મામૂલી હશે. પરંતુ તે પછીના ગાળામાં ધર્મકાર્યોમાં તેમજ સમાજોન્નતિના કાર્યોમાં હજારો રૂપીઆ તેમણે વાપર્યા છે. તો આટલું નાનું સરખું પાપ એ મહદ્ પુણ્યમાં ધોવાઈ નહિ જાય?

પરંતુ આ રીતે બધા વિચાર કરતા જ રહ્યા. તેટલામાં જિનદાસ શેઠ ઉભા થયા અને મહારાજશ્રીને વંદન કરતાં બોલ્યા:

"હે ધર્મ સ્વરૂપ, મારી પાસે સાધનો હોવા છતાં, મારી પાસે પાંચે લક્ષ્મી હોવા છતાં પણ એશઆરામ અને ભોગ વિલાસમાં જ તેનો વ્યર્થ વ્યય કરતાં કરતાં, મારા પોતાનાજ સ્વધર્મી બંધુને ચોરી કરવાનો સમય આવે તે મારો અક્ષમ્ય અપરાધ છે. હે ધર્મ રક્ષક! આપ મને રસ્તો બતાવો—માર્ગ દર્શાવો. સુમતિચંદ્રે જે ચોરી કરી છે તે મારીજ માત્ર ભૂલનું પરિણામ

છે. એટલે તે મારૂં જ પાપ કર્મ ગણાય અને તેથી મારેજ તેનું પ્રાયશ્ચિત પણ કરવું જોઈએ. સુમતિચંદ્ર અને સુશીલા બન્નેય નિર્દોષ છે. પાપના પ્રાયશ્ચિત માટે તેમણે કરેલ અઠ્ઠમ ભક્ત તપ પુરતું જ છે; પરંતુ મારૂં પાપ તો તેથી પણ વધારે છે, અને હું માત્ર અઠ્ઠમ ભક્ત તપ કરવાથી જ છુટી શકું તેમ નથી. પ્રભુ! આ અક્ષમ્ય અપરાધમાંથી છુટવાનો મને રસ્તો બતાવો. મારા પર કૃપા કરો. તે બન્નેય નિર્દોષ છે. કાલે રાત્રે જ મેં મારી સંપત્તિની વ્યવસ્થા, સૂચવતો લેખ તૈયાર કરી દીધો છે. એટલે આજથી જ મારો મારી સંપત્તિપર કોઈ પણ પ્રકારનો અધિકાર રહ્યો નથી. મારી સમસ્ત સંપત્તિનો ચોથો ભાગ મારાં બાળબચ્ચાંને ખાતર રાખીને બાકીના પંદર લાખ રૂપીઆ મારા સ્વધર્મી ભાઈઓની મદદ માટે કાઢયા છે અને રાતદિવસ જ્યાં સુધી મારૂં આયુષ્ય છે ત્યાં સુધી હું મારા સ્વધર્મી ભાઈઓની સેવામાંજ મારૂં જીવન વ્યતિત કરીશ, તન, મન અને ધનથી સમાજ અને ધર્મની ઉન્નતિ કરીશ. ચાહે તેમાં પ્રાણની આહુતિ આપવી પડે તો પણ મને તેની પરવા નથી. છતાં પણ મારાં પાપ માટેનું એ પ્રાયશ્ચિત પુરતું નથી એમ મને લાગે છે. માટે :—

હે જ્ઞાનનિધિ, આપ ફરમાવો! મારાં પાપનું પ્રાયશ્ચિત શું છે?"

શેઠનાં આવાં વચનો સાંભળીને ત્યાં ઉપસ્થિત રહેલા રાજા તથા કર્મચારીઓને સંવત્સરી મહાપર્વની સાચી મહત્તા સમજાઈ. જેની સાથે આખા વર્ષ સુધી બોલવાનું બંધ હોય, છતાં જો તે સાચો જૈન હોય તો, માફી માગ્યા સિવાય

અથવા તો પોતાની ભૂલની સમાલોચના કર્યા સિવાય તો રહી શકે નહિ. તો પછી વ્રતધારી શ્રાવક માટે તો કહેવાનું જ શું હોય? અને તેથી પણ વધારે શ્રાવકોના મુગુટ જેવા, પાંચ મહાવ્રતધારી, નિર્ગ્રંથ, નિર્મમત્વી, માયાવિહીન, કોડી પર અને ભ્રમરવ્રતધારી સાધુ મુનિરાજોને તો વળી શું જ કહેવાનું હોય?

જેઓને ચોરાશી લક્ષ જીવાયોનિમાંથી કોઈની જ સાથે વેર નથી, ઝેર નથી, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' દરેક જીવોને જે પોતાના આત્મરૂપ ગણે છે, પછી શું કહેવાનું હોય? ધન્ય છે, જૈન ધર્મના પવિત્ર ઝંડાધારીઓને. નિમિષમાત્રમાં રાજા તથા અન્ય સજ્જનોના મનમાં આ વિચારમાળા ઉદ્ભવી. તેનો જવાબ પણ તૈયાર જ હતો. એ જવાબ રૂપ મુનિરાજો, સુમતિચંદ્ર, જિનદાસ શેઠ, સુશીલાદેવી, બધાં સામાંજ બેઠેલાં હતાં.

જેમણે જીવનમાંથી પ્રાયશ્ચિત કરીને–મહાન પ્રાયશ્ચિત, જે પ્રાયશ્ચિત જગતમાં ઘણા થોડાઓને સાધ્ય હોય છે, જનસમૂહ સમક્ષ કરેલા પાપોનો, જરીપણ ક્ષોભ પામ્યા સિવાય, જરીપણ શરમાયા સિવાય, જરીપણ ભયભીત થયા સિવાય, એકરાર કરવો, તેને ઉચિત દંડની–શિક્ષાની માગણી કરવી, તેને ભસ્મ કરવા માટે કઠીણતમ તપની શરૂઆત કરવી, આરાધના કરવી, તે સાધારણ જીવોનું કામ નથી. કોઈ વિરલાજ એટલી બધી નૈતિક અને ધાર્મિક હિંમત કેળવી શકે છે.

અને સાચો ધર્મ પણ તેજ છે. ધર્મની જો સાચી વ્યાખ્યા કરવામાં આવે તો તેનો નિષ્કર્ષ માત્ર એટલો જ કે જે પોતાનું પાલન કરનારને પડતાં બચાવે છે, તેમનું પતન થવા દેતો નથી, તેનું જ નામ ધર્મ: વાસ્તવિક રીતે ધર્મને

યોગ્ય રીતે સમજનાર કદી અધોગતિને પામતો જ નથી. યોગ્ય રીતે સમજનારે તે ધર્મને પોતાના જીવનમાં, પ્રત્યેક કાર્યમાં, અણુઅણુમાં ઉતારી દીધો હોય છે. તે ધર્મ શબ્દનો માત્ર વાણી ખાતર જ ઉપયોગ કરતો નથી. પારકાઓને ભરમાવવા, અને સ્વાર્થ સાધવા ખાતર તે વપરાતો નથી. પણ મન, વચન અને કર્મથી તેને જીવનમાં ઉતારાય છે, તેના સિદ્ધાન્તોનું કઠીણમાં કઠીણ સંજોગોમાં પાલન થાય છે ત્યારે ધર્મ તે પાલન કરનારનું ઐહિક, આત્મિક, કે પરલૌકિક પતન થવા દેતો નથી.

જે સમયની આ વાર્તા લખાઈ છે તે સમય અને વર્તમાન સમયમાં ઘણું અંતર પડી ગયું છે. અત્યારે તો ઘણાય સ્વાર્થ-પિપાસુઓ ધર્મનો મનફાવતો ઉપયોગ કરી અને વ્યાપારમાં પોતાનો નજીવો સ્વાર્થ સાધવા પ્રયત્ન કરે છે, તેનો ઉપયોગ કરતાં તે ડરતો નથી. પરંતુ ધર્મનો ઉપયોગ તો ખરી રીતે સત્ય–અહિંસાના પરિપાલનમાં રહેલો છે. વ્યાપારમાં જો સત્ય અને અહિંસા હોય તો ધર્મ તેનું પતન થવા દેતો જ નથી. એટલી શ્રદ્ધા હોવી ઘટે.

એટલું જ ધર્મનું મહત્વ સામાજીક જીવનમાં રહેલું છે અને એટલું જ ધર્મનું મહત્વ દૈનિક જીવનમાં રહેલું છે. ધર્મ જ્યારે પ્રત્યેક કાર્યમાં, પ્રત્યેક કર્મોમાં એકરૂપ બની જાય, જીવન સાથે એકાકાર થઈ જાય ત્યારે તે જીવન તેજસ્વી બની જાય છે. પોતાના જીવનને તો તે ઉદ્ધારે જ છે પણ જાતે પ્રકાશમય બનીને અન્યોને પણ તે સત્યદિશા બતાવે છે, પ્રેરણા પાય છે અને ગાઢ અંધકારમાં પણ પ્રકાશ આપે છે.

પ્રકરણ ચૌદમું. જૈનધર્મની ઉજ્જવલતા.

મહારાજશ્રી જાણતા જ હતા કે આજે વ્યાખ્યાનમાં રાજા પોતાના રાજકર્મચારીઓ સાથે આવેલા છે. આથી મહારાજશ્રીએ રાજાજી સામે જોયું અને કંઈક બોલવાનો મૂક આદેશ આપ્યો. આવો શુભ અવસર વારંવાર નથી આવતો, એમ સમજીને રાજાજી પણ કંઈક બોલવા માટે ઉભા થયા.

ત્યાં બેઠેલા સભાજનોએ જૈનધર્મનો અને મહાવીર સ્વામીનો જય જયકાર બોલાવ્યો. આ જય ધ્વનિએ સભાસ્થાન ગાજી ઉઠયું. તે પછી રાજાજીએ વ્યાખ્યાન આપતાં જણાવ્યું કેઃ—

હું મારી જાતને ભાગ્યશાળી સમજું છું કે મારા રાજ્યમાં આવા આવા ધર્મ વીરો પડયા છે. આવા સમાજભૂષણો હજી સમાજને ઉન્નત રાખી રહ્યા છે. હજી આવી ધર્મમૂર્તિઓ ધર્મનું સાચું શિક્ષણ સમાજને આપે છે અને સામાજીક જીવનને તેજસ્વી અને નિષ્પાપી બનાવે છે. હજી આવા માનવપ્રેમીઓ પડયા છે કે જેમની ધર્મધુરંધરતાએ હજારો નિરાધારો પોષાય છે. હજારોના આત્માઓ સંતોષાય છે.

જૈનધર્મની કેટલી બધી ઉજ્જ્વળતા છે. હું મારી જાતને જૈનધર્મમાં ગણાવવા માટે અભિમાન લઉં છું, ગૌરવ સ્હમજું છું, અને કાયમને માટે રાજ્યમાં હું ઢંઢેરો પીટાવીને તે વાત જાહેર કરું છું. જિનદાસ શેઠે સ્વધર્મી બંધુઓના કલ્યાણ માટે જેટલા રૂપીઆ કાઢયા છે તેટલા જ રૂપીઆ હું પણ મારા ખિસ્સામાંથી ભેટ તરીકે આપું છું. જેથી તેનો જિનદાસશેઠના પવિત્ર વિચારો અને આચરણો પ્રમાણે વ્યય થાય. જેનાથી માનવબંધુઓની આંતરડી સંતોષાય, અને મારી લક્ષ્મીનો સદ્વ્યય થયો ગણાય.

હવે આ ત્રણ વ્યક્તિઓ કે જે પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત માગી રહેલ છે તેઓમાંથી કોને અને કેટલું પ્રાયશ્ચિત આપવું તે તો મહારાજશ્રી પોતે જ ફરમાવશે તેવી આશા રાખું છું."

આટલું કહેતાં તેમણે પોતાની જગ્યા સંભાળી.

મહારાજશ્રીએ વિચાર્યું કે આજે જે ધર્મની સાચી પ્રભાવના જાગી છે તેનાં સાચાં યશભાગી જિનદાસ શેઠ, સુમતિચંદ્ર અને સુશીલા છે. છતાં પણ આ પાપનું પ્રાયશ્ચિત કોને આપવું તેનો નિર્ણય તો રાજ્યના ન્યાયમૂર્તિ આપે તેજ વાસ્તવિક ગણાય. આવો વિચાર કરીને ન્યાયમૂર્તિને ઉદ્દેશીને મહારાજશ્રીએ કહ્યું કેઃ—

" ન્યાયમૂર્તિજી ! આતો હવે રાજ્યનો પ્રશ્ન બન્યો, માટે આપજ નિર્ણય આપો તે વાસ્તવિક ગણાય."

ન્યાયમૂર્તિ તો બની ગયેલા બનાવો જોઈ સાંભળીને દિગ્મૂઢ બની જ ગયા હતા. તેવામાં મહારાજશ્રીએ આ પ્રસં-

ગને તેમના નિર્ણયપર છોડયો. આથી તેઓ એકદમ ગભરાઈ જ ગયા કે હવે શું કરવું ? તેઓએ ઉભા થઈને જણાવ્યું કેઃ–

"પૂજ્ય મહારાજશ્રી અને અન્ય ધર્મપ્રેમી શ્રાવકગણુ !

મહારાજશ્રીએ મારાપર જે મહદ્ કાર્યનો ભાર મૂકયો છે, તેને હું જરા પણ લાયક નથી. જૈનધર્મની ઉજ્જવળતાને જોઈને હું દિંગ થઈ ગયો છું. હું તો શરુઆતથી જ વિચાર કરી રહ્યો છું કે "પ્રાયશ્ચિત કોને ?" હું મને પોતાને દુર્ભાગી માનું છું કે હું જૈન ધર્મથી અત્યાર સુધી વંચિત રહ્યો. જે પવિત્ર છે, જે ઉજ્જવળ છે અને જે ઉદ્ધારક છે. આજથી જ હું આ પવિત્ર ધર્મને અંગિકાર કરૂં છું."

લોકોને તો આશ્ચર્ય પર આશ્ચર્ય થયું કે આ બધા પુણ્યનો ભાગીદાર કોણ ? અને પાપનું "પ્રાયશ્ચિત કોને ?"

માનવસમુદાય જ્યારે જાહેરમાં ધર્મનાં સુક્ષ્મતમ તત્ત્વોને છણે છે, જ્યારે તેનાપર પોતપોતાના કર્મોની આલોચના કરીને જનસમુદાય પર તેની ઉજ્જવલતમ છાપ પાડે છે, ત્યારે તે ધર્મનાં તત્ત્વો છણાય છે, તેના મંથનમાંથી જે નવનિત નિકળે છે તેનો જનસમુદાય સાક્ષાત્ અનુભવ કરે છે. અને સ્હેમજી, વિચારીને, તે સુક્ષ્મતમ તત્ત્વોને જીવનમાં ઉતારીને મન, વચન અને કર્મોથી તેને પરિણામમાં મૂકીને, જીવનને તેજસ્વી બનાવે છે.

અને ધર્મની તેજસ્વીતા, સત્યતા અને સનાતનતા જેનાથી સમાજ અજ્ઞાન હોય છે તે આપોઆપ બહાર આવે છે, ત્યારે તેમાં દંભ નથી હોતો, ખુની ભભકાઓ જ માત્ર નથી હોતા; પરંતુ તેમાં સત્ય હોય છે. ઠઠેરા–ભપકા અને

દંભમાં ધર્મની વાસ્તવિકતા ખરી રીતે સંતાઈ જાય છે. પણ્ણ ઓછા માણસો ત્યારે ધર્મને સમજવાના પ્રયત્ન કરે છે. ધર્મનાં રહસ્યોને જાણી સમજીને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે. એ બધી ઉપલક બાહ્ય દ્રષ્ટિ છે. ધર્મ બાહ્ય દૃષ્ટિએ કદી જ સમજાતા નથી. આગળ જણાવી ગયા તેમ તેને સમજવા માટે જીવનમાં ઉતારવો પડે છે. અત્યારે બાહ્ય ઠોસ્ર વધી ગયા છે. જે ઉદ્દેશ પહેલાંના વખતમાં હતો, તે ઉદ્દેશ જતો રહ્યો છે અને માત્ર દંભજ દૃષ્ટિગોચર થાય છે.

પર્યુષણ પર્વની મહત્તા સાધારણ નથી. તે પર્વમાં ધર્મનાં મંથનો જન્મે છે. તે પર્વની ઉજવણીમાં સમાજ સમક્ષ ધર્મના આદેશો–ઉદ્દેશો અને વાસ્તવિક મૂળભૂત તત્ત્વો મૂકવામાં આવે છે અને ત્યારે ઈતર ધર્મીઓ પણ તેમાં પોતાના હૃદય પૂર્વક સન્માન ધરાવતા થાય છે.

દરેક ધર્મ અને ધર્મના સંસ્થાપકો વિરલા હોય છે. દરેક ધર્મ પછી તે ગમે તે નામે ઓળખાતો હોય પણ તે જનસમુદાયને–અનુયાયી ગણ્ણને તારનારો હોય છે. પતનમાંથી ઉગારનારો હોય છે. કાર્યદિશા, જીવનદિશા સમજાવનારો હોય છે. પરંતુ લાંબા કાળે તેમાં જેટલો દંભ વધતો ગયો તેના મૂળ આદેશો અને ઉદ્દેશો ભૂલાતા ગયા તેમ તેમ તેમાં અનાસ્થા વધતી ગઈ. તેની તેજસ્વીતામાં તે અનાસ્થાની આંધી આવતી ગઈ અને તે આંધીએ અનુયાયીઓનાં જીવન પણ કિલષ્ટ થતાં ગયાં, પ્રપંચી થતાં ગયાં. ઐહિક સુખો તરફ વધારે ધ્યાન આપતાં થયાં અને એમ ધીમે ધીમે તેની મહત્તા–પૂર્વની ઉજવણીની ઉજ્જવળતા બાજુ પર રહી ગઈ અને જેમ

સાપ જતાં લીસોટા માત્ર રહે તેમ સાચી સાર્થકતા ભૂલાતી ગઈ અને દાંભિકતા વધતી ગઈ.

એક સમય એવો હતો કે જૈનધર્મ રાજ્યધર્મ મનાતો હતો. એ સમય અત્યારે નષ્ટપ્રાય થઈ ગયો. ભલે સમય નષ્ટ-પ્રાય થયો, પણ ધર્મના સાચા ધુરંધરો હજી પણ તેના ઉદ્દેશો પ્રમાણે ચાલે છે. હજી પણ તેનાં સત્ય ઉપલબ્ધ થાય છે. તેની મહત્તા જગત જાણે છે. અન્ય ધર્મિઓ પણ જૈન ધર્મનાં તત્ત્વોને, ઉદ્દેશોને–આદેશોને માન આપે છે. મૂક પ્રણામ કરે છે.

કારણ કે આ ધર્મમાં ભગવાન મહાવીર પ્રભુના પવિત્રતમ આદેશોની તેજસ્વીતા ઉતરી છે. સત્ય અને અહિંસા જૈન ધર્મના પાયા બન્યા છે, એ સત્ય અને અહિંસાજ અંતે માનવજીવનનો ઉદ્ધાર કરશે, ભગવાન મહાવીર પ્રભુના ઉચ્ચતમ આદર્શો જ માનવકુળને તારશે.

પ્રકરણ પંદરમું. "પ્રાયશ્ચિત કોને?"

હવે એક પ્રશ્ન થઈ પડે છે કે પ્રાયશ્ચિત કોને?

સુમતિચંદ્રની સાધવી સુશીલ પત્ની પોતાના પૂજ્યશ્રી મુનિરાજશ્રી તેમજ રાજા અને રાજ્યકર્મચારીઓ સમક્ષ પોતાને આ પાપની ભાગીદાર સમજે છે અને તેને માટે પ્રાયશ્ચિત આપવા જણાવે છે. કારણમાં એટલી ઉન્નત અને આદર્શ દલીલ રજુ કરે છે કેઃ—"મ્હેં ગૃહમાં આયવ્યયનો હિસાબ ન રાખ્યો જેથી મારા પતિપર સંકટ આવી પડ્યું; અને આવું અઘટિત પગલું ભરવાની તેમને ફરજ પડી. હૃદયની કેટકેટલી વેદનાઓમાં તેમણે આવું કર્મ કર્યું, માટે પ્રાયશ્ચિતની ભાગીદાર હું છું."

ધર્મશાસ્ત્રોએ પત્નીને સહધર્મચારિણી ગણી છે. આ અન્વયે ધર્માધર્મનાં આચરણોમાં પોતાની જાતને ભાગીદાર માનતી આદર્શપત્ની સુશીલા પોતાની જાતને પ્રાયશ્ચિતની ભાગીદાર સમજે છે અને પ્રાયશ્ચિત આપવા મહારાજશ્રીને વિનંતિ કરે છે, ત્યારે શેઠ શ્રી જિનદાસ શેઠ જણાવે છે કેઃ—

ધનમાં આજ સુધી અંધ બનીને સ્વાર્થે માનવ ધર્મનું રક્ષણ મેળવીને મ્હેં વિવેકબુદ્ધિના અભાવે અંધાધુંધભર્યું જીવન વિતાવ્યું. મારા સ્વધર્મી બંધુઓની બેકાર અને કફોડી સ્થિતિની મ્હેં જરી પણ તપાસ ન કરી. જરી પણ મેં મદદ આપવા યોગ્ય, કફોડી આર્થિક સ્થિતિમાં જકડાયેલાઓને ઉન્નત બનાવવાની મ્હેં ચિંતા ન રાખી. તેની જરૂરીઆત હું ન સમજ્યો, વિધવા–અનાથ–અસહાય સ્વધર્મી બહેનો તથા બંધુઓ માટે પણ મારી સુખી સ્થિતિને લીધે હૃદયમાં તેમની અવદશાને ફેડવાની સદ્બુદ્ધિ ન સુઝી અને પ્રમાદ ભર્યુંજ જીવન મેં વિતાવ્યું જેથી પ્રાયશ્ચિતનો ભાગીદાર હું જ છું."

ધનના ધણીઓનો જે સાચો ધર્મ છે તે ધર્મથી વંચિત થવા માટે શેઠ પણ પોતાની જાતને પાપી માને છે અને તે માટે પ્રાયશ્ચિત માગે છે. ત્યારે રાજા કહે છે કેઃ—

"સુમતિચંદ્ર, તેમની ધર્મપરાયણ સાધવી અને આદર્શ પત્ની સુશીલા, તેમજ શેઠ શ્રી જિનદાસ શેઠ, આ ત્રણેય વ્યક્તિઓ નિર્દોષ છે. કારણ કે એક રાજા તરીકે મારી તમામ પ્રજાને મારે પુત્ર સમાન ગણવી જોઈએ, તેમનાં સુખદુઃખ તરફ મારે પુરતું ધ્યાન આપવું જોઈએ, તેમની આર્થિક, માનસિક અને ધાર્મિક ઉન્નતિ કેમ થાય તે માટે મારે યથાશક્તિ દરેક પ્રયત્નો કરવા જોઈએ અને જેમ અજ્ઞાન અને અબોધ સંતાનોના અપરાધ માટે તેનાં જનની–જનક જવાબદાર છે કે તેમણે તેમનાં સંતાનોમાં સુસંસ્કાર ન પુર્યા, તેવીજ રીતે હું પણ મારાં સંતાન સમાન પ્રજાના પાપોનો ભાગીદાર છું. મારી પ્રજા સુસંસ્કારી–નીતિપરાયણ બનવી જ

જોઈએ. મારે મારા નગરની ચર્ચા અશોક અને વિક્રમાદિત્ય રાજાઓની માફક જાતે જોવી જોઇએ. તે ફરજ બજાવવામાં મ્હેં પ્રમાદ કર્યો, હું મારા પૂર્વજોના અને મારા પોતાના ધર્મને ચૂકયો, જેથી પ્રાયશ્ચિતનો ભાગીદાર હું છું."

આ દષ્ટિએ રાજા પોતાને પ્રાયશ્ચિતનો ભાગીદાર સ્હમજે છે, જ્યારે પૂજ્ય ધર્મગુરૂ મહારાજશ્રી જણાવે છે કેઃ—

"સુમતિચંદ્ર કરતાં શેઠાણી સુશીલા અને તેમના કરતાં રાજાની જોખમદારી વધારે છે. તો તે ન્યાયે એક ધર્મગુરૂ તરીકે, સમાજના સંચાલક તરીકે સમાજને, રાજાને અને ધનવાનોને સ્વકર્તવ્ય સ્હમજાવવાની ધર્મગુરૂની પહેલી અને પવિત્ર ફરજ છે. મ્હેં માત્ર સમાજની નાડ તપાસ્યા સિવાય જ શુષ્ક અધ્યાત્મવાદનો બોધ આપ્યા કર્યો, જીવનની સાચી શુદ્ધિ માટે નૈતિક જીવનની શુદ્ધતા કે જે ધર્મ તથા અધ્યાત્મવાદનો પાયો છે તેની સબળતા જોયા સિવાય તેમ જ તેને બળવાન અને સ્થિર કર્યા સિવાય જ ઇમારત ચણવાનું દુઃસાહસ કર્યું તેને માટે બધા કરતાં એક જવાબદાર વ્યક્તિ તરીકે, ધર્મગુરૂ તરીકે પ્રાયશ્ચિતનો સાચો ભાગીદાર હું વિશેષ છું."

એટલે એક ધર્મગુરૂ તરીકે મુનિ મહારાજશ્રી પોતે પોતાની જવાબદારીને સ્હમજીને તેને સંપૂર્ણ ન્યાય ન આપ્યા બદલ પોતાની જાતને પ્રાયશ્ચિતના ભાગીદાર ગણે છે.

આમ દરેકે દરેક વ્યક્તિ આ પવિત્ર પર્વના દિવસે પ્રાયશ્ચિત માગે છે. તો હવે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કેઃ—

"પ્રાયશ્ચિત કોને ?"

જો પાપનો એકરાર એ પ્રાયશ્ચિત સમાન છે એમ ગણીએ, અને સાચા હૃદયનો પાપો માટેનો પશ્ચાત્તાપ તેજ પ્રાયાશ્ચત સમાન છે એમજ ગણાય છે; એ દૃષ્ટિએ દરેકે દરેક વ્યક્તિનું સાચું પ્રાયશ્ચિત થઇ ગયું. એમજ ગણાય. એટલે વાસ્તવિક દૃષ્ટિએ તેનો સવાલ જ રહેતો નથી.

જાહેરમાં દૃઢતાપૂર્વક ક્ષોભ સિવાય જરીપણ સંકુચિત માનસ રાખ્યા વગર જે પાપોનો એકરાર કરે છે, પોતાની ક્ષતિ અને જીવનના પ્રમાદને ઓળખીને તેને સુધારવા પ્રયત્ન કરે છે એ પ્રયત્નમાં—એ વિશાલ હૃદયના અનુપમ એકરારમાં જ સાચું પ્રાયશ્ચિત સમાયલું છે તેવાં નિરભિમાની ધર્મપ્રેમી પવિત્ર અને સ્વકર્તવ્યનિષ્ઠ જ્વલંત જીવનોને શત શત કોટી ધન્યવાદ છે. તે પુણ્યશાલી છે, આદરણિય છે અને પ્રણામ કરવાને યોગ્ય છે.

પરંતુ બાહ્ય દૃષ્ટિએ જોનારાઓને માટે તો આ પ્રશ્ન હજુપણ ઉભો જ છે કેઃ—

"પ્રાયશ્ચિત કોને?"



प्रायश्चित कोने ?

અને

બીજી કથાઓ

ખંડ ૨ જો.

(૧) માનહસ્તિનો અસ્વાર

પ્રકરણ ૧ લું.

લડાઈ:—માનવ સંહારનું એક પ્રબળ શસ્ત્ર.
ઇતિહાસઃ—માત્ર ભૂતકાળની લડાઇઓની નોંધપોથી.
દિલના દરિયાવ છતાં સમોવડી ભાઇને તેજોદ્વેષ.
લડાઈની હારજીત વ્યક્તિની કે સમુદાયની ?

બસ. હવે આ યુદ્ધ છેલ્લું જ છે. આ એક જ મહા-રથી મારી જીતનો વાવટો છ ખંડ–પૃથ્વીમાં ફરકશે. મારી શાન્તિમાં ભંગ કરનાર ભરતને તેનો યોગ્ય બદલો મળી જશે. લોભને પણ થોભ હોય છે ? મારાં આટલાં નાનકડાં રાજ્ય ઉપરનો મારો અધિકાર પણ તેને ન રૂચ્યો. હા. બસ, મારે તેને યોગ્ય બદલો આપવો જ જોઇએ. તેનું ચક્રવર્તીત્વ આ એક જ મુષ્ટિથી હું ચુર્ણ કરી નાંખીશ. દેવના દેવથી પણ હવે આ મુષ્ટિના પ્રહારથી બચી શકાશે નહિ. મારો ભાઈ–છતાં એ અત્યારે મારા દુશ્મનનું, બસ આ એક જ

મુષ્ટિના પ્રહારથી ચક્રવર્તીત્વ ધૂળમાં રગદોળાઇ જશે. એ ચક્રવર્તીત્વનો હું જ હવે અધિકારી થઇશ. છખંડ પૃથ્વીને જીતી મારી ઉપર પણ આણ વર્તાવવાની દુરાશા સેવનાર મારો સગો ભાઈ હોય તો પણ શું ?

બાહુબળીજી, યુદ્ધના મેદાનમાં ક્રોધને વશ થઇ પોતાના વડીલ સહોદર ભરત મહારાજા પર મુષ્ટિ ઉગામી, ઉપર પ્રમાણેના મનોરથ સેવી રહ્યા છે.

ભરત ચક્રવર્તી તેમજ બાહુબળી બન્ને ભગવાન ઋષભદેવના પુત્ર હતા. બાકીના ૯૮ પુત્રો તથા બે પુત્રીઓએ ભગવાનની સાથે જ દીક્ષા અંગીકાર કરી હતી. ભરત સૌથી મોટા અને બાહુબળી સૌથી નાના. ભરત મહારાજા છ ખંડ પૃથ્વી ઉપર વિજય પ્રાપ્ત કરી, પોતાની આણ વર્તાવી રાજ્યધાનીમાં પધાર્યા. પરંતુ ચક્રવર્તિના પ્રતિક સમું દૈવીચક્ર આયુધશાળામાં પ્રવેશ ન કરતાં બહાર જ રહ્યું. આથી સર્વ આશ્ચર્યચકિત થયા. એટલામાં આકાશવાણી થઇ કે, “ હજુ પૂર્ણ ચક્રવર્તીત્વની સાધના બાકી છે. બાહુબળી ભરત મહારાજાનું ચક્રવર્તીત્વ સ્વીકારે તોજ ચક્ર આયુધશાળામાં પ્રવેશશે. ”

આથી સર્વેના હૃદયમાં એક સખત આઘાત થયો. બાહુબળી અને ભરત મહારાજા બન્ને સગા ભાઈઓ, પરંતુ બાહુબળી પોતાના મોટાભાઇ ભરત મહારાજાના વર્ચસ્વનો સ્વીકાર કરશે કે કેમ ?

પરંતુ આયુધશાળામાં ચક્રનો પ્રવેશ ન થવાથી અને તેના કારણ દર્શાવતી આકાશવાણીથી તુરતજ ભરત મહારાજાએ એક દૂતને બાહુબળી પાસે મોકલ્યો.

દૂતે બાહુબળી પાસે આવી, ભરત મહારાજાનો સંદેશો સંભળાવ્યો.

ભરત મહારાજાના દૂતનું આ કથન સાંભળી બાહુબળી પોતાનું માનભંગ સમજવા લાગ્યા; એટલું જ નહિ પણ તેનો જુદો જ અર્થ કરવા લાગ્યા.

ભરતને લોભનો થોભ ન હોય તેમ તેમને લાગ્યું, અને પોતાના નાના રાજ્યમાં શાન્તિથી પોતે રહે છે તે પણ ભરતથી સહન ન થઈ શક્યું, તેમ માની બાહુબળીએ ક્રોધિત બની દૂતની વાતનો તિરસ્કાર કર્યો.

ભાઈના આ જવાબથી ભરત મહારાજાએ પોતાનું લશ્કર તૈયાર કર્યું અને બાહુબળીને યુદ્ધનું કહેણ મોકલ્યું.

બસ, આ રીતે બન્ને ભાઈમાં કલેશનું બીજારોપણ થયું. દિલના દરિયાવ, અહિંસાના ઉપાસક અને સમગ્ર વિશ્વની સાથે સમતાભાવ રાખવા છતાં, સહોદર સમા ગણાતા બે સગાભાઈઓ, કે ગુરૂબંધુઓ, કે મિત્રો કે પ્રેમીઓ વચ્ચેનો સંબંધ સામાન્ય છીદ્રને પરિણામે બહુ જ વિચિત્રતામાં પરિણમે છે. બીજા કોઇપણ માણસનો એ વર્તાવ હાસ્ય ગણી સાંખી લેનાર ઉપર જણાવેલ સહોદરીઓનો વર્તાવ કોઇપણ હાલતમાં સાંખી લેવા મનુષ્ય પ્રકૃતિ ના પાડે છે.

છેવટે બન્નેમાંથી કોઈપણ ભાઈ નમતું આપવાને તૈયાર ન હોઇ, બન્ને ભાઇઓ પોતપોતાના લશ્કરો સાથે છેવટનો નિર્ણય કરી લેવા યુદ્ધભૂમિ પર આવી લાગ્યા.

સૂર્યદેવે પૂર્વ દિશામાંથી ડોકીયુ બહાર કાઢ્યું. પોતાના સોનેરી કીરણોનો પ્રકાશ ફેંક્યો કે યુદ્ધની નોબતો વાગવા

માંડી. બન્ને બાજુએ સામસામા લશ્કરો આવી ઊભાં. સેના-પતિઓએ વ્યૂહરચના ગોઠવવા માંડી.

આજના વિજ્ઞાનના જમાના મુજબ તો બોમ્બ કે તોપખાનાં ન હતાં. હવામાં ઊડતાં એરોપ્લેનો કે તેવી તોપો ન હતી. નિરપરાધીના પ્રાણ લેવામાં ન આવતા. પણ ન્યાય અને નીતિના એ યુદ્ધોમાં પાયદળ સામે પાયદળ, ઘોડેસ્વાર સામે ઘોડેસ્વાર, રથ સામે રથ, હાથી સામે હાથી એવી રીતે ક્રમવાર ગોઠવાતાં આવતાં, અને તેથી બળની કસોટી થતી અને ન્યાય મેળવાતો.

બન્ને સૈન્યો તૈયાર થઈ ગયાં. સેનાનાયકોની આજ્ઞા થઈ. યુદ્ધ શરૂ થયું. આખો દિવસ તે પ્રમાણે યુદ્ધ ચાલ્યું. સાયંકાળ થયો, લડાઈ બંધ પડી. ઉભય સૈન્યોમાંથી કોઈપણ પાછી પાની કરે તેમ ન હતું. આખા દિવસના થાકેલા યોદ્ધાઓ બીજે દિવસે સવારમાં લડાઈ માટે તૈયાર થવા વિશ્રાંતિ લેવા લાગ્યા. કેટલાક ઘાયલ સૈનિકોને ઉપાડી સારવાર કરવા લાગ્યા. કેટલાક મૃત સૈનિકોના શબને ઠેકાણે કરવા લાગ્યા. સેનાધિ-પતિઓ બીજા દિવસના યુદ્ધની વ્યુહરચના ગોઠવવા લાગ્યા. એમ સર્વ કોઈ પોતપોતાના કામે લાગ્યા છે.

બીજો દિવસ થયો. આગલા દિવસની માફક આજ પણ યુદ્ધ શરૂ થયું. ઉભય સૈન્યો બહાદુરીપૂર્વક લડતાં હતાં. હાર જીત નક્કી કરી શકાય તેમ નહોતું. આમ યુદ્ધ લંબાયું. યુદ્ધમાં પરસ્પરનાં અસંખ્ય માનવોના સંહારથી અનેકનાં દિલ દ્રવિત બન્યાં, પરંતુ ક્રોધાગ્નિથી પ્રજ્વલિત બન્ને ભાઈ-ઓને કોણ સમજાવી શકે?

પારસ્પરિક વૈર, ઈર્ષ્યા કે દ્વેષને કારણે લડતાં રાજાઓ, નિર્દોષ બિચારા સૈનિકોના પ્રાણની બાજી ઉપર જ પોતાના અહંકારની તૃપ્તિ માની માનવસંહાર આરંભે છે. જગતનો **ઇતિહાસ આવા અસંખ્ય માનવસંહારની નોંધપોથી જ છે.**

આ નિર્દોષ માનવસંહાર રોકવાને બન્ને પક્ષના સમજદાર સેનાપતિઓ તેમજ અમાત્યો આ અંગે વિચારણા કરવા એકત્ર થયા.

યુદ્ધના મેદાનમાં પરસ્પર વૈરીઓ હોવા છતાંએ માત્ર યુદ્ધના મેદાન સિવાય ભ્રાતૃભાવનો ઉત્કૃષ્ટ આદર્શ એજ આ ભારતવર્ષની મહામૂલી સંસ્કૃતિનું એક પ્રતિક છે.

ઘણા જ વિચારને અંતે આ માનવસંહારને રોકવાનો એકજ માર્ગ મળ્યો. લડાઈ શા માટે? કોની કોની વચ્ચે? અને હારજીતના નિર્ણયથી શી ફળસિદ્ધિ થશે તેનો ઉડો વિચાર કર્યો.

ભરત ચક્રવર્તીના ચક્રવર્તીત્વનો સ્વીકાર બાહુબલીએ ન કર્યો. બસ, આ લડાઈનું આજ એક કારણ. તો પછી ચક્રવર્તીત્વ કોને જોઈતું હતું? ભરતને કે તેમના સૈન્યને? વિરોધ બાહુબળજીએ કર્યો કે તેમના સૈન્યે? એ આટલા વિચારને પરિણામે એટલું ફલિત થયું કે ભરત અને બાહુબળી જો પરસ્પર હારજીતની બાજીમાં ગોઠવાય, અને તેમાં હારજીત મળે તેજ અંતિમ નિર્ણય જણાય, તો આ નિરર્થક માનવસંહાર ન રોકી શકાય?

વિચાર તો ઘણો ઉમદા તેમજ આદર્શયુક્ત છે, પરંતુ તેટલોજ આચરણમાં મૂકવો મુશ્કેલ છે.

દરેક મનુષ્યને આ આદર્શ જો સ્વીકાર્ય બને તો? જગતમાં લડાઈ જેવી વસ્તુ-માનવસંહારનું એક પ્રબળ હથિયાર સદાને માટે બુઠું બને, એટલું જ નહિ પણ વેર, ઝેર, ઈર્ષ્યા આદિ દુર્ગુણોનું પ્રમાણ પણ ઘટવા પામે.

અત્યારના સભ્ય જમાનામાં, સામુહિક આદર્શમાં પણ આવી ખુલ્લી લડાઈ બંધ થવા નથી પામી, તો પછી એવા વૈયક્તિક સ્વાર્થમાં રચ્યા પચ્યા જમાનામાં આવા આદર્શની સિદ્ધિ કેમ સંભવે ?

અમાત્ય તેમજ સેનાધિપતિઓની ચર્ચા આગળ વધી. વિચાર તો કર્યો, લડાઈનું મૂળ પણ શોધ્યું. અસંખ્ય માનવ સમુદાયના સંહારને અટકાવી લડાઈનું ફળ મેળવી શકાય છે તેનો ઉંડો વિચાર કર્યો.

પરંતુ બન્ને ભાઈઓને સમજાવવાનું શક્ય છે? પરસ્પર વૈરની જવાળામાં પ્રજવલિત બન્ને ભાઈઓ આ આદર્શ સ્વીકારશે ?

પ્રકરણ ૨જું

બન્ને પક્ષના અસંખ્ય માનવીઓના સંહારને પરિણામે માત્ર માનહસ્તિની તૃપ્તિ.

રાજા માટે નાનામાં નાના સૈનિકથી મોટા પ્રધાન સુધીનો સહકાર અપેક્ષિત તેમજ અનિવાર્ય.

યુદ્ધની પાર્શ્વભૂમિ તેમજ પૂર્વ ભૂમિના પ્યાદા ગોઠવાઈ ગયા હતા. ભરત મહારાજા બાહુબળીથી મોટા છતાં શરીર-સંપત્તિમાં બાહુબળીથી ઉતરતા હતા. પરંતુ સૈન્યશક્તિમાં ભરત મહારાજાની શક્તિ અમાપ હતી. બન્ને પક્ષના અસંખ્ય માનવીઓના સંહાર સિવાય પરિણામમાં માત્ર માન-હસ્તિની તૃપ્તિ હતી; પરંતુ બન્નેને સમજાવે કોણ? આ એકજ પ્રશ્ન સર્વ કોઈને મુંઝવતો હતો.

સમજાવવા જવામાં પણ નિર્બળતા ગણાય ને? જેનું હાથ પાણું તેમને " અમે લડાઈમાં ન ઉતરીએ અને આપ બને ભાઈઓ લડી લો અને જય પરાજયનો નિર્ણય કરી

[illegible]

[illegible] પરિણામ યુદ્ધમાં કેમ પરિણમ્યું ?

અચાનક શક્રેન્દ્ર મહારાજ ત્યાં પધાર્યા. [illegible] ટેકાની જાણ બાદ [illegible] મંડાણની ગુંચવણનો માર્ગ કરવાની વિનવણી થઈ. શક્રેન્દ્રે બન્ને ભાઈઓને સમજાવવાનું બીડું ઝડપ્યું અને ક્રમથી–ભરત અને બાહુબલીને મળી યુદ્ધનું કારણ, યુદ્ધનું ધ્યેય, યુદ્ધનું પરિણામ સમજાવ્યું અને તેમના પિતા આદિનાથ ભગવાન–શ્રી ઋષભદેવ મહારાજના અહિંસા-ધર્મની સાચી સમજણ આપી. જય–પરાજયના તોડ રૂપ બન્ને ભાઈઓના દ્વન્દ્વ યુદ્ધનો સમુચિત રસ્તો બતાવ્યો.

અસંખ્ય માનવીઓના સંહારને અટકાવવા આ દ્વન્દ્વ યુદ્ધનો માર્ગ જેટલો સરળ છે તેટલો જ વિકટ છે. પ્રાણી [illegible] : જેમ પરમાણુથી લઈ પરમતત્ત્વ સુધીના તત્ત્વની મદદથી [illegible]વી રહ્યો છે, તેમ રાજ્ય અને ગ[illegible] એ નાનામાં નાના [illegible]કથી તે મહા પ્રધાનની મદદ[illegible] રીતે જીવી શકે [illegible]. માનવી તરીકે તેનામાં જેટલું [illegible] પુરૂષાર્થ છે તેના કરતાં અનેકગણું વિશેષ બ[illegible] બીજા રાજામાં હોવા છતાં, સૈન્યથી પ્ર[illegible]ય પગ કે અવયવો બળવાન ન હોય [illegible]માં

શારીરિક બળમાં નિર્બલ રાજાને હાથે પરાજય ગ્રહન કરવો પડે છે. રાજા માટે સહકાર અપેક્ષિત તેમજ અનિવાર્ય ગણાય છે. સૈન્યનો જય પરાજય એ રાજાનો જય પરાજય છે. પરંતુ શક્રેન્દ્રની સૂચના લાખો માનવીઓના સંહારને ભોગે મળનાર જય પરાજયને બદલે માત્ર બે મુખ્ય વ્યક્તિ, કે જેઓ એકલા જ માત્ર આ જય પરાજયના વાંચ્છુક તેમજ લાભ મેળવનાર છે, તેમની પરસ્પર શક્તિનો મુકાબલો કરાવી જય પરાજયનું પરિણામ મેળવી લેવાની હોઈ, હૃદયમાં તુરત જ ઉતરી જાય તેવી છે.

ભરત મહારાજાની શારીરિક સંપત્તિ ચક્રવર્તીના પ્રમાણમાં જેમ સુદ્રઢ હોવી જોઈએ તેજ પ્રમાણે, મહા બાહુબળીની શારીરિક શક્તિ પણ અપ્રતિમ જ હતી. એટલે બન્નેએ શક્રેન્દ્રની વાત માન્ય રાખી અને અનુક્રમે દૃષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, દંડયુદ્ધ, વચનયુદ્ધ અને મુષ્ટિયુદ્ધ એ મુજબ પ્રથમ દ્વન્દ્વ યુદ્ધ શરૂ કર્યું. બન્ને પક્ષનું સૈન્ય, તેમજ દેવો જય પરાજયના સાક્ષી તરીકે ત્યાં ઉપસ્થિત હતા. એક પછી એક યુદ્ધના પ્રકારો શરૂ થયા. ભરત મહારાજા ચક્રવર્તી છતાં બાહુબળીના હાથે બધા યુદ્ધમાં પરાજય પામ્યા. આથી ભરત મહારાજાને ખૂબજ રોષ આવ્યો. અને એ રોષમાં જ પોતે પોતાનો હાથ જોરથી ઉગામી બાહુબળી ઉપર મુષ્ટિપ્રહાર કર્યો. આ મુષ્ટિપ્રહાર એટલા જોરથી થવા પામ્યો કે બાહુબળી પોતાની જંઘા સુધી જમીનમાં ઉતરી જવા પામ્યા. પરંતુ બાહુબળીએ તુરતજ સાવધ બની તેમના કરતાં દ્વિગુણિત રોષમાં પોતાની મુષ્ટિ ઉગામી. બાહુબળીએ જે રોષ

અને જોશમાં મુષ્ટિ ઉગામી હતી, એ જોઈ ત્યાં ઉપસ્થિત સર્વ સૈન્ય, દેવદેવેન્દ્ર સર્વ ભયભીત બન્યા, અને સર્વને એમ લાગ્યું કે આ અવસર્પિણી કાળમાં આ એક નહિ બનવા જેવો બનાવ બનવા પામશે તો એક ઉત્સર્ગ (આશ્ચર્ય) જેવું બની જશે. જો આ મુષ્ટિનો પ્રહાર ભરત મહારાજા ઉપર થયો તો....પરિણામની કલ્પના જ ભયંકર હતી....ભરત મહારાજા ચૂર્ણીભૂત બની જશે એમ લાગ્યું. સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો. બાહુબળીએ ઉગામેલી મુષ્ટિનો પ્રહાર ગમે તે પ્રકારે ભરત મહારાજા ઉપર ન થાય તેને માટે બધાના હૃદયમાં ઝંખના થઈ.

પ્રકરણ ૩ જું

આત્માનો શત્રુ આ સંસાર છે જેના પ્રતાપે અનંતકાળ સુધી સંસારમાં ભટકવું પડે છે. આંતર્ચક્ષુ જ્યાં સુધી ન ખુલે ત્યાં સુધી બંધન અને નિર્જરાની ઘટમાળનો અંત નથી.

ઉગામેલી મુષ્ટિ ઉપરજ રહેવા દઈ, મહાબાહુબળી વિચારમગ્ન દશામાં ઉભા રહ્યા કે, તુરતજ દેવ દેવેન્દ્ર તેમજ સૈન્યમાંથી સાધુ સાધુના જયનાદેદી અવાજો ઉઠ્યા. જે રોષથી ભરત મહારાજા ઉપર મુષ્ટિ ઉગામી હતી, એ રોષનું મધ્યબિંદુ ભરત મહારાજા સામે ન દેખાતાં ઉગામેલી મુષ્ટિનો પ્રહાર ક્યાં કરવો તેજ વિચારે બાહુબલીને વિચારમગ્ન કરી દીધા. તેમના આંતર્ચક્ષુઓ ખુલતાં જતાં હતાં. ધીરે ધીરે તેમના હૃદયમાં આત્મનિરીક્ષણની સ્ફુરણા થઈ. પોતાના આત્મસ્વરૂપની મુખ્ય સ્મૃતિ થતાંજ સંસારની અસારતા સમજાયું, અને વિચાર્યું, આ મુષ્ટિ જે-મેં ઉપાડેલી છે તે નિષ્ફળ જાય નહિ; માટે મુષ્ટિનો પ્રહાર મ્હારા આત્માના શત્રુ ઉપરજ

કરૂં. મારા આત્માનો શત્રુ આ અનંત સંસાર છે, કે જેના પ્રતાપે મારે અનંત કાળ સુધી આ સંસારમાં ભટકવું પડયું છે, અને હજુ જ્યાં સુધી તેનાં કારણોનો જડમૂળથી નાશ નહિ કરૂં, ત્યાં સુધી–અનંત કાળ સુધી આ સંસારમાં ભટકવાનુંજ છે. માટે સંસારબીજનો સમૂળગો નાશ કરવા પરમપિતા ભગવાન આદિનાથ–ઋષભદેવના પંથે પળવા માટે આ મુષ્ટિથી મારા મસ્તક ઉપર લોચ કરીશ. આ સંસાર જ અસાર છે, કારણુ કે જ્યારે ભાઈ ભાઈમાં આવા અકૃત્ય થાય છે ત્યારે બીજાનો શો દોષ ?

આટલું વિચારતાની સાથે જ, મહાબલી બાહુબલીએ પોતાની ઉગામેલી મુષ્ટિ પોતાના મસ્તક ઉપરજ ઉતારી. પોતે જેવો પંચ મુષ્ટિ લોચ કર્યો કે તુરતજ ત્યાં ઉપસ્થિત સર્વેના હૃદયમાં તેમના પ્રત્યે સદ્ભાવ ઉત્પન્ન થયો અને ભરત મહારાજાએ જ્યારે આ દૃશ્ય જોયું, ત્યારે તેમની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી અને તેમના ચરણમાં પોતાનું મસ્તક મૂકી રાજપાટને તેમજ ચક્રવર્તીત્વને અંગીકાર કરવા આગ્રહ કર્યો. બાહુબળી, પોતાની ભૂલની ક્ષમા માંગી, ક્ષમત ક્ષમાપના કરી, પોતાની વૈરાગ્યવૃત્તિ દર્શાવી મૌનપણે જ ઉભા રહ્યા.

વૈરાગ્યની ભાવના છતાં હજુ–મનનો કાંટો બાહુબળીના હૃદયમાંથી ગયો ન હતો. પોતે દીક્ષાને અંગીકાર કરી, પરંતુ જો આ સમયે પોતે ઋષભદેવ ભગવાન પાસે જશે તો પોતાના પહેલાં દીક્ષિત અને કેવળજ્ઞાન પામેલા પોતાના નાના ૯૮ ભાઈઓને વંદના કરવી પડશે! **માન હસ્તીના અસ્વારને**

આ વાત ન રૂચી, એટલે પોતે પોતાના પુરૂષાર્થથી જ કૈવલ્ય પ્રાપ્ત કરી, ઋષભદેવ ભગવાન પાસે જવાનો નિશ્ચય કર્યો કે જેથી પોતાના નાના ભાઈઓને વંદના ન કરવી પડે.

યુદ્ધનું કાર્ય આ રીતે પતી જતાં બાહુબળીને નમસ્કાર કરી ભરત મહારાજા તો ચાલ્યા ગયા. દેવ દેવેન્દ્ર સૈન્ય વગેરે બધા પોતપોતાના સ્થળે ચાલ્યા ગયા અને નિરવ શાંતિ પથરાઈ રહી. એ શાન્તિ વચ્ચે, નિર્જન જંગલમાં એક જ દશામાં સ્થિરતાપૂર્વક ઉભા રહ્યા, અને ઉત્કૃષ્ટ વૈરાગ્ય દશામાં, તપશ્ચર્યા ઉપરાંત સાધુના ૨૨ પરિષહને સમતાપૂર્વક સહન કરતા એક વર્ષ પસાર થયું. એક વર્ષના લાંબા કાળ દરમ્યાન, ઝાડઝાંખરા તેમની આસપાસ ઉગી નીકળ્યા. તેમાં પક્ષીઓએ માળા બાંધ્યાં. કીડીથી માંડી તેમાં આશ્રય લઈ શકે તેવા દરેક નાના જંતુઓએ પોતાનું રહેઠાણ જમાવ્યું. કાયોત્સર્ગ મુદ્રાએ અનશન સહિત એક વર્ષ સુધી અખંડ જાગૃતિ સાથે ઉભા રહી તપશ્ચર્યા તપતા તેમના દેહની આસપાસ એક ડુંગર બની ગયો હતો. તેમના જર્જરિત સુક્કલકડી દેહમાંથી રહ્યું સહ્યું સત્વ પણ ચુસવાની એકે તક નાના નાના જીવજંતુઓ જવા દેતા ન હોઈ, માત્ર હાડકાંનાં માળખા જેવું તેમનું શરીર બની ગયું હતું. નિરંતર જાગૃત દશા અને ઉત્કૃષ્ટ કરણી છતાં, મનમાંથી માનનો કાંટો હજુએ દૂર થતો ન હતો. પોતાના સ્વબળથી જ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરી પિતા ઋષભદેવ સમક્ષ જવું, જેથી નાના ભાઈઓને વંદના ન કરવી પડે. બસ, હૃદયમાં આ એક જ એવી ચીનગારી હતી, કે ભવભ્રમણના બીજરૂપ કર્મદળનાં બધાં દળિયાં ખલાસ

કર્યા છતાં, મહા મોહનીયના અંશ રૂપ, માન ગજેંદ્રના ઉદયથી ઉત્તરોત્તર કર્મની ગતિ-આગતિ, બંધન-નિર્જરા પૂર જોરથી ચાલુ હતા. એ ઘટમાળના નિરંતર પરિભ્રમણથી સંપૂર્ણ નિર્જરાના અભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું ન હતું. હૃદયની ઉત્કૃષ્ટ ભાવના, ઉત્કૃષ્ટ ચારિત્રનું પરિશીલન, તેમજ અવિરત અતુલ તપશ્ચર્યાના તાપથી આત્માની ઉજ્જ્વળતામાં મનના ખૂણે માત્ર નહિ જેવા ડાઘથી પૂર્ણતા-કેવળજ્ઞાન દૂર ઠેલાતું જતું હતું. પરંતુ માનહસ્તિના અસ્વારના અંતર્ચક્ષુ જ્યાં સુધી ન ખુલે ત્યાં સુધી બંધન અને નિર્જરાની આ ઘટમાળના અંતનો સંભવ ન હતો.

પ્રકરણ ૪ થું

વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો,
ગજ ઉપર કેવળ નવિ હોય-વીરા.
માનહસ્તિનો અસ્વાર બનીને,
કૈવલ્ય ખોલંબે ચડાવ્યું રે-વીરા.

મહારાજા ભરત ચક્રવર્તી અને મહાબાહુબળીની વચ્ચે થયેલ યુદ્ધને એક વર્ષના વહાણા થઈ ગયાં. યુદ્ધના પરિણામમાં એકનો જય અને બીજાનો પરાજય અવશ્યભાવી છે. પરંતુ આ યુદ્ધના પરિણામમાં કાંઈક નવીનતા જ હતી. બન્ને ભાઈઓનો જય થયો હતો. મહારાજા ભરત ભૌતિક ચક્રવર્તીત્વ પદને પામ્યા, અને મહાબાહુબળીએ છ કાય રૂપી છખંડ પૃથ્વીને સાધી, આત્મ શત્રુઓ પર સંપૂર્ણ પણે વિજય મેળવી, ભૌતિક ચક્રવર્તીત્વ કરતાં અનેક ગણું મહત્વશાલી આધ્યાત્મિક ચક્રવર્તીત્વ પદ પ્રાપ્ત કર્યું હતું. આ રીતે બન્ને ભાઈઓના યુદ્ધના પરિણામે, બન્ને ભાઈઓને વિજય પ્રાપ્ત થયા બાદ પોતપોતાની ઇપ્સિત સિદ્ધિ મળી ગઈ હતી.

મહાબાહુ બાહુબળીની એક વર્ષની ઘોર તપશ્ચર્યા અને અડોલ વૃત્તિએ કર્મ દલિયાંના અનંતા થોક ભસ્મિભૂત કર્યા છતાં, મહામોહનીય માનનો કાંટો તેમના ઉપર પોતાનું પૂર્ણ સામ્રાજ્ય જમાવી બેઠો હતો. એથી કૈવલ્યની સિદ્ધિ દૂરને દૂર હડસેલાતી હતી. એક વર્ષની કપરી કસોટી પછી ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીએ, કૈવલ્યને યોગ્ય જાણી બ્રાહ્મી અને સુંદરી બન્ને સાધ્વીને પ્રતિબોધવા માટે મોકલી. (આ બન્ને સાધ્વી ઋષભદેવની પુત્રીઓ અને મહાબાહુબળીની બહેનો હતી) બન્ને બહેનોએ અઘોર નિર્જન જંગલમાં, એકાકી, અડોલપણે તપશ્ચર્યા તપતા ભાઈ–બાહુબળીની ખૂબજ શોધ કરી; પરંતુ ભાઈ તો ધૂળના ડુંગર નીચે અને ઝાડ ઝાંખરાના મૂળીયાં નીચે માત્ર નામાવશેષ હાડકાંનાં માળખાં રૂપે ઉભા હતા. બન્ને બહેનોએ ત્યાં જઈ ભાઇને શિખામણ રૂપે માત્ર જ્ઞાન ટે'લ નાખી:–

વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો,
ગજ ઉપર કેવળ નવિ હોય........વીરા.

હે ભાઇ, આપ અહંકારરૂપી હાથી ઉપરથી નીચે ઉતરો. અહંકારરૂપી હાથી પર સ્વારી કરનાર, સિદ્ધિપદને ન પામી શકે. હજી ભાઇને તેની સ્થિતિ સમજાવવા અને શું કરવું જોઈએ, તે સમજાવવા આગળ બોલે છે:

ચૌદ રાજલોકની એ અનંત ચોકડી,
કર્મ દળીયાની થોકડી રે...........વીરા.
સંસાર તજ્યો ને પ્રવર્ત્યા થકી,
છૂટયા છૂટયા સંસારના બંધ રે....વીરા.

હે વીરા, અનંત સંસારમાં ભવભ્રમણ કરાવનાર, આત્માના કટ્ટર શત્રુઓ રૂપી કર્મને દૂર કરવા માટે, આપે સંસારનાં કહેવાતાં સઘળાં સુખોને ફગાવી દઈ, ચારિત્ર ગ્રહણ કર્યું છે, અને સંસારનાં બંધનો દૂર કર્યા છે. વિશેષમાં,

કષાય ચોકડીનાં પૂર તેં બાળ્યાં,
બાળ્યાં ઘાતીનાં ઘાસાં દળ રે........વીરા.

માન હસ્તીનો અસ્વાર બનીને,
કૈવલ્ય ખોળબે ચડાવ્યું રે........વીરા.

અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર, કષાયો–ક્રોધ, માન, માયા અને લોભની ચોકડીના પૂર દૂર કરવા માટે આપ રાત કે દિવસ જોયા વગર, ટાઢ કે તાપની દરકાર કર્યા વગર, ક્ષુધા તૃષા આદિ અનેક પરિષહો સહન કરી, બારબાર માસથી એવી ઉગ્ર તપશ્ચર્યા આદરી રહ્યા છો કે, જેમાં આપને આપના શરીરનું ભાન પણ ન રહ્યું, આપની આસપાસ બનતા બનાવોની જરાપણ દરકાર કર્યા વગર, આપ આત્મામાં જ લીન રહ્યા છો, અને તેમ કરતાં ઘનઘાતી કર્મોનાં ઘાસાં દળને તો આપે ક્યારનાયે બાળ્યાં છે. કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કરવાના સઘળા પ્રયત્નો કરવા છતાં, માનને–અભિમાનને લઈને, આપ આપના આત્માના ગુણ–કૈવલ્યજ્ઞાનને હજી પ્રાપ્ત કરી શકયા નથી, માટે હે વીરા,

આપ અભિમાનરૂપી હાથી પરથી નીચે ઉતરો, અને આપની આત્મદશા વિચારો.

એકવાર, બેવાર અને ત્રણવાર બન્ને બહેનોએ ટેલ નાંખી કે, ધૂળના પહાડની ઉંડે ઉંડે તપશ્ચર્યામાં લીન મહાબાહુ બાહુબળીના કર્ણપટ પર ઉપરના શબ્દો અથડાયા. ચીર પરિચિત પોતાની ભગિની સાધ્વી બ્રાહ્મી અને સુંદરીનો સ્વર ઓળખ્યો. પોતે ગૂઢ વિચારમાં પડયા કે આ શબ્દો કોને ઉદ્દેશીને બોલવામાં આવતા હશે! આવા ઘોર જંગલમાં બીજું કોઈ હોય એ સંભવ નથી, છતાં પોતાની બહેનો ભગવાન પાસેથી અહિં આવી આ પ્રમાણે હાથી ઉપરથી હેઠા ઉતરવાનું કોને ઉદ્દેશીને બોલતી હશે અને તે સાધ્વી બેલડીને જૂઠું બોલવાનું તો કંઈ પ્રયોજન જ ન હોય. બહુ વિચારને અંતે "માનહસ્તિ"ના પ્રયોગનું મધ્યબિંદુ પોતે જ છે એમ સમજાયું. અને માત્ર નાના ભાઈઓને વાંદવું પડે, એવો કાંટો મનમાં રાખી એક વર્ષ સુધી પોતે કરેલ તપશ્ચર્યાની નિષ્ફળતા સમજાતાં, બહેનોની શીખામણથી બાહુબળી જાગૃત થયા. તેમના આંતરચક્ષુ ખુલી ગયાં, પોતાની ત્યાગદશાનું ભાન થયું અને આવી બાલ તપશ્ચર્યાને છોડી, બન્ને બહેનોના પગમાં પડી, એજ પગલે ભગવાન ઋષભદેવ તથા અન્ય નાના ભાઈઓને પગે પડવાની નમ્રભાવના હૃદયમાં ઉત્પન્ન થઇ. અને જેવું તે માટે તેમણે પગલું ભર્યું, કે માત્ર માનના કાંટાને લઈ ને જ ચાલી રહેલી કર્મ દળિયાની ઘટમાળ બંધ થઈ, કે ચારે ઘનઘાતી કર્મોનો સમૂળ નાશ કરી કૈવલ્યને પ્રાપ્ત કર્યું અને આકાશમાં દેવદુંદુભિ અને હર્ષના ઉત્સવ રચાયા. મહાબાહુ બાહુબળી બન્ને બહેનો સાથે ભગવાન શ્રી ઋષભદેવની પર્ષદામાં પધાર્યા અને ભગવાનને પ્રદક્ષિણા કરી, કેવળીની પર્ષદામાં બિરાજ્યા.

આ રીતે કેવળ જ્ઞાનને અર્થે તપ કરતા એવા મહા-બાહુબળીને પ્રતિબોધવા માટે ભગવાન શ્રી ઋષભદેવે મોકલેલ સાધ્વી બ્રાહ્મી અને સુંદરીએ ઝાડ ઝાંખરા અને વેલડીઓથી વિંટાયેલા અને તપને વશ એવા તે મુનિવર્યને ગર્વરૂપ હસ્તિના કુંભ સ્થળ ઉપરથી નીચે ઉતારીને અત્યંત શ્રેષ્ઠ એવી કેવળજ્ઞાનની સંપત્તિને પમાડ્યા.

(૨) મન સાધે તે જગ સાધે

યાને

રાજર્ષિ-પ્રસન્નચંદ્રનું મોક્ષપ્રયાણ

(૧)

આ તે સમયની વાત છે કે જ્યારે પ્રભુ મહાવીર વિદ્યમાન હતા.

પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધાર્યા. સાથે ઘણો શિષ્ય સમુદાય હતો. તેમાં વૈયાવચ્ચી, તપસ્વી, કુળધર, ગણધર આદિ અનેક મુનિવરો હતા. તેમાં રાજર્ષિ-પ્રસન્નચંદ્ર મુનિ પણ હતા.

સર્વ મુનિવરો પોતપોતાની આત્મ પ્રવૃત્તિમાં મશગૂલ હતા. તેવે વખતે મુનિ સમુદાયથી દૂર જઈ, રાજર્ષિ પ્રસન્નચંદ્ર એકાંત જગ્યાએ સૂર્યની આતાપના લઈ રહ્યા હતા.

ભગવાન મહાવીર વૈભારગિરિ ઉપર સમવસર્યાના સમાચાર વાયુવેગે રાજગૃહીમાં ફેલાઈ ગયા. રાજગૃહીના ખૂણે

ભૂખથી વંદન અર્થે ભવ્ય આત્માઓ કીડીની જેમ રસ્તામાંથી બહાર થવા લાગ્યા અને વૈભારગિરિ પર્વત ઉપર પ્રચંડ માનવ સમુદાય ઉતરી પડયો અને ભગવાન મહાવીરના દર્શન કરી કૃતકૃત્ય થયો. મગધના અધિપતિ મહારાજા શ્રેણિકે આ સમાચાર સાંભળતાં સમાચાર લાવનારને ઈનામ આપી ભગવંત વંદન અર્થે જવાની ઝડપભેર તૈયારી કરી અને તેઓ સપરિવાર વૈભારગિરિ તરફ રવાના થયા.

મહારાજા શ્રેણિક પધારે છે એવું સૂચન કરતાં બે પ્રતિહારી રસાલાને મોખરે સૌથી આગળ ચાલ્યા જતા હતા. જોતજોતામાં રાજગૃહી નગરીના વિશાળ લતાઓ અને આકાશ સાથે સ્પર્ધા કરી રહેલા ભવ્ય મહેલોને વટાવી એક પછી એક આવતાં શેઠ શાહુકારના બાગબગીચા, ઉપવનો અને મનોહર બંગલાઓને વટાવતું મહારાજા શ્રેણિકનું સૈન્ય વૈભારગિરિ તરફ કુચ કરી રહ્યું હતું. સૌથી આગળ રહેલા બે પ્રતિહારીઓ નગરની ધમાલ પૂરી થતાં આનંદની વાતો કરવા ચાલતા હતા. એના નામ હતાં સુમુખ અને દુર્મુખ.

આગળ વધતાં જે એકાંત અરણ્યમાં રાજર્ષિ પ્રસન્નચંદ્ર મુનિ એકાગ્રતાપૂર્વક ધ્યાન ધરી રહ્યા હતા. આંતરચક્ષુનો પ્રકાશ કરી જે આત્મધ્યાનમાં લીન હતા અને ધ્યાનસ્થ ભૂમિકામાં જે આત્મમંથન કરી રહ્યા હતા ત્યાં આગળ આવી પહોંચ્યા. બન્ને પ્રતિહારીઓ વાતોમાં મશગૂલ છતાં સુમુખનું ધ્યાન અચાનક રાજર્ષિ પ્રસન્નચંદ્ર મુનિ ઉપર પડયું અને ત્યાગી રાજર્ષિ ઉપર મનડું આકર્ષાયું. તે આશ્ચર્યમુગ્ધ બની, સ્વગત બોલી ઉઠયો:-અહો ! કેવા ઉગ્ર તપસ્વી મુનિરાજ, ધન્ય છે આવા

અરણ્યમાં અને ભાવથી સંસારમાં રહ્યા. અશ્વ ઉપરથી લગામ નીકળી જતાં તેની ગતિ જેમ કાબુમાં ન આવે તેમ રાજર્ષિના મન ઉપરથી લગામ નીકળી ગઈ. મન ઉપરથી કાબુ દૂર થયો અને સંસારના સમરાંગણુમાં આવવા રાજર્ષિનો આત્મા તત્પર થયો.

"મન એવઃ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ"

એ કહેવત પ્રમાણે મોક્ષ તરફ જે મનની ગતિ હતી તે બંધ તરફ વળી. દુર્મુખના વાક્યોની જબ્બર અસર થઇ અને જેના પ્રતાપે આખી વિચાર શ્રેણી ફેરવાઇ ગઈ. જડ શબ્દના પરમાણુનો પણ કેટલો પ્રભાવ!

દુર્મુખ અને સુમુખ તો ચાલ્યા ગયા. મહારાજા શ્રેણિક પણ તેજ રસ્તેથી પસાર થઈ રાજર્ષિમુનિને વંદન કરી આગળ વધ્યા.

× × × ×

(૨)

સમવશરણમાં

ગતિ કરતું મહારાજા શ્રેણિકનું સૈન્ય અને મગધાધિપતિ શ્રેણિક, પ્રભુ મહાવીર આગળ આવી વંદણા નમસ્કાર કરી સુખશાતા પૂછી નીચે બેઠા. એકાએક શ્રેણિકના મનમાં વિચાર આવ્યો કે આપણે આવ્યા હતા ત્યારે રસ્તામાં ધ્યાનમગ્ન દશામાં ઉભા રહેલ મુનિવરના પરિણામ સંબંધી ભગવાનને

કંઈક પૂછીએ તો કાંઈ જાણવાનું મળશે. તેવા હેતુથી મહારાજા શ્રેણિકે ભગવાનને હાથ જોડી પૂછયું કેઃ-

હે ભગવાન ! આપના દર્શને અમે આવતાં હતાં ત્યારે રસ્તામાં એક ધ્યાનમગ્ન ઉગ્ર તપશ્ચર્યા તપતા મુનિવરના દર્શન થયા. અહો ! ધન્ય છે એ મુનિવરને ! કેવી ભવ્ય આકૃતિ અને કેવો ઉગ્ર તપશ્ચર્યા ! અહો ભગવાન ! એ મુનિવરને જ્યારે મેં વંદણા કરી તે સમયે જો એમનું મૃત્યુ થયું હોત તો તેઓ કઈ ગતિમાં જાત ?

શ્રેણિક ! જે કાળે તમે વંદણા કરી તે સમયે જો તે મુનિવરનું મૃત્યુ થયું હોત તો તે જીવ સાતમી નરકે જાત. ભગવાન મહાવીરે શ્રેણિકનો પ્રશ્ન સાંભળી તરત જવાબ આપ્યો.

ભગવાનનો જવાબ સાંભળી ત્યાં ઉપસ્થિત સર્વના હૃદયમાં એક ઉંડો ઘા પડયો. અહો ! આટલી ઉગ્ર તપશ્ચર્યા અને ઉત્કૃષ્ટ ચારિત્ર પાળતા રાજર્ષિ પ્રસન્નચંદ્ર સાતમી નરકે ?

એમ કેમ ? તેનું કારણ શું ? એક મુનિ તો શું પરંતુ એક શ્રાવક પણ સમકિત પ્રાપ્ત કરી પોતાનું-શ્રાવકનું ચારિત્ર ઉત્કૃષ્ટપણે પાળે તો સ્વર્ગમાં જ જાય, તો આતો મુનિવર અને તેમાં પણ રાજર્ષિ પ્રસન્નચંદ્ર ! અને એ સાતમી નરકે ? અહો ! કર્મના પાશ ન્યારા જ છે.

મહારાજા શ્રેણિકે એ જવાબ સાંભળ્યો, ઘડીભર તો અવાક્ બની ગયા. ખરે ! મેં આ પ્રશ્ન પૂછયો જ શા માટે ? ન પૂછયો હોત તો શું દુઃખ હોત ? હવે ભગવાને કદાચ કંઈ બીજું કહ્યું હશે અને મેં સાંભળવામાં ભૂલ કરી હશે. લાવ, ભગવાનને ફરી પૂછી જોઉં.

આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ રાજર્ષિ પ્રસન્નચંદ્ર મુનિવર સંબંધી મહારાજા શ્રેણિકના મનમાં થયેલી શંકાનું નિવારણ કરી મનના પરિણામ જેમ બને તેમ વધારે ને વધારે નિર્મળ રાખવા બોધ આપ્યો.

મહારાજા શ્રેણિક પ્રભુ મહાવીરને નમસ્કાર કરી રાજર્ષિ પ્રસન્નચંદ્ર મુનિ પાસે ગયા અને તેમને ભાવપૂર્વક વંદણા કરી પોતાને સ્થાને ગયા.

રાજર્ષિ પ્રસન્નચંદ્ર મુનિ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ અનેક ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી આયુષ્કર્મ ક્ષય થયે મોક્ષમાં પધાર્યા.

વંદન હો ! આવા સંયમધરને !

(૪) સુવર્ણ જવનો ચોર

કે

કૈવલ્યનો અધિકારી ?

રાજગૃહી નગરી અને મહારાજા શ્રેણિકનો સોની; એટલે કામનો પાર નહીં. ત્યાં તો સમૃદ્ધિની છોળો ઉછળે. પોતે ભગવાન મહાવીરનો શ્રાવક. એટલે ભૌતિક ધ્યેયની સાથે આત્મિક ધ્યેયની પણ પૂરી લગની. અહર્નિશ એરણ અને ઘનનો તાલબંધ અવાજ. દીવાનો પણ પાર નહીં. દિવસ ઉગે અને આથમે ત્યાં તો રાજગૃહીના શેઠ શાહુકારો અને રાજ્યાધિકારીઓ તરફથી સુવર્ણના ઢગના ઢગ ઠલવાય. પરંતુ આજે તો દરેક કામ બંધ કરી મહારાજા શ્રેણિકના માટે નવસેરો જવનો દિવ્ય હાર બનાવવા પોતાની અશાયદી એકમના કામ કરી રહ્યો છે. દાસવર્ગને આજ્ઞા કરી કે જેમ જેમ જવ તૈયાર થાય તેમ તેમ પોતાની પાસે હાજર કરવા. પોતે હવે હારમાં કોઈ અદ્ભુત કલાનો સમન્વય સાધવાની કલ્પના વિચારી રહ્યો હતો. સુવર્ણ જવની એક પછી એક કણીઓ ત્યાં ગોઠવાતી જાય છે એટલામાં "તપસ્વી" શ્રી

મેતાર્ય મુનિ માસખમણના પારણાને કાજે ગોચરીએ નીકળેલા ત્યાં આવી ચડયા. દેખતાં જ આર્યહૃદય નમી પડ્યું. જૈન શાસનમાં જન્મેલો એક બાળક પણ સાધુને જોતાં નમન કરી કૃતાર્થ થાય. ત્યારે આતો નિર્ગ્રંથનો સેવક; નમ્યા વગર કેમ રહી શકે? શુદ્ધ વેશ, નિષ્કામ વૃત્તિ અને સંયમનું તેજ વિશ્વને નમાવી શકે. જ્યારે આતો એક સોની નીતિથી જીવન ચલાવનારો શ્રમણોપાસક કેમ ન નમે? નમન કરી વહોરાવવા ઉઠચો.

મેતાર્ય મુનિ ચંડાળ કુળમાં ઉત્પન્ન થયેલા. જાતિથી નીચ પણ કર્મથી ઉચ્ચ. સાથે મહારાજા શ્રેણિકના સંસાર અવસ્થાના જમાઈ. બાર બાર વર્ષો સુધી અખંડ ભોગ ભોગવી, પછી વૈરાગ્યના રંગથી રંગાઇ, સુખ અને શાંતિ 'જડભોગમાં નથી' એમ નક્કી કરી, યુવાન એવી નવ નવ પત્નીઓના મોહને છોડી, એ વીર ઘરમાંથી નીકળ્યો. સંસારનો એ મુસાફર તે મુસાફરી પૂરી કરવા, અધ્યાત્મ પંથનો એ પથિક બની, પોતાના આત્માને ઉજાળવા દીક્ષાને પંથે વળ્યો.

ધન્યભાગ્ય! ધન્યઘડી! આજે મ્હારે આંગણે મહારાજા શ્રેણિકના સંસાર અવસ્થાના જમાઈ, જાતિના ચંડાળ અને કર્મે બ્રાહ્મણ, 'મા હણ મા હણ' શબ્દના પ્રતિબોધક, ત્યાગી અને તપસ્વી મુનિ મેતાર્ય ગૌચરીયે પધાર્યા. આંગણે સોનાનો સૂરજ ઉગ્યો. જરૂરી કામને પડતું મુકી અને તે જ સ્થિતિમાં રહેવા દઈ મુનિજીને વહોરાવવા અંદર દોડચો. મુનિજી ઉભા રહ્યા તેજ વખતમાં કાગને બેસવું ને તાડને પડવું એક વગડાઉ ક્રૌંચ પક્ષી ત્યાં આવી ચઢ્યુ અને ચપ-ચપ કરતું નવસેરા

જવના અમૂલ્ય હાર માટે અથાગ મહેનતે અને કેટલીયે કળાના સમન્વયે તૈયાર કરવામાં આવેલ જવ બધા ચણી ગયું. મુનિજી એ બધું જોઈ રહ્યા.

મુનિજીને વહોરાવવાની બધી તૈયારી કરીને, સોની મુનિવર પાસે આવી હાથ જોડી ઉભો રહ્યો. બીજા માણસો વહોરાવવાની ચીજો લાવી રહ્યા છે. વહોરાવવાની તેમની પ્રવૃત્તિમાં અચાનક સોનીનું ધ્યાન સુવર્ણ જવની ખાલી રકાબીયો ઉપર પડ્યું. પોતે જે સ્થિતિમાં પોતાનું કાર્ય અધૂરું મૂકી ગયો હતો તેનું અનુસંધાન થયું અને મનમાં જવ ક્યાં ગયા હશે તેની ચિંતા ઉત્પન્ન થઈ.

સોની ઉંડા વિચારે ચઢ્યો. પોતાની અથાગ મહેનત અને અમૂલ્ય કળાનો સમન્વય સાધી જે સુવર્ણ જવ રાજાના નવસેરા હાર માટે તૈયાર કર્યા હતા, તે બધા વિચારો વિદ્યુત્ વેગે તેના મનમાં ફરી વળ્યા. અત્યાર સુધી શ્રેણિક પ્રત્યેની જે આશા હતી કે આ હાર જોઈ જરૂર રાજા ખુશ થશે એ વિચારોમાં બાંધેલી આશાના ચુરા થયા. ક્રોધનો આવેગ વધતો ચાલ્યો. ચિંતા, ભય અને ક્રોધના ત્રિવિધ તાપે સ્મૃતિ, બુદ્ધિ અને વિવેકનો વિનાશ થયો અને પોતે મેતાર્ય મુનિ તરફ ફર્યો. મુનિજીને પૂછ્યું:-"મહામહેનતે તૈયાર કરેલા આ સુવર્ણની રકાબીમાં રહેલા જવ ક્યાં ગયા? આપે લીધા કે કોઈ બીજું લઈ ગયું? મુનિજી તો ત્યાં મૌનપણે ઉભા રહ્યા. ક્રૌંચપક્ષી પણ ત્યાંજ ફરી રહ્યું છે. પણ આખરે એ તો મુનિ ને? એમના મનમાં કલ્પના સરખી પણ ન કરે કે પોતે એ બીના સોનીને જણાવે કે તારા જવ તો આ ક્રૌંચ પક્ષી

ચાણી ગયું છે અને એ બીના જણાવે તો ? તો તે બીચારા કોંચ પક્ષીનો અકાળે વિનાશ થાય. તુરતજ તેનું પેટ ચીરવામાં આવે અને એ મુનિજીથી કેમ જોવાય. તેથી પોતે તો અડોલ અને મૌનપણે ઉભા રહ્યા.

મનની અધીરતા, ચિંતા, ભય, ક્રોધની જ્વાળાની અતિરેકતામાં સામા માણસનું મૌન ઘી હોમે છે. સોનીએ મન ઉપરનો કાબુ ગુમાવ્યો. સારાસારનો વિવેક ભૂલેલો માનવી શું નથી કરતો ? સોની વિચારે છે કે:—મહારાજા શ્રેણિક માટે તૈયાર કરવામાં આવતો હાર જોઈ, દીક્ષા લીધા છતાં હજુ જરૂર મુનિની વાસના સંસાર ઉપર રહી ગઇ હશે. અને અંતે તો છે શ્રેણિકના જમાઈને ? વર્ષો સુધી સંસારમાં રહ્યા અને અનેકગણી લક્ષ્મીનો ઉપયોગ કર્યો એટલે ઉંડાણના ખુણે લક્ષ્મીની વાસના તેના પ્રત્યે રહી ગઈ હોય તેમાં નવાઈ નથી. લક્ષ્મીનો સ્વભાવ જ ચંચળ છે. એને જોનારાના ભાવ ચળે તેમાં આશ્ચર્ય શું ? ત્યાગી પણ રાગી બનતા વાર ન લગાડે. લક્ષ્મીને જોઇ ભલભલા મુનિયો ચળ્યા તો આ મુનિજી ચળે એમાં નવીનતા શું ? જરૂર મન ફરી ગયું હશે ! અને મારા કીંમતી જવ ચોરી લીધા હશે. સોની અનેક વિચારોના મહાસાગરમાં ડુબકી મારવા લાગ્યો. નિર્ગ્રંથ મુનિ પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન કરી. એક ક્ષણ પહેલા જેના આગમનને પોતાનું અહોભાગ્ય માનતો અને પોતાના જીવનની ધન્ય પળ ગણતો, તેજ સોની વિચારોના ખરાબે ચઢી મુનિજીને ચોર ઠરાવવા તત્પર થયો. નિર્ગ્રંથનો તે ભક્ત પણ કાચો. આવા તપસ્વી મુનિમાં સાચા ભક્તને શંકા ન આવે. તુચ્છ જવ

જવાથી સાચો ભક્ત મુનિ ઉપર દોષ મૂકવા તૈયાર ન થાય. જવલા પ્રત્યેની મમતાએ મુનિ ઉપર દોષ ચઢાવ્યો. વિચાર કરતા જરા ખચકાયો. વિચારોના અનેકગણા સમૂહથી નક્કી તો કરી લીધું. જરૂર જવ જોઈ મુનિજીનું મન ફર્યું હશે અને મારા જવ લીધા હશે. બસ, આ વિચાર માત્રે સોનીના હૃદયમાં તુમુલ યુદ્ધ જગાડયું મુનિજીને ફરી પૂછયું. તે તો મૌન જ રહ્યા. પારકાના આત્માની દુઃખદ સ્થિતિ પોતાના સત્ય વચન ઉપર ઉભી થવાની હોય અને પોતાની સત્ય પ્રરૂપણામાં પર-જીવનની દોરી નાશ થતી હોય ત્યાં મુનિજી તો મૌનજ સેવે.

મુનિજીના મૌને સોનીને વધુ શંકાશીલ બનાવ્યો અને ગુસ્સો વૃદ્ધિગત થતો ગયો. પોતાના મનમાં ચલાવી રહેલ ગડમથલના પરિણામે સોનીએ તો નિર્ણય કરી લીધો કે એ સુવર્ણ જવ આ મુનિએજ લીધા છે પરંતુ હવે શું થાય? મુનિ ઉપર ચોરીનો આરોપ પણ કેમ મૂકી શકાય? અને તે પણ શ્રેણિકના રાજ્યમાં મહારાજા શ્રેણિકના જમાઇ અને ભગવાન્ મહાવીરના અણગાર ઉપર! ત્યારે તૈયાર કરેલા જવનું પણ શું થયું? મુનિ સિવાય બીજું કોઈ અહીં હતું પણ નહિ. ચૌર્યવૃત્તિથી આ મુનિએ જ એ જવ લીધા છે તેથી મુનિની એ ચૌર્યવૃત્તિનો બદલો પણ મ્હારે આપવો જ રહ્યો. સોની જેમ જેમ માનસિક તરંગમાં ચઢતો જાય છે તેમ તેમ મુનિ ઉપરનો ક્રોધ ઉગ્ર સ્વરૂપ લેતો જાય છે.

બીજી તરફ મુનિ મેતાર્ય શાંત ચિત્તે મૌનપણે સ્થિર ઉભા રહ્યા છે. તેઓ પણ મનમાં વિચાર કરે છે. મારો પવિત્ર સાધુ ધર્મ, ભગવાન મહાવીરની ભાગવતી દીક્ષા અને મારો

[illegible]

[illegible] મુનિજી ચોરે એમાં નવીનતા શું ? જરૂર મન ફરી ગયું હશે ! અને મારા કીમતી જવ ચોરી લીધા હશે. સોની અનેક વિચારોના મહાસાગરમાં ડુબકી મારવા લાગ્યો. નિર્ગ્રંથ મુનિ પ્રત્યે અશ્રદ્ધા ઉત્પન્ન કરી. એક ક્ષણ પહેલા જેના આગમનને પોતાનું અહોભાગ્ય માનતો અને પોતાના જીવનની ધન્ય પળ ગણતો, તેજ સોની વિચારોના ખરાબે ચડી મુનિજીને ચોર ઠરાવવા તત્પર થયો. નિર્ગ્રંથનો તે ભક્ત પણ કાચો. આવા તપસ્વી મુનિમાં સાચા ભક્તને શંકા ન આવે. તુચ્છ જવ

જવાથી સાચો ભક્ત મુનિ ઉપર દોષ મૂકવા તૈયાર ન થાય. જવલા પ્રત્યેની મમતાએ મુનિ ઉપર દોષ ચઢાવ્યો. વિચાર કરતા જરા ખચકાયો. વિચારોના અનેકગણા સમૂહથી નક્કી તો કરી લીધું. જરૂર જવ જોઈ મુનિજીનું મન ફર્યું હશે અને મારા જવ લીધા હશે. બસ, આ વિચાર માત્રે સોનીના હૃદયમાં તુમુલ યુદ્ધ જગાડયું. મુનિજીને ફરી પૂછયું. તે તો મૌન જ રહ્યા. પારકાના આત્માની દુઃખદ સ્થિતિ પોતાના સત્ય વચન ઉપર ઉભી થવાની હોય અને પોતાની સત્ય પ્રરૂપણામાં પરજીવનની દોરી નાશ થતી હોય ત્યાં મુનિજી તો મૌનજ સેવે.

મુનિજીના મૌને સોનીને વધુ શંકાશીલ બનાવ્યો અને ગુસ્સો વૃદ્ધિગત થતો ગયો. પોતાના મનમાં ચલાવી રહેલ ગડમથલના પરિણામે સોનીએ તો નિર્ણય કરી લીધો કે એ સુવર્ણ જવ આ મુનિએજ લીધા છે પરંતુ હવે શું થાય? મુનિ ઉપર ચોરીનો આરોપ પણ કેમ મૂકી શકાય? અને તે પણ શ્રેણિકના રાજ્યમાં મહારાજા શ્રેણિકના જમાઈ અને ભગવાન્ મહાવીરના અણગાર ઉપર! ત્યારે તૈયાર કરેલા જવનું પણ શું થયું? મુનિ સિવાય બીજું કોઈ અહીં હતું પણ નહિ. ચૌર્યવૃત્તિથી આ મુનિએ જ એ જવ લીધા છે તેથી મુનિની એ ચૌર્યવૃત્તિનો બદલો પણ મ્હારે આપવો જ રહ્યો. સોની જેમ જેમ માનસિક તરંગમાં ચઢતો જાય છે તેમ તેમ મુનિ ઉપરનો ક્રોધ ઉગ્ર સ્વરૂપ લેતો જાય છે.

બીજી તરફ મુનિ મેતાર્ય શાંત ચિત્તે મૌનપણે સ્થિર ઉભા રહ્યા છે તેઓ પણ મનમા વિચાર કરે છે. મારો પવિત્ર સાધુ ધર્મ. ભગવાન મહાવીરની ભાગવતી દીક્ષા અને મારો

[illegible]

... શબ્દોમાં રમણ કરવા લાગ્યો. ધર્મની કસોટીમાંથી એ વિરલ આત્મા પસાર થવા માટે પ્રસંગોની મજબુતાઈમાં પરોવાતો.

એક તરફ સોની અને બીજી તરફ મુનિ બન્ને માનસીક ગડમથલમાં પડ્યા. મુનિજીની એકાગ્રતાએ સોનીને વધારે દુઃખદાયી બનાવ્યો. ક્રોધાવેશમાં તેણે મુનિજીને ફરી એકવાર પૂછ્યું:–" મુનિજી ! તમારા સિવાય બીજું અહીં કોઈ આવ્યું જ નથી; આ સુવર્ણ જવની ચોરીનો આરોપ નિઃશંક તમારા ઉપર જ આવે છે. બોલો ! બોલો ! ઘણી મહેનતે તૈયાર કરેલાં મારા કિંમતી સુવર્ણ જવની ચોરીનો અક્ષમ્ય આરોપ તમે મૌનથી સ્વીકારી લ્યો છો; જેથી મારે આપને તેની શિક્ષા કરવી જ પડશે."

મુનિજી તો પોતાના પૂર્વ સ્વભાવ પ્રમાણે કંઈ નિરુત્તરી શાંતમૂર્તિ જ રહ્યા. છતાં એજ મૌન–એજ નિરુત્તરપણું–એજ નિર્ભયતા સોનીની ક્રોધની જ્વાળામાં એ ત્રિવિધ આહુતિથી ઓર વધારો થયો. ક્રોધવાળો મનુષ્ય અંધ અને સાન વગરનો છે તે ન્યાયે સોની ચારે તરફ નજર કરવા લાગ્યો. આજેજ આવેલ આહાર તૈયાર કરવામાં સાધનરૂપ તાજી ચામડાની વાધરીનું બંડલ જોયું, એજ શિક્ષા માટે મુનિને યોગ્ય જાણી, ચંડાળના હાથમાં તલવારની જેમ તેનો ઉપયોગ કરી સોનાની ક્રોધા-વેશમાં સોનીને તમન્ના થઈ આવી. વાધરીને વાર ન લગાડતા તરત જ લઈ લીધી અને મુનિના મસ્તક ઉપર ખેંચી ખેંચીને બાંધવી શરૂ કરી. એક બે ત્રણ ચાર અને પાંચ અને છ આંટા ચડતાં જ ગયા અને શરીરમાં જેટલી તાકાત હતી તે સર્વ એકઠી કરી ખેંચી ખેંચો પોતાના વેરનો બદલો વાળતો ગયો.

બીજી બાજુ, એજ મુનિવરને વહોરાવવા માટે વિવિધ પ્રકારની વાનીયો ત્યાં એકઠી થતી ગઈ. ધન્ય છે મુનિવરને! અહો! જે એ વાનીયો પોતાના પાત્રાંમાં વહોરાવી પોતાને ધન્ય ધન્ય માનનાર હતો, એજ સોનીને હાથે પોતાના મસ્તક ઉપર ચામડાની લીલી વાધરીના ઉપરા છાપરી નિર્દ-યતાપૂર્વકના બંધો પણ એટલા જ સમતાભાવે સહન કર્યા. પૂજા અને નિંદા, પ્રતિષ્ઠા અને તિરસ્કાર બન્ને એકજ વૃત્તિના રૂપો છે. સામાન્ય માનવી પૂજા અને પ્રતિષ્ઠામાં આનંદ માને છે–પોતાનો ઉત્કર્ષ સમજે છે અને નિંદા અને તિરસ્કારમાં રોષની સાથે અપકીર્તિ માને છે; પરંતુ મહાપુરૂષો માટે તો બન્ને લાગણી એકજ પ્રકારની હોય છે. તેઓ તો પૂજક કે

નિંદકને એકજ પ્રકારની દ્રષ્ટિથી નિહાળે છે. વ્હોરાવવાની સામગ્રી પણ ત્યાંજ એકઠી થઈ. સોનીએ ક્રોધાવેશમાં ખેંચી ખેંચીને બાંધેલાં લીલી વાધરીના બંધન સૂર્યના કિરણોથી તપતા ગયા અને મસ્તક ઉપર બાંધેલી વાધરી સુકાતી ચાલી.

તાણીને બાંધેલાં બંધન વધુ ને વધુ ખેંચાતા ગયા. અવર્ણનીય વેદના અને માનસિક વિટંબનાને સમતાના સાગર સહન કરવા લાગ્યા. એજ નિર્મળ ભાવે–અડોલપણે ઉભા રહ્યા. વેદના અસહ્ય છે. પામર માનવી ગભડ્યા વગર રહે જ નહિ. જ્યારે વાધરી મસ્તક ઉપર વધારે મજબુત થઈ ત્યારે આત્મ-જાગ્રતિમાં લીન બનેલા મુનિ મેતાર્ય સ્વગત પોતાના આત્માને ચેતાવવા લાગ્યા. "અવસર ન ગુમાવીશ. અનેક ભવાંતરો ગયા. આવો સુવર્ણ અવસર આવ્યો નથી. આવા વખતમાં જો તેં સમતા ગુમાવી, તો બધું હાર્યો; માટે હે આત્મન્! અવસર ન ચૂકીશ. મસ્તક ઉપર અનેક કર્મોનો ભાર છે, જે તુટવા લાગે છે, તેમાં ગભરાઈશ નહિ. જીંદગીનો પરમ અવસર ઉત્પન્ન થયો છે. વેદનીય કર્મો આજે એક સામટા ઉદયમાં આવશે. પ્રકૃતિ તારી કસોટી કરશે, તેમાં જો પાર ઉતરીશ તો સાધીશ." વેદના વધતી ચાલી. આત્મ સમાધિ પણ આગળ વધી. આજે તારા ઉપર દુઃખ છે એમ નથી. પૂર્વમાં મોટા યતિઓએ પણ તારા કરતાં અનેક ગણું દુઃખ ભોગવ્યું છે. તારા દુઃખની તેમની આગળ કંઈ જ ગણના નથી. યાદ કર. મહાત્મા ગજ-સુકુમાળનું ખેરના અંગારાના ધગધગતા અગ્નિથી મસ્તક સળગ્યું. ક્ષોભ પામ્યા? શાંતિ ગુમાવી? કયા ભાવમાં કઈ રમણતામાં મહાત્મા ખંધક મુનિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં

પીલાયા! કેટલી વેદના! કેટલું દુ:ખ! કોશલ મુનિના શરીરનું વાઘણ ભક્ષણ કરી ગઈ. કેટલી અસહ્ય વેદના? તે મહાત્માઓ જરાપણ ધ્યાનથી ન ડગ્યા તો પાર ઉતર્યા. ખંધકના ૭૦૦ શિષ્યોની સ્થિતિ યાદ કર. તે પણ આત્મનિંદા કરતા સાધી ગયા. તું પણ તે રસ્તે જા. જન્મ અને મરણના ફેરા ટળી જશે. ચાર ગતિના ચુરા થશે. નિર્વાણ પદ મળશે. અમર ધામ પહોંચી જવાશે. પૂર્વ કર્મને ભોગવવામાં સોનીનો પણ શો દોષ! તે તો મારા આત્માનો ચિંતક. આત્માનો હિતસ્વી, કે જેથી મારા કર્મોનો સંહાર કરવા તેણે સામગ્રીઓ ભેગી કરી. કલ્યાણ થાઓ. આત્મ સમાધિમાં લીન બનેલા મુનિ મેતાર્ય વિશ્વ સાથે મૈત્રી બાંધતા, વિચારોમાં જગતનું કલ્યાણ ઇચ્છતા, વિચારમાળા ત્રુટી. તડ–તડ–તડ–અવાજ થતાની સાથે મસ્તકની નસ તુટી. શરીર ક્ષણભંગુર છે, આયુષ્ય ચંચળ છે. કર્મના પાશમાં બંધાતા માનવીને શારીરિક દુ:ખ ભોગવ્યા વગર છુટકો જ નથી. હે આત્મા! તું પણ કર્મ સહિત છે એટલે જ આ કર્મો હવે છેલ્લી વાર તને સલામી આપે છે. તેના માથા-માંથી વાજા વાગે છે તારી મૂળ સ્થિતિને તું છોડીશ નહીં. અરે? આ શું? ચામડાની વાધરીએ એટલું બધું જોર કર્યું કે ચક્ષુઓ બહાર નીકળી ગયા. હે આત્મન્! સર્વે સામગ્રીઓ તારી અનુકૂળ છે ચક્ષુઓ પણ ગઈ. હવે દ્રવ્ય ચક્ષુની જરૂર પણ શી છે? અંતર ચક્ષુથી જ જો. દ્રવ્યચક્ષુ કરતા તેના વિશેષ પ્રકાશ છે તે અજ્ઞાન તિમિરનો નાશ કરશે. માટે ખેદ કરીશ નહીં. ૧૩ મા ગુણસ્થાનકે મહાત્મા પહોંચ્યા. પણ અરે? આ

ઉજ્જ્વલ દીપક હીરાચાર્ય જ્ઞાની દેરાણીમાં છે;

[illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અસહ્નીય વેદના અને માનસિક વિકલ્પોને શમાવવા સારૂ [illegible] કરવા લાગ્યા. જેમ જેમ [illegible] [illegible] [illegible] વેદના [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] જ નહિ ત્યારે પાઘડી મસ્તક ઉપર જ્યારે મજબુત થઈ ત્યારે આત્મ-જાગૃતિમાં લીન બનેલા મુનિ એમજ સ્વગત પોતાના આત્માને સમજાવવા લાગ્યા. "અવસર ન ગુમાવીશ. અનેક ભવાંતરો ગયા. આવો સુવર્ણ અવસર આવ્યો નથી. આવા વખતમાં જો તેં સમતા ગુમાવી, તો બાજું હાર્યો; માટે હે આત્મન્ ! અવસર ન ચૂકીશ. મસ્તક ઉપર અનેક કર્મોનો ભાર છે, જે તુટવા લાગે છે, તેમાં ગભરાઈશ નહિ. જીંદગીનો પરમ અવસર ઉત્પન્ન થયો છે. વેદનીય કર્મો આજે એક સામટા ઉદયમાં આવશે. પ્રકૃતિ તારી કસોટી કરશે, તેમાં જો પાર ઉતરીશ તો સાધીશ." વેદના વધતી ચાલી. આત્મ સમાધિ પણ આગળ વધી. આજે તારા ઉપર દુઃખ છે એમ નથી. પૂર્વમાં મોટા યતિઓએ પણ તારા કરતાં અનેક ગણું દુઃખ ભોગવ્યું છે. તારા દુઃખની તેમની આગળ કંઈ જ ગણના નથી. યાદ કર. મહાત્મા ગજ-સુકુમાળનું ખેરના અંગારાના ધગધગતા અગ્નિથી મસ્તક સળગ્યું. ક્ષોભ પામ્યા ? શાંતિ ગુમાવી ? કયા ભાવમાં કઈ રમણતામાં મહાત્મા ખંધક મુનિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં

પીડાયા! કેટલી વેદના! કેટલું દુઃખ! કોમળ મુનિના શરીરનું વાધરુ અશક્ય કરી ગઈ. કેટલી અસહ્ય વેદના! તે મહાત્માઓ જરાપણ ધ્યાનથી ન ડગ્યા તો પાર ઉતર્યા. ખંધકના ૫૦૦ શિષ્યોની સ્થિતિ યાદ કર. તે પણ આત્મનિંદા કરતા સાધી ગયા. તું પણ તે રસ્તે જા. જન્મ અને મરણના ફેરા ટળી જશે. ભવ અતિના પુરા થશે. નિર્વાણ પદ મળશે. અમર ધામ પહોંચી જવાશે. પૂર્વ કર્મને ભોગવવામાં સોનીનો પણ શો દોષ! તે તો મારા આત્માનો ચિંતક. આત્માનો હિતસ્વી, કે જેથી મારા કર્મોનો સંહાર કરવા તેણે સામગ્રીઓ ભેગી કરી. કલ્યાણ થાઓ. આત્મ સમાધિમાં લીન બનેલા મુનિ મેતાર્યે વિશ્વ સાથે મૈત્રી બાંધતા, વિચારોમાં જગતનું કલ્યાણ ઇચ્છતા, વિચારમાળા તુટી. તડ–તડ–તડ–અવાજ થતાની સાથે મસ્તકની નસ તુટી. શરીર ક્ષણભંગુર છે, આયુષ્ય ચંચળ છે. કર્મના પાશમાં બંધાતા માનવીને શારીરિક દુઃખ ભોગવ્યા વગર છુટકો જ નથી. હે આત્મા! તું પણ કર્મ સહિત છે એટલે જ આ કર્મો હવે છેલ્લી વાર તને સલામી આપે છે. તેના માથા-માંથી વાજા વાગે છે. તારી મૂળ સ્થિતિને તું છોડીશ નહીં. અરે? આ શું? ચામડાની વાધરીએ એટલું બધું જોર કર્યું કે ચક્ષુઓ બહાર નીકળી ગયા હે આત્મન્! સર્વ સામગ્રીઓ તારી અનુકૂળ છે. ચક્ષુઓ પણ ગઈ. હવે દ્રવ્ય ચક્ષુની જરૂર પણ શી છે? અંતર ચક્ષુથી જ જો. દ્રવ્યચક્ષુ કરતા તેનો વિશેષ પ્રકાશ છે. તે અજ્ઞાન તિમિરનો નાશ કરશે. માટે ખેદ કરીશ નહીં. ૧૩ મા ગુણસ્થાનકે મહાત્મા પહોંચ્યા. પણ અરે? આ શું? મુનિજીનો જીવન દીપક હોલવાઈ જવાની તૈયારીમાં છે;

છતાં મુનિ તો એજ ભાવમાં—એજ સમતામાં—એજ આત્મરસમાં પોતાના એજ ઉત્કૃષ્ટ ભાવે મૌનપણે ઉજ્વળ પરિણામે પરિસહને સહી રહ્યા છે. ધન્ય છે એ સમતાને! કેવો ઉજ્વળ એ આત્મત્યાગ! કેટલી આદર્શ એ જીવદયા! અન્ય પ્રાણીના દુ:ખને પોતાનું માની બીજાને બદલે પોતાની જાતને ફાંસીને માંચડે ચડાવી દેનાર એ મુનિના આત્માની ઉચ્ચતાના માપ કઈ માપણીએ માપશું? પણ અરે? આ શું? આકાશમાં દેવ દેવેન્દ્રોના જુથ શા? આ ઉત્સવ શાનો? અહો? ધન્ય હો? મેતાર્ય મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું! આયુષ્ય પૂર્ણ થતાંની સાથે કાળ કરી નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું. મુક્તિ પહોંચ્યા.

બીજી બાજુ આજુબાજુ ફરી રહેલું ક્રૌંચ પક્ષી, અવાજના ધડાકાથી ચમકી ઉઠતાં, સઘળાં જવલાં ત્યાં કાઢી નાખ્યા. આ જોતા વેંતજ સોની તેમજ તેના સંબંધીઓના હોશકોશ ઉડી ગયા. નિર્દોષ મુનિ પર વ્યર્થ આશંકા લાવી કેટલું મહાન પાપ વહોરી લીધું! તેની કલ્પના આવતાં જ ક્રોધનો નીશો ઉતરી ગયો. અહો? મેં પાપીએ કેવું મહાન પાપ કર્યું? બસ! આ એકજ વિચાર માત્રે તે સોનીને વૈરાગ્ય ઉપજ્યો. બસ! તેજ વખતે દીક્ષા અંગીકાર કરી, સોનીએ પોતાના આત્માનું કલ્યાણ કર્યું.

કોટી કોટી વંદન હો! સમતાના સાગર મુનિ મેતાર્યજીને!

(૫) સ્થુલિભદ્ર

૧ પ્રત્યાગમન

"બાર બાર વર્ષના સહવાસ પછી પણ એ ચાલ્યો ગયો–બસ. જતાં જતાં તેણે એકવાર પણ મારી સામે સ્નેહભરી દૃષ્ટિએ જોયું નહિ. મારા મહેલના આ સ્વર્ગીય સુખ કરતાં વિશેષ તેને શાની આકાંક્ષા થઈ આવી કે આમ અકસ્માત બધું તરછોડીને ચાલ્યો ગયો ?" એને ઘણાય ઉભરા કાઢવા હતા, હૈયાનો ભાર હળવો કરવો હતો, પરંતુ તેનું હૈયું ભરાઈ આવ્યું, એ વધારે બોલી શકી નહિ, થોડીવાર સુધી શાંત રહી વળી પાછી બોલવા લાગી.

"જાણેને ગયો, મારે ને એને શું ! એ તો એક વણિકપુત્ર અને હું તો ગણિકા વેશ્યા, એને પરણી તો નથીને ?" તે જરા ઉગ્ર બની, તેનું મગજ તેના કાબૂમાં ન રહ્યું. આવેશમાંને આવેશમાં બેભાન થઈને પડી.

"હેં......હું પરણી નથી, તેથી શું થયું ? બાર બાર વર્ષ સુધી તો વેશ્યાપણું સમજાયું નહિ ને હવે ? હા, એક દિવસ

[illegible]

"એ જ હશે, આટલે વર્ષે આવ્યો જણાય છે! ના, ના, હું ભૂલી [illegible] તો મારી [illegible] હતા. આ તો કોઈ મુંડેલ [illegible] સ્થૂલભદ્ર આમ ઉઘાડે પગે આવી શકે ખરા? [illegible] મારો પ્રાણ! નહિ, નહિ. એ તો હશે કોઈ [illegible]–ના, ના. પણ એ જ પરિચિત મુખડું, એ જ સુંદર શરીર, એ જ ધીર પરિચિત ચાલ. એ તો નક્કી સ્થૂલભદ્ર જ છે." એની ઉત્સુકતાનો પાર ન હતો. આનંદમાં તેનું મન નાચી ઉઠ્યું. તેણે અટારી [illegible] સુવ્યવસ્થિત કરવાની આજ્ઞા આપી. રસોઇયાને ઉત્તમ પ્રકારની વાનીઓ તૈયાર કરવાનો આદેશ આપી પોતે સોળે શણગાર સજવા બીજા ઓરડામાં ચાલી ગઈ.

હજુ તો તેનો શણગાર પૂરો થયો નહિ, ત્યાં તો "ધર્મલાભ" એવો અપરિચિત શબ્દ તેને કાને પડ્યો. અવાજ તો એ ઓળખી ગઈ; પરંતુ આ નવિન શબ્દનો પ્રયોગ તે સમજી શકી નહિ. એ અવાજમાં રસિકતા અને વિલાસીપણું રહ્યા ન હતા. ગંભીર અને પ્રશાન્ત ભાવે ઉચ્ચારાયેલા માત્ર એ એક જ શબ્દથી પોતાના રસિક પ્રેમીની રસહીન વૈરાગ્યમયમૂર્તિ તેની આંખ સામે તરવરવા લાગી. ઘડીભર તો એ થંભી ગઇ. શું જવાબ આપવો એ સમજાયું નહિ. તેના શણગાર અધૂરા રહ્યા. એ પોતાના પ્રેમીને ભેટવા

બારણા તરફ દોડી, ત્યાં તો ફરીવાર એવો જ ગંભીર અવાજ તેના કર્ણપટ પર અથડાયો. "જો, જો, રખે મને સ્પર્શ કરતાં." તેણીથી એકપણ ડગલું આગળ વધી શકાયું નહિં. ત્યાં જ નિશ્ચેષ્ટ થઈને પડી.

સ્થુલભદ્રથી હવે વધારે વાર શાંત ન રહેવાયું. "કોશા, કોશા, તમે ભૂલો છો. આપણે બાર બાર વર્ષ સાથે રહ્યા એ સાચું. હું તમને મારૂં હૃદય આપી ચૂકયો હતો એ પણ એટલું જ સાચું છે અને તમે પણ એ વર્ષોમાં મારા સિવાય બીજાને પ્રેમનો લોગી બનાવ્યો નથી એ પણ કેમ ભૂલાય ?"

"તો શીદને આમ રખડતી મૂકીને ચાલ્યા ગયા? છોડો તમારો આ વૈરાગી વેશ અને આવો રંગમહેલમાં."

એમ કહી સ્થુલભદ્રનો હાથ પકડવા તેણે પોતાનો હાથ લંબાવ્યો.

સ્થુલભદ્ર જરા ખસી ગયો ન હોત તો તેણીએ તેનો હાથ પકડી જ લીધો હોત, પરંતુ તે નિરાશ થઈ. સ્થુલભદ્ર જરા દૂર જઈને ઉભો રહ્યો. ફરી તે ગંભીર અવાજે બોલ્યો.

"તમે ભૂલો છો. એમજ હોત તો અત્યારે તમારી સામે હું ન જ હોત. જેની સાથે બાર બાર વર્ષ રહી હું ઘણું ઘણું શીખ્યો, તેને રખડતી કેવી રીતે મૂકી શકાય ?"

કોશા આ સમજી શકી નહિં. તેને તો પોતાનો વિજય જણાયો. તેણે ગર્વથી માથું ઉંચુ કર્યું અને બોલી:–"હા, એ બધું હું જાણું છું, મોટા ઉપાડે વૈરાગ્ય લીધો. પણ એ ખબર ન હતી કે તે તો કાંટાની પથારી છે! તમારા જેવા રસિકજનનું ત્યાં એક ઘડી પણ ચાલે નહિં, માટે આ બધો

ઢોંગ છોડી દઈ ફરી પાછો જીવનનો લ્હાવો લો." એ વધારે બોલવા જતી હતી પરંતુ સ્થુલભદ્રે તેને અટકાવી.

"કોશા, હજુ મને સમજી શક્યા નહિં. તમારી પાસે વૈરાગ્યથી કંટાળી જઈને નથી આવ્યો; પરંતુ...." એને વધારે બોલવું હતું પરંતુ કોશા વચ્ચે જ બોલી ઉઠી:–"ત્યારે શા માટે આવ્યા છો? ચોક્ખું ચોક્ખું કહી નાખોને."

"આપણું એ જીવન નિંદ્ય હતું એમ તો હું નથી કહેતો; પરંતુ આપણા જીવનનું અંતિમ ધ્યેય, જીવનનો સાર તો એ ન જ હતો, એ હવે મને સમજાયું છે. મારો પ્રેમ તમારામાં જ મર્યાદિત રહે અને તમારો સ્નેહ માત્ર આ સ્થુલભદ્રમાંજ સીમિત રહે એ આપણા જીવનવિકાસક્રમમાં છેલ્લું પગથિયું નથી, એ મને મારા ગુરૂએ સમજાવ્યું છે, એ હું સમજ્યો છું. હવે તમને પણ એ સત્યના દર્શન કરાવવા આવ્યો છું. હવે કહો કે મેં તમને રખડતી મૂકી છે? અને મૂકી શકાય પણ કેમ?"

તેને હવે કાંઇક સમજાયું. તે સ્થુલભદ્રના ચરણમાં પડી ગઈ.



(૨) વિ...દા...ય

ચાર ચાર મહિનાના વાયરા વાઈ ગયા. મુનિધર્મ–ચારિત્રધર્મની એ એક કસોટીનો કપરો સમય હતો.

સ્થુલભદ્ર–કોશા વેશ્યાનો એ યાર–જાતે વણિક, શકડાલ મંત્રીનો પુત્ર છતાં બાર બાર વર્ષનો એ પરિચય–સુખની તો

એ એક ઘડી માત્ર; પરંતુ વૈરાગ્યની કો પ્રબલતમ જ્વાલાએ બાર બાર વર્ષના સ્નેહને એક ક્ષણ માત્રમાં બાળી, સંભૂતિવિજય મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી, પ્રથમ ચાતુર્માસે જ કોશા વેશ્યાના ગૃહ પ્રતિ જેટલી વૈરાગ્યમાત્રા અને ઉત્કૃષ્ટ ચારિત્ર્યભાવના સાથે પ્રત્યાગમન કર્યું હતું તેના કરતાં દ્વિગુણિત માત્રા અને ભાવનાથી આજે એ પોતાનો ચાતુર્માસ કાળ વ્યતીત કરી સોનું કસોટી પર ચડી, સુવર્ણકારની ચકોર નજરે કસાય છે તેવી રીતે કસાવા ગુરુ સંભૂતિવિજય મહારાજ પ્રતિ જવા ઉપડે છે.

કોશા એ વેશ્યા હતી-શકડાલ મંત્રીના પુત્રના બાર વર્ષના સહવાસ પછી કોશા તન્મય હતી બાર વર્ષ સુધી સ્થૂલભદ્રમાં. સ્થૂલભદ્રના વૈરાગ્ય પછી એ વિખરાઈ ગઈ હતી. 'પોતે વેશ્યા કેમ કહેવાય?'

પરંતુ એ વિચારે એટલામાં તો મુનિ સ્થૂલભદ્રનું પ્રત્યાગમન થયું. મુનિનો એ ગૌરવભર્યો આદેશ "કોશા! આશક હતો બાર બાર વર્ષ તમારામાં, તમે તન્મય હતા મારામાં; પરંતુ મારા ગુરુનો આદેશ છે કે તમારી એ સ્થૂલ ભાવનાને છોડાવી તમને વિશ્વપ્રેમમાં ગુંથી આદર્શ અવિકાર-આદર્શ વનિતા બનાવવી-વેશ્યા એ નામ સાર્થક કરવું-વિશ્વપ્રેમની મધુરી વિણાધારી તમે સાચી વેશ્યા બનો." બાર બાર મહિનાના એ અખંડ પરિચય, પ્રેમમયી ભાવના પાસે [illegible]. મુનિ [illegible] કેવા [illegible] માટે એ [illegible]. પરંતુ એ શું આદર્શ! એ તો કંઈ જુદું જ નિકળ્યું [illegible] પણ શાન્ત કરી દેવા કેવા [illegible]! કારણ કે [illegible]

ક

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] તેમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિચારાય ? પરંતુ અન્તઃકરણમાં જે [illegible]—ભોગની વિચારણાઓ [illegible] [illegible] બાર બાર વર્ષના પૂર્વના ભોગવિલાસની [illegible] [illegible] અને [illegible] પ્રત્યભિજ્ઞા [illegible] [illegible] [illegible] [illegible] હતાં તો શું આશ્ચર્ય ? આત્માના સાચા વૈરાગ્યરૂપી અન્તઃકરણનો સાક્ષાત્કાર. પરંતુ આ શું ? ચાર મહિનાના સહવાસે વેશ્યા આજે ત્યાગ-ધર્મની શ્રાવિકા બની છે. ભૂતકાળના એ ભોગવિલાસ, ભૂત-કાળના એ સ્નેહ,સ્મરણો બધાં ક્યાં ગયાં ? આજે વેશ્યા સ્થુલભદ્રને હસતે મુખડે વિદાય દઈ રહી છે અને પૂછી રહી છે:—" કૃપાનિધાન ! હજુ પણ જો મારા શ્રાવિકા વ્રતમાં કંઈ બાકી હોય તો મને આદેશના જણાવો ! તમ સરખા **પારસમણિના સ્પર્શે મુજ સરખા લોહનું સુવર્ણ બન્યું છે.** દયાનિધિ ! મારી મલિનતાના બાહુલ્યે હજુ સુવર્ણના સૌષ્ઠવમાં કંઇ બાકી હોય તો આદેશના જણાવો, પ્રભુ !

પ્રથમ હું વેશ્યા હતી. બાર બાર વર્ષના તમારા સંગેમાત્ર તમારી જ પ્રેમપાત્ર—તમારામાં જ તન્મય હતી. આજે ફરી વેશ્યા—જગતપ્રેમી બનું છું, સાચી આત્માર્થી વેશ્યા બનું છું. તમે........

जाओ जाओ अय मेरे साधु, रहो गुरु के संग....

" કોશા ! જગતના પ્રત્યેક બનાવનો માત્ર પાત્ર ઉપર જ આધાર છે. કદાચ મારા આ ચાર મહિનાના સંસર્ગે તમોને પવિત્રતા પ્રાપ્ત થઈ હોય તો તે તમારા પૂર્વભવની જ પુણ્યાઇ છે. તમારા હલુકર્મી જીવની મૃદુતા છે. હું તો માત્ર નિમિત્ત બન્યો છું. બસ, જે વૈરાગ્યમાત્રા અને ચારિત્ર્યની ભાવનાપૂર્વક

હું અહિં આવ્યો હતો તેના કરતાં દ્વિગુણિત કરીને જાઉં છું. અહો ! એ તમારો જ પ્રતાપને ? 'ધર્મલાભ'ની અહાલેક સાથે ચાર મહિના પહેલાં આવ્યો હતો. આજે 'ધર્મલાભ'ની એજ અહાલેક સાથે જાઉં છું. **વિશ્વપ્રેમી વેશ્યા બની આત્માનું કલ્યાણ કરજો."**

સિંહ......વેશ્યા ?

આચાર્ય સંભૂતિવિજય મહારાજ પોતાની શિષ્ય મંડળી સાથે બિરાજી રહ્યા છે. ચાતુર્માસનો કાળ વ્યતીત થયો છે. વિહાર કાળનો પ્રારંભ થઈ ચૂક્યો છે. પોતાના ત્રણ શિષ્યોની કસોટી માટે ગત ચાતુર્માસમાં તેમની શક્તિ અનુસાર પરિષહ ઉપર વિજય પ્રાપ્ત કરાવવા જુદે જુદે સ્થળે મોકલ્યા હતા. બે શિષ્યોને સિંહની ગુફામાં જ ચાતુર્માસ રહેવા માટે આદેશ આપ્યો હતો. એ કંઈ ઓછો પરિષહ ન કહેવાય. ત્યારે એ નવદીક્ષિત સ્થુલભદ્રજીને કોશા વેશ્યાને ગૃહે-વૈભવ-વિલાસ અને ભોગ સામગ્રીથી ભરપૂર એવા વેશ્યાના મહેલમાં ચાતુર્માસ રહેવા માટે ગુરુજીએ આદેશ આપ્યો હતો. ગુરુજીની એ મનોભાવનાને નહિં જાણનારા શિષ્યોમાં અંદર અંદર ચર્ચા થઈ રહી હતી, કે ખરેખર સિંહની ગુફામાં ચાતુર્માસ રહેવા માટેનો આદેશ ક્યાં અને એવા રાજમહેલ સમા વેશ્યા મંદિરમાં ચાતુર્માસ રહેવા માટેનો આદેશ ક્યાં ? આટલી બધી વિપરીતતા ? ગુરુજીની કંઈ ભૂલ તો નહિં થઈ હોય ?

* * *

ચાતુર્માસ કાળ પૂરો થયો. સિંહ ગુફાના વાસી મુનિવરો પરિષહને જીતી વિજયવર્યા આવી આચાર્યશ્રીને વંદણા કરે છે. આચાર્યશ્રી તેમનું સહર્ષ સ્વાગત કરતાં કરતાં કહે

[illegible]

બધાની વિચારસરણી તૂટી. સામેથી એક વિજયથી પ્રફુલ્લ છતાંયે ગંભીર અને ધૈર્ય શોભિત સાધનાના ગૌરવ ડગ ભરતા એ સ્થૂલભદ્રજી આવી રહ્યા હતા.

સર્વે શિષ્યો આશ્ચર્યમુગ્ધ બની તેમના પ્રતિ નિહાળી રહ્યા હતા. બધાના કર્ણો ગુરુજીના શબ્દો સાંભળવા એકતાર બન્યા હતા. સ્થુલભદ્રજીએ આવતાંવેંત વંદણા કરી કે ગુરુજી આસનેથી ઉઠી અત્યાદરપૂર્વક બોલી ઉઠયા.

"અહો! અતિ આશ્ચર્ય! તમે અતિ વિકટ પરિષહ સહ્યો." આ પ્રકારે બોલ્યા એટલું જ નહિં પરંતુ પોતાની સાથે જ બેસાડવા માટે જગ્યા કરી, પરંતુ સ્થુલભદ્રજી તો દીક્ષાક્રમે જ્યાં બેસવું જોઈએ ત્યાં જ બેઠા. શિષ્ય મંડળી અવાક્ બની. સિંહગુફાવાસી શિષ્યો મનમાં ને મનમાં કોઈ જુદી જ માળા ફેરવવા મંડયા. ચાર ચાર મહિના સિંહની ગુફાનો પરિષહ સહ્યા છતાં આટલો નાનો શો પરિષહ એમનાથી સહી ન શકાયો. સર્વે મંત્રમુગ્ધ બની એક બીજા પ્રત્યે નિહાળી રહ્યા.

ॐ

(૩) પતનને પંથે

ઇર્ષા.

"આખરે ગુરુદેવ પણ પક્ષપાતી બન્યા ખરા, સ્થુલભદ્ર તો સંસારી અવસ્થામાં ધનાઢય હતો, વળી રાજાના પ્રધાનનો પુત્ર એટલે તેની શેહમાં તણાઇ જ જાય ને? હું તો રહ્યો સામાન્ય મનુષ્ય. એનાથી તો ગુરુદેવ પોતાને સદ્ભાગી સમજતાં હશે! મારા જેવા તો અનેકને મુંડી નાખ્યા હશે. તેથી કાંઈ તેમના યશમાં વધારો થયો? પણ માત્ર એક સ્થુલભદ્રને દીક્ષા દેવાથી તેમનું ગૌરવ કેટલું બધું વધી ગયું? ગુરુદેવને પણ પોતાનો સ્વાર્થ તો વહાલો છે જ. કીર્તિ તેમને પણ ગમે છે. તો મને શા માટે ન ગમે? મેં કાંઇ ઓછા પરાક્રમ કર્યા છે? તેમને સ્થુલભદ્ર પર પ્રીતિ હોય, તો ભલે રહી, પરંતુ મને અન્યાય શા માટે? ના, ના, હું જરૂર ન્યાય લઈશ. અને ગુરુ પાસેથી જ લઇશ–" એ આજે જ ઘોર તપસ્યા કરીને આવ્યો હતો. ગુરુએ માન તો આપ્યું પરંતુ એક વેશ્યાને

છે, "[illegible]" [illegible] શિષ્યની પાછો ફેરવ્યો. હવે બધા ય શિષ્યો વેશ્યા મંદિરમાંથી સ્થૂલભદ્રજીની વાટ જોવા લાગ્યા. કંઈ કંઈ કલ્પના કરવા લાગ્યા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મનોમંથન કરવા લાગી. સિંહ ગુફાવાસી શિષ્યોનું અપૂર્વ [illegible] સ્વાગત કરવા લાગ્યા અને સ્થુલભદ્રજીના વિષયમાં અનેક પ્રકારના કુતર્ક કરવા લાગ્યા, નિંદવા લાગ્યા. પરંતુ ગુરુજી તો શાંત ચિત્તે બેઠા છે. શિષ્યોની સર્વ પ્રકારની [illegible] નિહાળી રહ્યા છે અને મનમાં વિચારી રહ્યા છે કે "અહો! જગતમાં માયા ભૂંડી છતાં સત્ય જ્ઞાન હજુ કેટલું બધું દૂર છે?" પરંતુ હવે અનંત એવી મનોમંથન કરવાના અને કુતર્કનો અંત દેખાવા લાગ્યો હતો. ખજાનામાંથી બધો ભંડાર ખાલી થઈ ગયો હતો. ગુરુની ન્યાયતુલા શિષ્યોએ પોતાના હાથમાં લઈ લીધી હતી. સિંહ ગુફાવાસી મુનિઓનું છાબડું ઉત્કૃષ્ટ હતું. સ્થુલભદ્રજીનું છાબડું "વેશ્યા મંદિરમાંથી તે હવે કંઈ પાછો આવે? કદાચ આવે તોએ શુદ્ધ થોડો હોય?" એ વિચારે નિકૃષ્ટ હતું.

બધાની વિચારસરણી તૂટી. સામેથી એક વિજયથી પ્રફુલ્લ છતાંએ ગંભીર અને ઈર્યા સમિતિ સાચવતા ગૌરવ .ગ ભરતા એ સ્થૂલભદ્રજી આવી રહ્યા હતા.

સર્વે શિષ્યો આશ્ચર્યમુગ્ધ બની તેમના પ્રતિ નિહાળી રહ્યા હતા. બધાના કર્ણો ગુરુજીના શબ્દો સાંભળવા એકતાર બન્યા હતા. સ્થુલભદ્રજીએ આવતાંવેંત વંદણા કરી કે ગુરુજી આસનેથી ઉઠી અત્યાદરપૂર્વક બોલી ઉઠ્યા.

"અહો! અતિ આશ્ચર્ય! તમે અતિ વિકટ પરિષહ જીત્યો." આ પ્રકારે બોલ્યા એટલું જ નહિં પરંતુ પોતાની સાથે જ બેસાડવા માટે જગ્યા કરી, પરંતુ સ્થુલભદ્રજી તો દીક્ષાક્રમે જ્યાં બેસવું જોઈએ ત્યાં જ બેઠા. શિષ્ય મંડળી અવાક્ બની. સિંહગુફાવાસી શિષ્યો મનમાં ને મનમાં કોઈ જુદી જ માળા ફેરવવા મંડ્યા. ચાર ચાર મહિના સિંહની ગુફાનો પરિષહ જીત્યા છતાં આટલો નાનો શો પરિષહ એમનાથી સહી ન શકાયો. સર્વે મંત્રમુગ્ધ બની એક બીજા મુખે નિહાળી રહ્યા.

ॐ

(૨) પતનને પંથે

ઇર્ષા.

"આખરે ગુરુદેવ પણ પક્ષપાતી બન્યા ખરા, સ્થુલભદ્ર તો સંસારી અવસ્થામાં ધનાઢ્ય હતો, વળી રાજાના પ્રધાનનો પુત્ર એટલે તેની સેહમાં તણાઇ જ જાય ને? હું તો રહ્યો સામાન્ય મનુષ્ય. એનાથી તો ગુરુદેવ પોતાને સદ્‌ભાગી સમજતા હશે! મારા જેવા તો અનેકને મુંડી નાખ્યા હશે. તેથી કાંઈ તેમના યશમાં વધારો થયો? પણ માત્ર એક સ્થુલભદ્રને દીક્ષા દેવાથી તેમનું ગૌરવ કેટલું બધું વધી ગયું? ગુરુદેવને પણ પોતાનો સ્વાર્થ તો વહાલો છે જ. કીર્તિ તેમને પણ ગમે છે. તો મને શા માટે ન ગમે? મેં કાંઇ ઓછા પરાક્રમ કર્યા છે? તેમને સ્થુલભદ્ર પર પ્રીતિ હોય, તો ભલે રહી, પરંતુ મને અન્યાય શા માટે? ના, ના, હું જરૂર ન્યાય લઈશ. અને ગુરુ પાસેથી જ લઈશ–" એ આજે જ ઘોર તપસ્યા કરીને આવ્યો હતો ગુરુએ માન તો આપ્યું પરંતુ એક વેશ્યાને

ઘરે ચાર મહિના રહી આવનાર સ્થુલભદ્ર કરતા ઓછું. એ એને ખટકતું હતું. આજે એ ફરી કમાણી ધૂળમાં મેળવવા તત્પર થયો હતો.

શાસ્ત્રમાં વાંચ્યું તો હતું કે સ્ત્રી પરિષહ સૌથી વધારે દુઃસહ્ય છે. પરંતુ તેનું હૃદય તો આજે ઇર્ષાથી બળતું હતું.

એણે પોતાની વિજયમાળ બીજાના ગળામાં શોભાયમાન જોઈ. એ સિંહની ત્રાડ સહન કરી શક્યો; પરંતુ પોતાના સહચારીનો આ વિજય તેને અસહ્ય થઈ પડયો. એણે આગળ ચલાવ્યું. "ત્યાં તેને શું દુઃખ? કોશા—તેની પૂર્વાવસ્થાની પ્રેમપાત્ર, તેને સુખી કરવામાં, તેને પાછો સંસારમાં લાવવા બાકી રાખે ખરી? અને આ ભાઇ, એ સુખાનુભવ કરવામાં પાછા હઠે ખરા? પાછા પોતાની બહાદુરી બતાવવા અહિં ગુરુજી પાસે સાધુવેશમાં આવ્યા છે. અહા! ભગવન્ત, આ શું થવા બેઠું છે? આ પવિત્ર વેશ પાછળ આવો દંભ નભાવી શકાય? ના, ના, કદી નહિ, એ દંભીનો તો અહિં પગ જ ન જોઈએ."

× × ×

(૨)

હું તો જઇશ.

શાંત, ગંભીર મુદ્રા ધારણ કરીને ગરુદેવ શિષ્યોની વચ્ચે [illegible] છે. આજે ફરી ચાતુર્માસ [illegible] નો છે. ગુરુદેવે [illegible] કોને ક્યાં ગોઠવવો એ નક્[illegible] [illegible] શિષ્યોની આનુમતિ મળે [illegible] [illegible] [illegible]નો [illegible] [illegible] તો [illegible]

જવાનો છું. આપ...." એ અનુમતિ માગે તે પહેલા જ ગુરુદેવે જણાવી દીધું કે "ના, ના, એ તારાથી નહિ બને." તેની ઈર્ષાની આગ સતેજ થઈ, તેના સ્મૃતિપટ પર ગયા વર્ષનો પ્રસંગ તાજો થઇ આવ્યો. ઘડીભર તો એ ગુરુદેવ સામું જોઈ રહ્યો. પછી સ્થુલભદ્ર તરફ કરડાકી ભરી દૃષ્ટિ નાખી બોલ્યો. "આ નવા સાધુને તો આપે ઝટ ઝટ અનુમતિ આપી, ચાતુર્માસ પુરૂં થયે પાછો આવ્યો ત્યારે પ્રશંસા કરતા ધરાયા નહિ. મારા પૂજ્ય ગુરુદેવ મને માફ કરજો. મારે કહેવું પડે છે કે આપે મારી તપસ્યાની ખરી કીંમત આંકી નથી. મને સંયમ પાળતા પાળતા ઘણાય વર્ષો વીતી ગયા, ઘણા વર્ષથી આપની સેવા કરતો આવ્યો છું પરંતુ હજુ સુધી આપને મારા મનોબળ પર વિશ્વાસ પેદા નથી થયો, એ હવે વધુ વખત મારાથી સહન નહિ થાય. હું તો આપને પરીક્ષા આપવા તૈયાર થયો છું. આપ કૃપા કરી મને અનુમતિ આપો જ આપો–"

ગુરુદેવ વધારે ગંભીર બની બોલ્યા–"તને યાદ હશે; પ્રભુ મહાવીર જ્યારે પ્રતિકૂળ ઉપસર્ગોથી ડોલાયમાન ન થયા ત્યારે અનુકૂળ ઉપસર્ગ કરવામાં આવ્યા હતા. દુઃખ સહન થાય પરંતુ સુખમાં અનાસક્તિ કેળવવી એ લોઢાના ચણા ચાવવા જેવું છે."

ગુરુદેવના આ માર્મિક વાક્યોની તેના પર કશી જ અસર ન થઈ. એ તો ફરી એક વાર બોલી ઉઠયો–"ગુરુદેવ, હું તો જઈશ જ. આપ અનુમતિ આપી કૃતાર્થ કરો."

આચાર્યને પોતાના આ ઉગ્રતપસ્વી શિષ્યનું પતન નજરમાં દેખાયું તેમને પોતાનો સંયમી શિષ્ય, કરી કમાણી

ધૂળમાં મેળવે એ અસહ્ય લાગ્યું. તેમનાથી પોતાના શિષ્યની ભાવી પતિતાવસ્થા સહન થાય એમ હતું જ નહિં, એ ગળગળા થઈ ગયા, "મારા વહાલા શિષ્ય, ત્યાં જવામાં કાંઈ જ સાર હું જોતો નથી. સ્થુલભદ્રે તો બાર બાર વર્ષ સુધી તે કોશા સાથે જીવન વિતાવ્યું અને તેમાંથી ઘણું ઘણું શીખી આપણી વચ્ચે આવ્યો છે. તેને તિરસ્કારીને નહિં પરંતુ એણે અભ્યાસ પૂરો કરીને આગળ વધવા આપણી નાવમાં ઝંપલાવ્યું છે. હવે તો આપણે બધા એક જ નાવના નાવિકો છીએ. બોલ, તારે આગળ વધવું છે કે ઘાણીના બળદની માફક ગતિ કરવા છતાં ત્યાંના ત્યાં જ રહેવું છે?" ગુરુથી વિશેષ બોલાય તેમ હતું જ નહિં. તેઓ ફાટી આંખે તેની સામું જોઈ રહ્યા; પરંતુ એ તો પોતાના નિશ્ચયમાં દ્રઢ હતો. તેણે ગુરુના વચન સાંભ-ળ્યા તો હતા પરંતુ તેની વિશેષ અસર તેના મન પર થાય તેમ હતું જ નહિં. તેનું મન તો પરીક્ષા દેવા તત્પર થઈ રહ્યું હતું. તેનું મન તો સ્થુલભદ્રના ગળામાં તેની જ મનોકલ્પનાએ પહેરાવેલી વિજયમાળ પોતાના ગળામાં કેમ આવે એ જ વિચાર વમળમાં ગૂંથાયું હતું. એ એટલા જ નિશ્ચયપૂર્વક બોલ્યો, "ગુરુજી, આપના આ દીન શિષ્ય પર વિશ્વાસ રાખી એ વેશ્યાને ત્યાં જવા દો."

ગુરુદેવે સાંભળ્યું તો ખરું પણ મૌન રહ્યા.



(૪) પતનની પરિસીમા

સિંહ ગુફાવાસી મુનિનું ચાતુર્માસ કોશાવેશ્યાને ત્યાં પરંતુ સિંહ ગુફાવાસી મુનિની કલ્પનામૂર્તિ કોશાવેશ્યા ક્યાં

અને સ્થૂલભદ્રના ચાતુર્માસમાં કાર્તિક અનેરી કોશાવેશ્યા ત્યાં ! સ્થૂલભદ્રજીના ભાગ્યમાં ગુરૂદેવશ્રીની વિજયમાળ એ પહેરી હતી. પોતે પોતાની બાર બાર વર્ષની મહેનત રૂ કોશાએ અનુપમ પવિત્ર બનાવી હતી. કેવળ એ જ નહિ પણ કોશાવેશ્યાને સાચી શ્રાવિકા બનાવી હતી. પરંતુ સિંહગુફાવાસી મુનિને તો માત્ર ચાતુર્માસના ચાર મહિના કોશાવેશ્યાના રાજમહેલ ના આવાસમાં રહી ગુરૂજીને સિદ્ધ કરી બતાવવું હતું. "સ્થૂલભદ્રજી કરતાં હું જરાએ ઉતરતો નથી," અને પ્રશંસાની વિજયમાળ ગુરૂજીના સ્વમુખે જ પોતાના ગળામાં આરોપાવવી હતી. આ માત્ર એક વિજયમાળા સિવાય કોશાવેશ્યાને ત્યાં ચાતુર્માસ રહેવામાં બીજો કશો ઉદ્દેશ તેનો ન હતો. ગુરૂજીની રજા લઈ સિંહ ગુફાવાસી મુનિ કોશાવેશ્યાના આવાસ પ્રતિ રવાના થયા. રસ્તામાં પોતે મનની અંદર ભવિષ્યની વ્યુહ-રચનાઓ રચી પોતાના સંયમને કેમ સ્થિર રાખવો તેનો વિચાર કરી રહ્યો હતો. તેની કલ્પનામૂર્તિ કોશાવેશ્યા-એક સુંદર સ્વરૂપવાન, સ્ત્રી સુલભ સર્વ ગુણોની ખાણ, તેમજ અમનચમન વૈભવમાં ઉછરેલી કોઈ વિલાસની મૂર્તિ, જેના એકજ શબ્દે પુરૂષ પુરૂષ મટી દાસ બને અને ચંચળ મનો-વૃત્તિ પ્રત્યેક ક્રિયા કરતી એવી વેશ્યામૂર્તિ હતી. આવી મૂર્તિ સામે, આકર્ષણો સામે પોતાનો સંયમ બચાવવાનો છે એ વિચાર માત્રે હૃદય ભીરૂ બન્યું. પરંતુ બીજીજ પળે પોતાના લાંબા કાળના સંયમ અને ચારિત્રને યાદ કરી હૃદયને દૃઢ બનાવે છે. "શું ભાર છે એ વેશ્યાના!" હૃદયની દુર્બલ-તાનો આ એકજ વિચારે નાશ થયો. "સ્થુલભદ્ર એ કોશા-વેશ્યાને ત્યાં રહી સંયમ પાળી શક્યો તો મને શી મુશ્કેલી ?"

લોભ ? મુનિ અને પછી આટલો દ્વેષ ? મુનિપણું એ તો ખાંડાની ધાર છે, એમ સ્થુલભદ્રજી કહેતા હતા. સ્થુલભદ્રજીએ બતાવેલ સાધુના ગુણો તો ઠીક પરંતુ સામાન્ય જનમાં પણ આ રાગદ્વેષ, કીર્તિલોભ, માયા, મમતા, અહંભાવ વગેરેનો અભાવ ઉત્તમ ગણાય છે તો આ મુનિ હજુ આટલા અહં-ભાવમાં રાચે છે ? હશે. ” આમ વિચારી સાધુજીના આચા-રમાં દોષ ન આવે એવી જાતની સગવડતા માટે દાસ દાસી-ઓને આજ્ઞા આપી.

“ વેશ્યા રૂપે કલ્પેલી કોશા આજે આ રૂપે હોય ? મુનિ વિચાર કરે છે, “ કંઇ આભૂષણ નહિ, કપડાં લત્તાં પણ સામાન્ય, જરાએ વેશ્યા તરીકેની ખુમારી પણ નહિ અને લોકોએ મને જણાવેલ એવી વેશ્યાના હાવભાવ પણ એનામાં કેમ નથી ? મને લલચાવવાના કશાએ સાધન કે વિકારી દૃષ્ટિ પણ નથી. શું કારણ હશે ? મુનિ ઉંડા વિચારવમળમાં સપડાયા.

“ ના ના, એમ તો ન હોય. આ સ્વરૂપે પણ એનામાં કેટલી મધુરતા, સાદાઈ છતાં કેટલી સુંદરતા ! અહો ! કદાચ આ રીતેજ મને ફસાવવા કેમ ન ધાર્યું હોય ? સ્વાભાવિક સુંદરતા એ તો સર્વત્ર મ્હેકી જ ઉઠે. વેશ્યાઓ શું આટલી ચતુર હોતી હશે. મને લલચાવવા માટે મારે અનુકુળ ચર્યા કર્યા કરતી હશે ?....”

વધુ વિચાર કરે એટલામાં તો દિન અસ્ત થવાની તૈયારી થઈ ગઈ. એટલે પ્રતિક્રમણ શરૂ કર્યું, પરંતુ પ્રતિક્રમણમાં પણ એ જ કોશા વેશ્યાના વિચાર. હાલતાં ચાલતાં બસ એ જ વિચાર. સર્વથા એકાંત. એમાં પછી પૂછવું શું ? એટલે જ

છદ્મસ્થ માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે—" વર્જાન મર્યાત્ર યત્નેવાર "
તેમાં પણ આ તો કોશા વેશ્યાના જે આવાસનો એકાંત
એ તો કોઈ સ્થુલભદ્ર જેવા મહાત્મા સહી શકે. જ્યાં સુધી
પૂર્ણતા પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી એકાંત એ વર્જ્ય છે. એટલા જ
માટે સાધુઓ માટે એકલ વિહાર એ નિષિદ્ધ છે. મન તો
ચંચળ પવનવેગી અત્યાધાતી ઘોડો છે. અને તેને શુભ
સંસર્ગરૂપી લગામ જો ન હોય તો જરૂર ઉન્માર્ગે વહી જવાનો.
શુભ સંસર્ગ સિવાય કોઈનો વ્યાઘાત નથી. દિનપ્રતિદિન
સાધુજી પોતાની ફરજોમાં ઢીલા પડતા ગયા અને બીજી બાજુ
કોશા તેનું કારણ સમજી ગઈ. પરંતુ હવે શો ઉપાય. પોતે
તેની દૃષ્ટિમાં જ ન પડે એવી રીતે રહેવા લાગી. સાધુજીના
આગમન વખતે સેવેલી ધર્મના બીજ નવપલ્લવિત કરવાની આશા
તો દૂર રહી, અહિં તો મુનિના પતનની ચિંતા અને પોતાનું
તેમાં નિમિત્તભૂત બનવું. એ બન્ને તેને બહુ જ દુઃખ દેવા લાગ્યા.

બહુ દિવસ થયા છતાં કોશા વેશ્યાને ન જોવાથી હાસ
દાસીઓને વારંવાર મુનિજી પૂછવા લાગ્યા. કોશાના શિખવવા
મુજબ દરેક ઉડાઉ જવાબ દેતા. આથી મુનિજીને સંતોષ ન
થયો. આ બધી બીના જોઈ કોશાએ મુનિને બચાવવા દૃઢ
સંકલ્પ કર્યો. સ્થુલભદ્રે પોતાને બચાવી હતી. આજે એ વેશ્યા
મુનિને બચાવવા સંકલ્પ કરે છે.

આ બાજુ સિંહ ગુફાવાસી મુનિ ઘણા દિવસ સુધી
કોશા વેશ્યાને નહિં જોવાથી રાતદિવસ તેના જ વિચારમાં
લીન થઇ ગયા પરિસ્થિતિ અસહ્ય થઈ પડી. એટલે એક દિવસ
પોતે જ હિમ્મત કરી કોશાને શોધવા માટે મહેલની આર-

ડીઓ તપાસવા લાગ્યા. આજે તો કોશા પોતાના મૂળ વેશ્યાના વેશમાં તૈયાર થઇને બેઠી હતી. તેને જોતાં જ સિંહ ગુફાવાસી મુનિને સિંહની ગુફાનો ભયંકર સિંહ દૃષ્ટિમાં આવી ચડયો. પરંતુ " અત્રે એ સિંહ કયાંથી હોય ? " " માત્ર હૃદયની ભ્રમણા હશે " એમ માની વેશ્યા પાસે ભોગની યાચના કરી. અહો ! ચારિત્ર અને સંયમના કેટલા ઘમંડ સાથે વેશ્યાના આવાસમાં દાખલ થયા હતા ! અને આજે એ ઘમંડ વેશ્યાના પગ નીચે કચડાઈ રહ્યું હતું. કોશા પોતાના મૂળ સ્વરૂપ-માં આવી બોલી:–મુનિજી કઇ દુનિયામાં વસો છો ? દુનિયાનું કંઇ ભાન છે ? મારી સાથે ભોગ ભોગવવા એ તો સંસારી અવસ્થાના સ્થુલભદ્ર જેવાનું કામ છે. તમારૂં એ કામ ન હોય ? મુનિજી વિચારમાં પડયા. " શું હું સ્થુલભદ્ર કરતાં પણ આ વેશ્યાની દૃષ્ટિએ ઉતરતો ?" બસ મારૂં જીવતર જ નકામું છે. ગમે તે ભોગે હું સ્થુલભદ્ર કરતાં સવાયો થઈશ. " મનમાં વિચાર કરી કોશાને ઉદ્દેશીને બોલે છે:–સ્થુલભદ્રથી સરસાઈ મેળવવા હું વેશ્યાલયે ચાતુર્માસ રહેવા આવ્યો છું. ત્હારી પાસે પણ ભોગની માંગણી કરતાં એજ સ્થુલભદ્રને તું વખાણે છે. બરાબર સ્થુલભદ્ર કરતાં હું સરસાઈ મેળવીશ જ. બોલ તારી કઈ ઈચ્છાને સંતોષું તો સ્થુલભદ્ર કરતાં હું વિશેષ બનું ! કોશાએ પાત્ર તો પારખી લીધું હતું અને તેના ઉદ્ધાર માટે પૂર્ણ સંકલ્પ કર્યો હતો. માટે તુરત જ જવાબ આપ્યો.

" જો ભોગની વાંચ્છના હોય તો નેપાળ દેશમાં જાઓ. ત્યાંના રાજા સાધુઓને લક્ષ મૂલ્યવાળી રત્નકંબલ આપે છે, તે લઈ આવો, પછી તમારૂં ઇચ્છિત કરજો. "

મુનિએ તે કબુલ કર્યું અને નેપાળ દેશના રાજા પાસે કોશા વેશ્યાએ માગેલ રત્ન કંબલ લેવા ઉપડે છે.

ॐ

(૫) ઉદ્ધાર

छिद्रेष्वनर्था बहुलीभवन्ति

ઈર્ષ્યા અને દ્વેષની આગમાં સળગી માનના શીતલ જળથી આત્માને તૃપ્ત કરવાની મહેચ્છાએ સિંહગુફાવાસી મુનિ મુનિધર્મમાંથી એક ડગલું નીચા પડ્યા. ગુરુજીની આજ્ઞાનો અનાદર એ બીજું ડગલું પડ્યા. પછ્યા પતનને પંથે એ ત્રીજું ડગલું પડ્યા. ત્યાર પછીની તેની ચર્યા એ આ અમર વાક્યની સિદ્ધિ કરે છે–छिद्रेष्वनर्था बहुलीभवन्ति–પરંતુ હજુ તો પતનની ભૂમિકા માત્ર રચાઈ છે. પતન તો હવે શરૂ થાય છે. કોશા વેશ્યાની સાથે ભોગની લાલસાએ મુનિપણું ભૂલવ્યું. આટલા વર્ષના સંયમ જીવન ઉપર પાણી ફેરવ્યું. ગુરુજીએ પ્રથમથી જ કહ્યું હતું કે. 'હે વિનીત શિષ્ય! પ્રભુ મહાવીર ઉપર દેવોએ સૌથી પ્રથમ ભયંકરમાં ભયંકર પ્રતિકૂળ ઉપસર્ગો અજમાવ્યા. સામાન્ય જન સમાજના હૃદય–કે હિંમતની પારાશીશી માપવાનું એજ સાધન પૂરતું છે. પરંતુ તેનાથી ન ડગ્યા ત્યારે જ અનુકૂળ ઉપસર્ગો રચ્યા.' પરંતુ શિષ્યને તો માનની માત્રાનો એટલો બધો ઉદય હતો કે હિત શિક્ષક, નિઃસ્વાર્થી અને સમાન પ્રેમી ગુરુ પણ સ્વાર્થી લાગ્યા. માણસને માટે પતનના રસ્તા ઘણા છે અને તે સાનુકૂળ લાગે છે. ઉપર ચડવાના રસ્તા થોડા છે એટલું જ નહિ પણ તે બધા પ્રતિકૂળ એટલે અઘરા છે સિંહગુફાવાસી મુનિ તો કોશા વેશ્યાના વચન માત્રે જ

ચાતુર્માસની અધવચમાં જ નેપાળ દેશ પ્રતિ રવાના થયા. નેપાળ દેશના રાજાનો નિયમ એવો હતો કે જે કોઈ સાધુ માંગવા આવે એને એક રત્નકંબલ આપવી. એમાં એનો ગૂઢ હેતુ હતો. રાજાનો હેતુ નહિ સમજનારા માત્ર વેશ પૂરતા જ કહેવાતા સાધુઓ નેપાળના રાજા પાસેથી રત્નકંબલ લઈ આવે. રત્ન કંબલ–લક્ષ સોના મહોરની એ મૂલ્યવાન વસ્તુને લઈ સાધુ શું કરે ? અને ચાહના હોય કે રત્ન કંબલ પોતાની પાસે રાખે તો પછી એ સાધુ જ કેમ કહી શકાય ? કેવળ આ વિવેક કરવા માટે જ નેપાળના રાજાનો હેતુ હતો.

સિંહગુફાવાસી મુનિ તો નેપાળ દેશના રાજા પાસે પહોંચ્યા. રાજા તો પોતાના નિયમ અનુસાર માંગવા આવનાર સાધુને રત્નકંબલ આપતો અને સાધુના આગલ પાછલા જીવનનો હેવાલ પણ વાંચી લેતો. ગમે તે લાગે પોતાની વાતો છૂપાવી સિંહગુફાવાસી મુનિએ રાજા પાસેથી રત્નકંબલ મેળવી, ત્વરિત ગતિએ કોશા વેશ્યાના આવાસ પ્રતિ રવાના થયા. હવે તો તેનો સમય, મીનીટ, કલાક, દિવસ વગેરે જે જતાં તે વર્ષો જેટલા લાગવા માંડયા. ‘ ક્યારે કોશા વેશ્યા પાસે જઈ તેની ઇચ્છિત વસ્તુ આપી સ્થુલભદ્ર કરતાં સવાયો થાઉં. ’ બસ હાલતા, ચાલતા, બેસતા, ઉઠતા રાત દિવસ એજ વિચાર.

* *

दैवमन्यत्......

મનુષ્ય ધારે છે શું અને દેવ–પૂર્વ કર્મફળની પરિણુતિ કાંઈક થાય છે. મનુષ્યની ધારણા જો આજે સફળ થતી હોય તો જગતનું અસ્તિત્વ રહેવા પામે કે કેમ ' અને અસ્તિત્વ રહે તો આ વ્યવહાર પણ ટકે કે કેમ એ શંકા છે. આ

બાજુ સિંહગુફાવાસી ધૂનમાં અને ધૂનમાં આગળ વધે છે ત્યાં પલ્લિપતિનો દેશ વચ્ચે આવ્યો. એ પલ્લિપતિને ત્યાં એક પોપટ હતો તે રસ્તે જતા આવતા માણસો પાસે શું કિંમતિ વસ્તુ છે તેનું ધ્યાન તેના માલિક પલ્લિપતિ પાસે કરી જતો. સિંહ ગુફાવાસી મુનિ ઉતાવળમાં તો હતા જ, એટલે રોકાયા નહિ, પરંતુ ચતુર પોપટ તો તેમની પાસેની રત્નકંબલ જોઈ તુરતજ રાજાને જાગૃત કરી દીધો. રાજાએ પણ જાણ્યું કે આજે આ ઠીક એકલદુકલ હાથ આવ્યો છે. અને વળી લક્ષ સોનામહોર-વાળી રત્નકંબલવાળો છે. પછી શું પૂછવું? એમ વિચારી તેણે પોતાના માણસો સાથે તેની પાછળ પડી રત્નકંબલ ઝૂંટવી લીધી. સિંહગુફાવાસી મુનિએ ઘણી ઘણી આજીજી કરી પણ વ્યર્થ; પરંતુ હવે શો ઉપાય? કોશા વેશ્યાને સંતોષવા સાધુપણામાં દોષ લગાડી ચાતુર્માસની અંદર જ રત્નકંબલ માટે રવાના થઈ સાધુવ્રતનો ભંગ કર્યો. કેટલીએ મહેનત બાદ એ રત્ન-કંબલ મેળવી હતી. રત્નકંબલ મળ્યા બાદ તો તેને હવે ચોક્કસ ખાત્રી હતી કે તે જરૂર કોશા વેશ્યાની પ્રશંસા મેળવશે. પરંતુ પલ્લિપતિએ આજે તેની આશાનો મિનારો જે માત્ર થોડીક જ મહેનતે પોતાના લક્ષ્ય સુધી ઉંચે પહોંચી જવાનો હતો તે જમીનદોસ્ત કરી નાખ્યો. હાથમાં આવેલી કોશા વેશ્યાને કોઈ બળાત્કારથી ઝુંટવી ગયો હોય તેવો તેને આઘાત થયો. પરંતુ હવે રાજા પાસે શો ઉપાય! આટલું છતાં એ મુનિવરને સાચો રસ્તો સૂઝતો નથી એટલે ફરીવાર વેશ બદલી નેપાળના રાજા પાસે જઈ બીજે નામે રત્ન કંબલ મેળવી. પરંતુ રસ્તો તો એનો એજ હતો. એટલે

[illegible]

ગુરૂજીની આશંકા

ચાતુર્માસ પૂર્ણ થવાનો સમય હતો. ભિન્નભિન્ન સ્થાનોએ ચાતુર્માસ માટે ગયેલ મુનિવરો ધીરે ધીરે આવતા હતા. શિષ્ય મંડળી સહિત આચાર્યશ્રી સંભૂતિવિજય બિરાજી રહ્યા છે. સિંહ ગુફાવાસી મુનિવર કોશા વેશ્યાના આવાસમાંથી ચાતુર્માસ કાળ વ્યતીત થયા છતાં હજુ સુધી ન આવ્યા તેથી આચાર્યશ્રીને તેમ જ શિષ્યોને બહુજ ચિંતા થવા લાગી. સિંહગુફાવાસી મુનિ કરતાં પણ દૂર ચાતુર્માસ માટે ગયેલ મુનિવરો પધારી ગયા હતા. પરંતુ સિંહગુફાવાસી મુનિવર હજુ કેમ નહિ પધાર્યા હોય ? પરંતુ કોઈપણ જાતનું અનુમાન કરવું શક્ય ન હતું. ગયે વર્ષે તરતના જ દીક્ષિત મુનિ સ્થુલભદ્રજીના વિશુદ્ધ આગમને, તેમજ સિંહગુફાવાસ જેવા વિકટ પરિષહજયી પ્રૌઢ મુનિવર એટલે તેમાં જરાએ શંકાનો સંભવ નથી. ગુરુજીના મનમાં આશંકા થઈ; પરંતુ શિષ્ય મંડળીને એ આશંકા જણાવવાનું ઉચિત ન લાગ્યું. એટલે મુનિ સ્થુલભદ્રજીને એક મુનિવર સાથે લઈ કોશાવેશ્યાના આવાસમાં સિંહગુફાવાસી મુનિવરની તપાસ માટે મોકલ્યા. મુનિ સ્થુલભદ્રજીએ પોતાના સાથી સાથે કોશાવેશ્યાના આવાસ પ્રતિ ઉગ્ર વિહાર કરી જેમ બને તેમ જલ્દી પહોંચવા પ્રયાસ કર્યો.

*　　*　　*

ચારિત્ર......રત્નકંબલ

સિંહગુફાવાસી મુનિ રત્નકંબલ મેળવી ઉગ્ર વિહાર કરી કોશાવેશ્યાના મહેલમાં પહોંચ્યા, પરંતુ ચાતુર્માસ કાળ ઉતરી ગયાને ઘણો સમય વ્યતીત થઈ ગયો હોવા છતાં, કોશા વેશ્યામાં અંધ બનેલ સિંહગુફાવાસી મુનિવરને એ ખ્યાલ ન રહ્યો. રત્નકંબલ લઈ વિજયથી ઉન્નત અને પ્રફુલ્લ મુખે કોશા વેશ્યા પાસે ગયા અને ગર્વથી રત્નકંબલ તેને આપી. કોશા વેશ્યાએ રત્ન કંબલ ઉદાસીન ભાવે લીધી. એ જોઈ મુનિને ખોટું તો લાગ્યું, પરંતુ તે શું કહી શકે. મુનિનું ચારિત્રપણું તો રહ્યું જ ન હતું. એટલે જુદી કંઈ વ્યવસ્થા કરવાની ન્હોતી. એ તો વેશ્યાના આવાસમાં યથેચ્છ આહાર, વિહાર, ઉપભોગ કરવા લાગ્યા અને કોશા વેશ્યાની દરેક ચર્યા ઉપર ખૂબ જ ધ્યાન રાખી તેની પાસેથી છેલ્લા લ્હાવાની રાહ જોતા હતા. બીજે દિવસે નિત્ય નિયમ અનુસાર કોશા વેશ્યા પોતાના સ્નાનાગારમાં સ્નાન કરી રહી હતી. સ્નાન કરી પોતે સિંહ-ગુફાવાસી મુનિવરે લઈ આવેલ રત્નકંબલથી પોતાનું શરીર અને પગ વગેરે લુછી રહી હતી. સિંહગુફાવાસી મુનિવર તો આ જોઈ આશ્ચર્યમુગ્ધ તેમજ ક્રોધયુક્ત બની ગયા અને મનમાં વિચારવા લાગ્યાઃ–" અરે ! માત્ર કોશાવેશ્યાના વચનને ખાતર આટઆટલા પરિશ્રમે મારા ચારિત્રનો ભંગ કરી લઈ આવેલ આ અમૂલ્ય રત્ન કંબલનો આ ઉપયોગ ? મારી કંઈ ભૂલ તો નથી થતી ? ના, ના. એજ એ રત્નકંબલ, જે હું નેપાલના રાજા પાસેથી લાવેલ છું, કેટલી મૂર્ખ સ્ત્રી છે ? સાચે જ સ્ત્રી મૂર્ખ કહેવાય છે. એ આજ કારણે. અરે ! આ હું શું જોઉં

છું ! કોશાએ રત્નકંબલથી શરીર પગ વગેરે લુછી તેને ઘરની ખાળમાં ફેંકી દીધી. ગજબ કર્યો.......” આટલું મનમાં જ બોલી કોશાનુ આ કાર્ય તેમનાથી સહન ન થયું. એકદમ તાડુકી ઉઠયા, “કોશા ! કોશા ! ! આ તેં શું કર્યું ! કેટકેટલા પરિશ્રમે અને કેટલા કષ્ટ બાદ મારા ચારિત્રના ભોગે મેળવેલ આ લક્ષ મૂલ્યવાલી રત્નકંબલનો આવો ઉપયોગ ? અરે ઉપયોગ તો ઠીક, પરંતુ તેની આ દશા ? આ રીતે ખાળમાં ફેંકી દેવાનું સાહસ ? ” કોશાએ ઠંડે પેટે જવાબ આપ્યો, “હે મુનિ ! આ રત્નકંબલનો તે શું શોચ કરે છે ? કોઇ પૂર્વ ભવના શુભ કર્મોદયે મળેલ માનવ દેહ અને તેમાંએ જૈન ધર્મ અને તે પણ સંયમયુક્ત ! અહો ! આ મહાકષ્ટે ઉપાર્જન કરેલ મનુષ્યાવતાર, અને તે પણ વર્ષોનો શુદ્ધ ચારિત્ર-યુક્ત ! તેને મ્હારા આ મળમૂત્રસહિત એવા શરીરમાં ફેંકી દેતાં કેમ તને જરાએ શોક થતો નથી ?” કોશા આ શબ્દો બોલતાં પોતાના મૂળ સ્વરૂપમાં આવી અને વધુ ઉમેર્યું, “સ્થુલભદ્રની સરસાઈ મેળવવાની દ્વેષ બુદ્ધિએ આજે તું હે મુનિ ? પતનની પરિસીમાએ પ્હોંચ્યો છે. હજુ પણ સમય છે. સાધુના એ મહામૂલાં સંયમને હજુ પણ પકડી લે ! ભૂલ્યો ત્યાંથી ફરીથી ગણ. એ રાગદ્વેષને તિલાંજલી દે. એ માન, માયા અને અહંકારને જડમૂળથી ફેંકી દે. સાધુ જીવનમાં એ કરેલી વિપરીત પ્રવૃત્તિએ આજે અધોગતિને છેલ્લે પગથીએ તને લાવી મૂકેલ છે. રત્ન કંબલની દુરવસ્થા માટે થયેલા શોકને જરા આત્મલક્ષી બની હૃદયમાં તપાસી જો. વિચાર કર ! વિચાર કર ! વર્ષોથી મેળવેલ અમૂલ્ય, અમર્યાદિત ચારિત્ર કિંમતિ છે કે પૌદ્ગલિક અને ચંચલ એવી લક્ષ્મીના લક્ષ

સોનૈયાથી મર્યાદિત એવી રત્નકંબલ વધુ કિંમતિ છે? સાધુ તરીકે જીવતા માણસને કેટલું સંભાળીને ચાલવાનું છે. પતનના રસ્તા પ્રતિ ચંચલ મનના ભાવ તો ક્ષણે ક્ષણે થયા જ કરે છે. એવી સ્થિતિમાં આત્મ ભાવે રહી સંયમ ગુણને કેળવવો એમાં જ મહત્તા છે. સિંહ અને વેશ્યાના પરિષહમાં સિંહ બહુ બહુ તો ભય ઉપજાવે-ફાડી ખાય-અને તેમાં જો શુભ પરિણામે મૃત્યુ થાય તો શુભ ગતિ નિશ્ચય છે. પરંતુ.... પરંતુ...ઓ માર્ગ ભૂલેલા સાધુ? વેશ્યા પરિષહનો તને હવે પરિચય થયો ને? એ પરિષહ જ્યારે વિપરીત પરિણમે ત્યારે સાધુપણું જાય-વીતરાગનો માર્ગ ભૂલાય-મનુષ્ય અવતાર એળે જાય અને એવી ને એવી અશુભ પરિણતિમાં જો મૃત્યુ થાય તો નર્કનો જ અનુગામી બને. સાધુ એટલે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, મોહ, માયા, માન, અહંકાર વગેરે આત્મ વિપરીત ભાવો પર વિજય મેળવવા માટે સંયમરૂપી રણક્ષેત્રમાં ઉતરેલો એક યોદ્ધો-અને ત્યારપછી એને ક્યારેય સંધી કે સુલેહ ન હોય. બસ નિરંતર યુદ્ધ ને યુદ્ધ. છેવટે વિજય જ છે. સાધુ સાધુ તરીકે જીવવા ચાહતો હોય તો હું મોટો, હું ડાહ્યો, હું જ્ઞાની, હું ઉગ્ર ક્રિયાકાંડી, હું આચાર્ય, હું ઉપાધ્યાય, હું ગુરૂ-એ બધા અહંભાવનાં ઓઠાંને તજવા જ પડશે. એ બધા વૈભાવિક પરિણમન છે. સાધુને તો આત્માનુલક્ષી પરિણમન જ હોવું જોઈએ. વિષય લાલસાને વમી દેનાર ઓ શુદ્ધ આત્મા ચેત ચેત!" આ શબ્દો ઉષ્ણ ધગધગતા શિશાના રસની માફક સિંહગુફાવાસી મુનિના કાનમાં પડવા લાગ્યા. તેના એક પછી એક પતનના પગલા પાછા સંયમ પ્રતિ ચડવા લાગ્યા.

હું કેવું ? આ પાણી [illegible] [illegible] [illegible] તો ? અને હું [illegible]
[illegible] ? મારા માટે [illegible] [illegible] શું ?

નવો અવતાર.

વિચાર [illegible] [illegible] સિંહગુફાવાસી મુનિનું મન
[illegible] [illegible] [illegible]—[illegible] [illegible] હું કોણ ? ક્યાંથી
આવ્યો ? શું કરવા આવ્યો ? મારી શી દશા થઈ ?" આ
વિચારમાં જ તેની આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યા. "અહો !
હું મુનિ ! આચાર્ય સંભૂતિવિજયનો શિષ્ય ! [illegible] [illegible] મારા
સંયમની કસોટી [illegible] [illegible] [illegible] આવ્યો અને મારૂં
આટલું બધું પતન થયું ! ઓહ ! અફસોસ, મારો ઉદ્ધાર
કેમ થશે ?"

આ વિચાર કરે છે ત્યાં તો આચાર્યશ્રીએ તપાસ માટે મોકલેલ સ્થુલભદ્ર નામા અન્ય મુનિ ત્યાં આવી પહોંચ્યા. બીજા ખંડમાં ઉભા રહી આગળની બધી વાતો દાસ દાસીઓ પાસેથી સાંભળી અને છેલ્લો કોશા અને મુનિનો સંવાદ સાંભળી તેઓ સ્તબ્ધ બની ગયા. અન્ય મુનિવર આ પ્રસંગ જોઈને તો આભા બની ગયા. સિંહગુફાવાસી મુનિવરની ચક્ષુમાં અશ્રુ જોઈ તે મુનિવર બીજા ખંડમાંથી ગાવા લાગ્યા.

कया कारण है चच रोने का, काली रात हुई उजियाली।
पाया जीवन का उजियाला, रहा अंधेरा चार मास तक...

સિંહ ગુફાવાસી મુનિએ ઉપલા ગેબી શબ્દો સાંભળ્યા અને પોતાનો આટલી અધોગતિમાંથી ઉદ્ધાર કરનાર વેશ્યા—વિશ્વમૈત્રીની મધુરી વિણાધારી જગત વેશ્યા–શ્રાવિકાને ચરણે પડી ગદ્‌ગદ કંઠે બોલ્યા, " હે દેવી ! સુખની દેનારી ! ઘોર નર્કમાંથી ઉદ્ધાર કરનારી ! હું મ્હોટી મોહજાળમાં ફસાઈ

પડ્યો હતો. તેને તમે-વેશ્યા-ભૂખ્યો શુદ્ધ શ્રાવિકા-કોશાએ ચતુરાઈ યુક્ત પ્રબંધ કરીને ઉદ્ધાર કર્યો છે. તે માટે તમે મહાન ઉપકારિણી છો! આજે ચાતુર્માસ અને ત્યારબાદના કાળમાં જે જે અતિચાર મને લાગ્યા છે તે ગુરુતમ પાપાશન કરી વિશુદ્ધતમ હૃદયે આળોવીને હું પાપરહિત થાઉં છું. હવે હું ગુરુજી પાસે જાઉં છું. હંમેશાં તમને ધર્મલાભ થાઓ."

મુનિના આ શબ્દો સાંભળી કોશા વેશ્યાની આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં અને મુનિને વંદણા કરી બોલી:–"અહો પ્રભુ! બ્રહ્મચારી એવા આપને પણ મેં પ્રતિબોધવાને અર્થે જે અશાતના કરી હોય તે માટે તમે ક્ષમા કરજો."

આ શબ્દો બોલે છે એટલામાં જ મુનિ સ્થુલભદ્રજી તથા અન્ય મુનિ ત્યાં ઉપસ્થિત થયા. તેમને જોતાં જ સિંહગુફાવાસી મુનિવરે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને કોશાએ અચાનક તેમને આવેલા જોઈ આશ્ચર્યમુગ્ધ બની વંદણા કરી. સ્થુલભદ્રજી કરતાં સિંહગુફાવાસી મુનિવર દીક્ષામાં મ્હોટા હોઈ સ્થુલભદ્રજીને પ્રણામ કરે એ અવિનય ગણાય એટલા માટે સ્થુલભદ્રજી અનુનયપૂર્વક સિંહગુફાવાસી મુનિવરને તેમ ન કરવા વિનવે છે. પરંતુ સ્થુલભદ્રજીના ઉત્કૃષ્ટ ગુણો પર વારી જતા હૃદયે એવા અનુનયને ન ગણકાર્યું ને એ દંડવત્ પ્રણામ કરતાં કરતાં સિંહગુફાવાસી મુનિવરે સ્થુલભદ્રજીની સ્તુતિ કરી.

"પર્વતની ભયંકર બિહામણી કોતરો કે સિંહ ગુફામાં કે માણસો વિનાના વનમાં વાસ કરીને તો હજારો મનુષ્યો ઇંદ્રિયો વશ રાખી શકે, પરંતુ અતિ મનોહર એવી હવેલીઓમાં ચિત્તહર ગાઢ સહચારી સ્ત્રીજનની સમીપે રહીને ઇંદ્રિયો ઉપર નિગ્રહ રાખનાર તો શકડાલ પુત્ર સ્થુલભદ્રજી

આપ એકજ છો—મારા આદર્શ છો—આરાધ્ય દેવ છો. અગ્નિમાં પ્રવેશ કર્યા છતાં જે દાઝયા નહિ, ખડ્ગના અગ્રભાગના ક્ષત છતાં પણ જે છેદાયા નહિ. કાળા સર્પના દર સમીપે રહ્યા છતાં દંશ પામ્યા નહિ અને કાજળની કોટડીમાં રહ્યા છતાં પણ જેને ડાઘ સરખોએ લાગ્યો નહિ. સદા રાગવતી અને કામને અનુસરનારી એવી વેશ્યાનો સંગ અને છ રસયુક્ત આહાર મળતાં છતાં અને વર્ષા ઋતુ—કામોત્પાદક કાળ છતાં—આ પ્રમાણે સઘળું વિરૂદ્ધ છતાં પણ કામદેવ ઉપર જીત મેળવનાર અને સંસારમાં રગરગ ડુબેલી એ વેશ્યાને પ્રબોધ પમાડવામાં કુશળ એવા મહાપુરુષ આપને મારા કોટિશઃ નમસ્કાર છે ! ”

અહો ! તે સમયનું વાતાવરણ ગંભીર વૈરાગ્યપૂર્ણ શાન્ત, સૌમ્ય અને દેવોને પણ દુર્લભ હતું. એક બીજાની ભૂલો માટે ક્ષમત ક્ષમાપના કરી કોશા વેશ્યાના મહેલને છોડી આચાર્ય સંભૂતિવિજયજી સમીપ આવી પહોંચ્યા. સિંહ ગુફાવાસી મુનિ દૂરથી જ દોટ મૂકી, આચાર્યશ્રીના ચરણમાં પડી ગયા અને પોતાની ભૂલની ક્ષમા માંગી. આચાર્યશ્રીએ બધા સંકટોના નાશ કરનાર સ્થુલભદ્રજીની પ્રશંસા કરી, જે કારણે મુનિ સ્થુલભદ્રજી યાવચ્ચંદ્ર દિવાકરૌ અમર થઈ ગયા.

मंगलं भगवान् वीरो : मंगलं गौतम : प्रभु : ।
मंगलं स्थुलिभद्राद्या जैन धर्मोऽस्तु मंगलम् ॥

